# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | પંચામૃત | પ્રિય સ્વજન, | ..... ૦૧ |
| ૨. | પાવાપુરી – સોળ પ્રહર દેશના | | ..... ૨–૧૫ |
| ૩. | 'નમો જિણાણં' ટોપીનો પ્રભાવ | | ..... ૨૨ |
| ૪. | આગામી કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા | | ..... ૨૩–૨૫ |
| ૫. | દિપા બહેનની નજરે | | ..... ૨૬–૨૭ |
| ૬. | જિજ્ઞાસા તમારી – જવાબ પ્રભુના | સમ્મેતશિખરથી ઉતરતાં ઉદ્‌ભવેલા સવાલોના જવાબ | ..... ૨૮–૩૦ |
| ૭. | અનુભવનું અત્તર | શ્રી પાવાપુરી યાત્રા<br>શ્રી સમ્મેતશિખરજી યાત્રા | ..... ૩૧–૩૫ |


## : આગામી કાર્યક્રમની રૂપરેખા :

1. **અરિહંત TV Channel પર પ. પૂ. ગુરૂદેવ શ્રી પંકજભાઈની વાણી :**
દરરોજ સવારે 8.30 કલાકે અને રાત્રે 11.30 કલાકે

2. **OPEN HOUSE YOUT FORUM (Age group 15 to 40 years) :**
**INAUGURATION DATE : 26th January, 2013 ● Time : 10.00 a.m. to 1.00 p.m. at Parle Centre**
દર મહિનાના પહેલા શનિવારે મુલુંડ સેન્ટર ● દર મહિનાના ચોથા શનિવારે પાર્લા સેન્ટર ● સમય : રાત્રે 8.30 થી 10.30 કલાકે
(વિશેષ માહિતી માટે જુઓ પાના નં. ૨૩)

3. **'નમસ્કાર મહામંત્ર યોગ' The Science of Divine Living - Part I (9 Sessions) :**

| **Centre** | **દાદર** | **ભીવંડી** |
|---|---|---|
| **તારીખ :** | તા. 6 જાન્યુઆરી 2013 થી શરૂ | તા. 13 જાન્યુઆરી 2013 થી શરૂ |
| **સમય :** | સવારે 9.30 થી 12.30 | બપોરે 3.30 થી 6.30 |

(વિશેષ માહિતી માટે જુઓ પાના નં. ૨૩)

4. **Celebration Satsang (ઉત્સવ સત્સંગ) :**
દર મહિનાના બીજા શનિવારે – પાર્લા સેન્ટર ● દર મહિનાના ત્રીજા શનિવારે – મુલુન્ડ સેન્ટર
સમય : સાંજે 6.30 થી 8.30 (વિશેષ માહિતી માટે જુઓ પાના નં. ૨૩)

5. **Open House Satsang (Time : 8.30 p.m. to 10.30 p.m.) :**
દર મહિનાના બીજા શનિવારે - પાર્લા સેન્ટર – મહાવીરની અંતિમ વાણી (શ્રી ઉત્તરાધ્યયન)
દર મહિનાના ત્રીજા શનિવારે – મુલુંડ સેન્ટર – ભગવદ્ ગીતા અને મારું જીવન. (વિશેષ માહિતી માટે જુઓ પાના નં. ૨૪)

6. **Commiteed Sevak Shibir (Only for commitied sevaka) :**
મુલુંડ સેન્ટર : દર મહિનાના પહેલા શનિવારે સાંજે 6.30 થી 8.30 કલાકે
પાર્લા સેન્ટર : દર મહિનાના ચોથા શનિવારે સાંજે 6.30 થી 8.30 કલાકે

7. **નવકાર મંત્ર દ્વારા જીવન જીવવાના 9 steps Part - II :**
મુલુંડ સેન્ટર : સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાકે
પાર્લા સેન્ટર : બપોરે ૩.૦૦ થી ૬.૩૦ કલાકે (વિશેષ માહિતી માટે જુઓ પાના નં. ૨૪)

8. **આનંદ ઉત્સવ Party :**
તા. ૨૧ એપ્રિલ, ૨૦૧૩ ના પાર્લા સેન્ટર. (વિશેષ માહિતી માટે જુઓ પાના નં. ૨૪)

9. **મહાવીર જન્મ કલ્યાણક તા. ૨૩ એપ્રિલ, ૨૦૧૩ :** (વિશેષ માહિતી માટે જુઓ પાના નં. ૨૪ અને પેમ્પલેટ)

10. **નિસર્ગ આનંદ Picnic (મહાબળેશ્વર) : તા. 25/26/27/28 April, 2013 :** (વિશેષ માહિતી માટે જુઓ પાના નં. ૨૪)

11. **Child-Parents Combined Practical Workshop :**
(Age group : 6 to 13 yrs. & 14 to 19 yrs.) (મે મહિનામાં, સ્થળ : પાર્લા સેન્ટર) (વિશેષ માહિતી માટે જુઓ પાના નં. ૨૪)

12. **Youth Forum with Parents Practical Workshop :**
Age group : 19 to 32 years તારીખ : મે–જૂન ૨૦૧૩ માં શરૂ થશે. (સ્થળ : પાર્લા સેન્ટર) (વિશેષ માહિતી માટે જુઓ પાના નં. ૨૫)

13. **IInd Innings Golden Period Practical Workshop :**
Age nearing to 50 years & above. મે/જૂન, ૨૦૧૩ માં શરૂ થશે. (સ્થળ : પાર્લા સેન્ટર) (વિશેષ માહિતી માટે જુઓ પાના નં. ૨૫)

14. **અખાત્રીજ (અક્ષય તૃતીયા) મહાસત્સંગ – તા. ૧૨ મે ૨૦૧૩ :**
મહાસત્સંગ : બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાકે, ગૌતમ પ્રસાદી : સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાકે, ભક્તિયોગ : સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦
પ.પૂ. ગુરૂદેવના નિવાસ સ્થાને (વિશેષ માહિતી માટે જુઓ પાના નં. ૨૫)

**પ્રિય સ્વજન,**

**''પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર દ્વારા આયોજિત સમ્મેતશિખર – પાવાપુરી આધ્યાત્મિક યાત્રા પ. પૂ. ગુરૂદેવ પંકજભાઈના સાનિધ્યમાં.''**

૨૦૧૧ એપ્રિલ મહિનામાં પ. પૂ. ગુરૂજી સાથે મહાબળેશ્વર નિસર્ગ આનંદ પિકનિક પર ગયા હતાં. તે વખતે ગુરૂજી સાથે ઓલ્ડ મહાબળેશ્વર મંદિરમાં શિવજીના દર્શન કરી ઓટલાં પર બેઠાં હતા. ત્યારે વાત થઈ કે, ગુરૂજી હવે next સમ્મેતશિખરજી મોટી જાત્રા પર જઈએ. ત્યારે ગુરૂજીનો જવાબ હતો – બે વર્ષ પછી. અને ખરેખર, જ્યારે ૨૦૧૨ એપ્રિલ મહિનામાં મહાબળેશ્વર નિસર્ગ આનંદ મનાવવા ગયાં ત્યારે ગુરૂજીએ જાહેરાત કરી કે, અહીં મહાબળેશ્વરમાં મહાદેવનું પ્રચંડ બળ મેળવ્યું ને હવે, **આ વર્ષે દિવાળી પાવાપુરીમાં મનાવીશું અને સમતાના શિખરેથી મહાવીર બનીને આવીશું.**

સાચે જ એવું બન્યું ને આમ, અહીંથી મહાવીર બનવાની શરૂઆત થઈ.

પ. પૂ. ગુરૂજીની કૃપાથી શ્રી આશિષભાઈ શાહ, ડિમ્પલબેન શાહ અને અન્ય સેવકોની ચાર ચાર મહિનાની અથાગ મહેનતનાં ફળ સ્વરૂપે સમ્મેતશિખર – પાવાપુરી મુક્તિ યાત્રાની શરૂઆત થઈ, તા. ૧૦-૧૧-૨૦૧૨ના શનિવારના શુભદિવસે બપોરના ૩.૫૦ વાગ્યાની કુર્લાથી રાંચી Express ટ્રેન દ્વારા.

પરમ આનંદ સત્સંગ પરિવાર પ. પૂ. ગુરૂજી સાથે ટ્રેનમાં આનંદ માણતા, સત્સંગ કરતા, પ્રતિકૂળતામાં પણ અનુકૂળતા કરતાં બાર તારીખે વહેલી સવારે પહોંચ્યા પાવાપુરી ધામે. જ્યાં સેવક કલ્પનાબેન સાવલા તથા નિતીનભાઈ બુરીચા હાજર હતાં, પરિવારને વધાવવાં. જેઓએ બે દિવસ આગળ જઈ સર્વ તૈયારી કરી હતી. નિતીનભાઈએ પાવાપુરી ધામમાં અલૌકિક દેવનગરી તૈયાર કરાવી હતી. અને કલ્પનાબેન સાવલાએ તો એવી સરસ અદ્ભૂત તૈયારી કરી હતી કે, સાક્ષાત્ મહાવીર પરમાત્મા હાજર થઈ ગયા.

તો, હવે ચાલિયે આપણે એ દેવનગરીમાં, જ્યાં પ. પૂ. ગુરૂજી દ્વારા મહાવીર ભગવાનની અંતિમ વાણી સતત અડતાલીસ કલાક દિવ્યવાણી અને વૈખરી વાણી સ્વરૂપે વહેવાની છે.

જે આપણે ગ્રહણ કરી, મહાવીર બનશું આ મુક્તિ યાત્રાના પ્રવાસમાં........



**આપનો પ્રિય મિત્ર,**
**નમો જિણાણં.**

## નમ્ર નિવેદન

**'નમો જિણાણં'** મેગેઝીનના આ અંકથી લવાજમ લેવામાં આવશે. જે શિબિરાર્થી / સત્સંગી ભાઈ–બહેનોને આ મેગેઝીન રેગ્યુલર મળે એવી ઇચ્છા હોય તો **૩ વર્ષના રૂ. ૩૦૦/–** સાથે આપના સેન્ટર સંચાલકને તમારું નામ, સરનામું તથા ફોન નંબર લખી આપવા વિનંતી. (Subscription Form to be filled & send with Amount).

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| મુલુંડ | : રીટા મારૂ | – | 98698 62373 | પાર્લા | : ડિંપલ દોશી | – | 98331 33266 |
| માટુંગા | : રતનશી દેઢીયા | – | 96640 11664 | કાંદિવલી | : અલ્પેશ શાહ | – | 98202 12816 |


**નમો જિણાણં**
The Science of Divine Living
(ત્રિમાસીક -પત્રિકા)

અંક : ૧૮, વર્ષ :૨૦૧૩
તા. : ૧૦, ફેબ્રુઆરી–૨૦૧૩
મુલ્ય: ૩૦.૦૦ રૂપિયા

મુદ્રક : **ગોગરી ઓફસેટ પ્રિંટર્સ**
૧૧, રાજ મહલ શોપિંગ સેંટર, અંધેરી કુર્લા રોડ,
તેલ્લી ગલ્લીની સામે, અંધેરી (પૂર્વ), મુંબઈ – ૬૯.
ફોન : ૨૬૮૩૦૦૫૭

માલિક અને પ્રકાશક :
**પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર**
૧૬/૫૨, વેલ્ફેર વિલા, ટી. વી. ચીદમ્બરન માર્ગ, સાયન (ઇ), મુંબઈ - ૨૨.

નમો જિણાણં
E : namojinanam@gmail.com
Website : www.namojinanam.org


શુભેચ્છક : .

## ઈ.સ. ૧૯૭૩

ગુજરાતના કપડવંજ શહેરના દેરાસરમાં પ.પૂ. આચાર્યશ્રી ભુવનભાનૂસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં કિશોરો અને યુવાનોની શિબીર ચાલી રહી છે. પ. પૂ. આચાર્ય પ્રભુજીની નવ અંગની પૂજાનું રહસ્ય, પ્રભુ સાથે વાત કરતાં કરતાં, પ્રભુના એક એક અંગની પૂજા ભાવપૂર્વક કઈ રીતે કરવી તે વિશે સમજણ આપી રહ્યા છે. પ. પૂ. ગુરૂજીની વાણીને એક પંદર વર્ષનો એક કિશોર એકધ્યાને ભાવપૂર્વક પોતાના હૃદયમાં ગ્રહણ કરી રહ્યો છે. ત્યારથી આ કિશોર પ્રભુજીના નવ અંગની પૂજા કરતાં કરતાં પ્રભુ સાથે વાત કરતો અને એવા ભાવ પ્રગટ કરતાં પ્રભુજી જોડે વાત કરતાં કહેતો,

હે પ્રભુ,

તમે મને એવો કઠં આપો કે, મારી અંદર, તમારા જેવી દિવ્ય વાણી હું બધાને આપી શકું અને એવો અવાજ આપો જેના દ્વારા તમારા ગીત ગાઈ શકું. દરરોજ એવો ભાવ કરતાં, હે પરમાત્મા, હે ઈશ્વર.... જે રીતે તે તારા જીવનના છેલ્લા સોળ પ્રહર એટલે કે અડતાલીસ કલાક સર્વ જીવોને દેશના આપી સવ્વ જીવનું કલ્યાણ કર્યું તેમ હું પણ એક દિવસ એવીજ સતત અડતાલીસ કલાકની દેશના મારા કંઠ દ્વારા સંગીતના માધ્યમથી પ્રભુ સ્તુતિ કરી આપી શકું. આવી ભાવધારા, આ સાધના સતત બાર વર્ષ સુધી આ કિશોરે કરી.

## સન ૨૦૧૨

બિહારના પાવાપુરી ધામે, પ્રભુ શ્રી મહાવીર સ્વામીની મહાપરિનિર્વાણ ભૂમિ પર રચાયેલ દિવ્ય દેવનગરીમાં સૌ શ્વેત વસ્ત્ર અને નમો જિણાણંના શરણમાં બિરાજમાન છે. એ કિશોર જેણે વર્ષો પહેલાં પ્રભુ મહાવીર સ્વામીની નિશ્રામાં સતત અડતાલીસ કલાકની દેશના આપી શકે એવા સતત બાર વર્ષ ભાવ કર્યા હતાં એ જ કિશોર લોકોને (અડતાલીસ કલાક) સોળ પ્રહરની દેશના આપી રહ્યો છે. તે કિશોર એટલે આપણા **પ. પૂ. ગુરૂદેવ શ્રી પંકજભાઈ શેઠ.** પ. પૂ. ગુરૂદેવની બાર વર્ષની સાધના અને વર્ષોની અંતરસાધના આજ **૧૨ નવેમ્બર ૨૦૧૨ ના કાળીચૌદસના દિવસે** સંગીતના માધ્યમથી તેમના કંઠ દ્વારા વાણીમાં રૂપાંતરિત થઈ તેમના મુખેથી વહી રહી છે. પ. પૂ. ગુરૂદેવની એ વહેતી વાણીને આપણે સૌ ગ્રહણ કરી રહ્યાં છીએ.

## સ્થળ : પાવાપુરી ધામ

## સમય : સવારના ૯.૩૦

પ.પૂ. ગુરૂદેવ પાવાપુરી ધામે રચાયેલ દેવનગરીમાં પ્રભુ શ્રી મહાવીર સ્વામીની નિશ્રામાં શ્વેત વસ્રમાં આસન પર બિરાજમાન છે. પ. પૂ. ગુરૂદેવની સોળ પ્રહર દેશનાની ભાવધારાની શરૂઆત થઈ. પ્રભુકૃપાથી જાણે સાક્ષાત મહાવીરની વાણી વહેતી હોય.

''હે મહાવીર ભગવાન,

આજે હું તારી આ પવિત્ર 'મહાપરિનિર્વાણ' ભૂમિ પર આવ્યો છું. આ પાવાપુરીની ધરા ઉપર આપ નિર્વાણ પામ્યાં છો. અનંત, અગાધ એવી પરમ કૃપા છોડીને આપે અહીંથી સિધ્ધગતિ તરફ પ્રયાણ કર્યું છે.

હે પરમ પિતા પરમેશ્વર,

આજે હું ૨૦૧૨ આસોવદ ચતુરદશીના નિમીતે આપની આ પાવનધરા ઉપર અહિં જે પવિત્રતાના પરમાણુ આપ છોડી ગયા છો, એ પરમાણુ ગ્રહણ કરવા આવ્યો છું. પરમાણુથી મુક્ત થઈ મુક્ત દશા પામવા આવ્યો છું.

હે પરમેશ્વર,

હું આપના જેવો બનું, આપના જેવી દશા પ્રગટ થાય, આપના જેવી સમાધિ પ્રગટ થાય એવી ભાવદશા, વિચારદશા, પ્રાણદશા, ચિત્તદશા ને શરીરદશા એ સર્વ દશાઓને જ્યોર્તિમય કરવા આવ્યો છું. આવી જ્યોતિ મારી અંદર શુદ્ધ સ્વરૂપે, આત્મ સ્વરૂપે પ્રગટ થાય એવા લક્ષથી હું અહિં આવ્યો છું. બસ, મારું લક્ષ અહિંથી આ જાગૃતિ લઈને જાય એવી અમ સૌ પર કૃપા કરજો... કૃપા કરજો... કૃપા કરજો...

**''જીવનના મહાસાગરમાં એવું આવ્યું પાપનું પૂર,**
**મહાવીર તારા મારગથી હું લાખો જોજન દૂર....**
**લાખો જોજન દૂર.....**

હે મહાવીર ભગવાન,

આજે હું તારી આ નિર્વાણ ભૂમિ પર મારી દાંસ્તાં બતાવવા આવ્યો છું. તારા અને મારા વચ્ચે જે દૂરી છે એ અંતરને જાણવું છે. અને એને તારી પરમાણુની કૃપાથી પામવું છે. બસ, એ પરમાણુઓની કૃપા લેવા આવ્યો છું. જતાં પહેલાં તે આ અડતાલીસ કલાકની તારી જે આ પરાવાણી છોડી છે એ 'પરાવાણી'ને સાક્ષાત ગ્રહણ કરવા આવ્યો છું. તારા જેવો વિતરાગી, નિર્મમ બનવા આવ્યો છું. બસ, એવી કૃપા કરજે કે, મારી આ અનંતની યાત્રા આ અડતાલીસ કલાકમાં સફળ થઈ જાય.

**''નિર્મળ ગંગા જેવી તારી પાવનકારી વાણી.... (૨)**

હે પરમાત્મા,

આ અડતાલીસ કલાક તારી જે નિર્મળ ગંગા જેવી વાણી આ ભરતક્ષેત્રની તારી આ નિર્વાણભૂમિ પર આજે પણ ગુંજાયમાન છે. બસ, એ ગ્રહણ કરવા, નિર્મળ બનવા આવ્યો છું.

**નિર્મળ ગંગા જેવી તારી પાવનકારી વાણી,**
**કાળા ધોળા કુળકપટથી કરી છે કાળી કમાણી....**

**શુભેચ્છક :** જ

**તુ કરૂણાસાગર ને અમે તો.....**
**કાળજાના નિષ્ઠુર રે..... નિર્મળ.....**

હે પ્રભુ,

કેટકેટલી કરૂણાને અંતર ભાવના, જતાં જતાં પણ નિશ્ચળ એવી વાણી સતત અડતાલીસ કલાક બાકી હતાં ને આપની પરાવાણીને વૈખરીવાણીની મુશળધાર વર્ષા આપ વરસાવતા રહ્યાં. બસ, એ વાણીનો સાર અને વાણીને મારા જીવનમાં પ્રગટ કરવા અહિંયા હું આવ્યો છું.

**તારા ને મારા વચ્ચે અંતર કેટલું દૂર.....(૨)**
**તોયે નિરંતર ભરીએ અમ તો પગલું ખોટું.....**

હે મહાવીર સ્વામી,

અમારી અંતરદશા તારી સામે ઉઘાડી પાડી છે. અમ સૌ પર એવી કૃપા કરો કે, આખડવું, બાખડવું, પડવું અને પાડવુંની રમતગમતમાંથી બહાર નીકળી તે બતાવેલ મંજિલને અમે પાર કરી શકીએ એવી પરમ કૃપા ‘પરમાણુઓની’ આપની ધરા ઉપર અમ સૌને મળે. આપની પરમ કૃપાથી અમે એ ઉદ્દેશ્યને પામી શકીએ એવી અમ સૌ પર કૃપા કરજો... કૃપા કરજો... કૃપા કરજો...

**‘પાવાપુરી’ આ ભૂમિનું મૂળ નામ છે ‘અપાપાપુરી’.** અપભ્રંશ થઈ પાવાપુરી પડયું છે. અપભ્રંશ એટલે original થી હટેલું નામ. જેને પાપથી મુક્ત થવું હોય એવી ભૂમિ પર જે જાય એ ભૂમિનું નામ છે ‘પાવાપુરી’. પાપથી મુક્ત એટલે કર્મના દોષથી મુક્ત થવું, એવી ભૂમિ એટલે પાવાપુરી.

**હે યે પાવન ભૂમિ, યહાઁ બાર બાર આના.....**
**મહાવીર નિર્વાણ ભૂમિ.... નિર્વાણ પાકે જાના.....**
**પ્રભુ કૃપા કરો, વીર કૃપા કરો.....**
**કૃપા.... કૃપા.... કૃપા.... કૃપા.....**

હે મહાવીર પ્રભુ,

हम सब कर्म परमाणु से मुक्त हो जाये, ऐसा बीज हम सब में प्रगट हो जाये, ऐसी कृपा करो ।

આપણાં પર કૃપા વહેલી શરૂ થઈ ગઈ છે. જેટલી કૃપા સ્વીકારીશું, એટલી કૃપા મળતી રહેશે.

કૃપા એટલે પરમાત્મા. પરમગુરૂ, સદ્દગુરૂ અને માતા-પિતા આ ત્રણ તત્ત્વ એવા છે જેમની કૃપા આપણે સ્વીકારવા તૈયાર હોઈએ તો આ ત્રણે તત્ત્વની કૃપા મળે જ છે. આ ભૂમિ પર આવી આપણે જેવી કૃપા સ્વીકારી, તેવી આ ત્રણે તત્ત્વની કૃપા મળવી શરૂ થઈ ગઈ.

આપણે અહિંયા એ સમયે આવ્યાં છીએ, જે સમયે મહાવીર સ્વામીનું નિર્વાણ થવાનું છે અને નિર્વાણ પહેલાં એમણે અડતાલીસ કલાકની દેશનાની વાણી સ્વરૂપે કૃપા કરી.

ભગવાનની વાણીને દેશના કહે છે. વિતરાગની વાણીમાં કોઈ પકડ ન હોય, જકડન ન હોય, ખાલી યથાતથ્ય situation પ્રગટ કરે, એટલે એ વાણીને ‘દેશના’ કહેવાય.

દેશના, ઉપદેશ, આદેશમાં શું ફરક છે ?

ઉપદેશમાં આગ્રહ હોય. આદેશમાં આ કરવું જ પડશે. દેશનાની અંદર બે ધારા હોય : (૧) વૈખરી ધારા (૨) પરાધારા.

પરાધાર ચોવીસ કલાક ચાલે, એને દિવ્ય ધ્વનિ કહેવાય. તીર્થંકરની વાણી દિવ્ય ધ્વનિ સ્વરૂપે હોય છે.

ભગવાનના અતિશયોને ‘આપાયપમ અતિશય’ કહેવાય. જ્યાં ભગવાન વસે તેની અમુક જોજન, માઈલ સુધી એમનો પ્રભાવનો અહેસાસ થાય.

અતિશય એટલે extreme. સામાન્યજનથી અતિ વિશેષ –

**‘‘અરિહંત અતિશય વંત તુજને ભાવે કરું હું વંદના.....’’**

દેશના એટલે એ ‘તથાગતિત’. જેમ છે એમ. સામેવાળાની દશા જોઈને વિચારપૂર્વક નથી નીકળતું પરંતુ હૃદયપૂર્વક નીકળે છે. એની અંદર કોઈ તૈયારી નથી હોતી, સહજતા હોય છે.

આજના આ અત્યારના પહેલા સત્રની અંદર આ ચેતવણી લઈને શરૂ કરશું, આપણે ભગવાનની વાણીનું શ્રવણ કે, અહિંયા આપણે દેશના સાંભળવા બેઠા છીએ. દેશનાની અંદર કોઈ પકડ ન હોય. સામેવાળાનાં હિતમાં જ નીકળતું હોય. અને એવી ધરા ઉપર આવ્યા છીએ જ્યાં એમની વાણી live છે અને જેવી રીતે ભગવાન છોડી ગયા છે એજ રીતે આપણે શ્રવણ કરીશું.

અહીં જે રીતે ભગવાનની વાણી દિવ્ય સ્વરૂપે વહેતી હતી, એ જ સ્વરૂપે અત્યારના પણ વહી રહી છે. એ ભગવાનની વાણીને મૌન ગુંજારવરૂપે સ્વીકારવાની છે.

આ નિર્વાણ ભૂમિ પર આવવાનો મુખ્ય ઉદ્દેશ શું છે ?

આ જે દિવ્ય ધ્વનિ પ્રભુએ, ૨૬૦૦ વર્ષ પહેલાં ધરતી ઉપર જે ખુલ્લી મુકી છે, ઈ ધ્વનિને પ્રાપ્તિ કરવા હું આવ્યો છું.

વાણીમાં ભાષા હોય છે. ધ્વનિમાં કોઈ ભાષા હોતી નથી. વૈખરી ભાષા આપણે capsual માં લેશું. એટલે કે ત્રણ ત્રણ કલાકની, પણ દિવ્ય ધ્વનિ ચોવીસે કલાક લેશું અને આ તો જ મળશે જો આપણે ‘‘મૌન ધારા’’માં હશું. ૨૪ કલાકનું ‘‘વિચાર મૌન’’. દિવ્ય ધ્વનિ માટે કોઈ ભાષાની જરૂર નથી, માત્ર હૃદયની જરૂર છે. જો દિવ્ય ધ્વનિ સાથે connection થઈ ગયું તો કામ થઈ જશે.

## Session : 2
## સમય : બપોરે ૨.૩૦

ગુરુજી : दुसरा अध्याय हम शुरू करने जा रहे है ।

કૃપા એટલે શું ?

कृपा इसे कहते है, हमारे जीवन और प्रवास में जो उत्कर्ष है, जो दिशा चाहिये, उस दिशा में सहायता मिले । और वो सहायता तत्त्व स्वरुप से मिले । इस सृष्टि में मनुष्य ही एक ऐसा प्राणी है, जो कृपा स्वीकार कर सकता है, अपनी choice से । जिसे मात्र कृपा, तत्त्व के पास मांगना आती है, वही सफल है । जब भी कृपा मांगता है, कृपा हाजर होती है ।

We are here to get krupa of Prabhu, nothing else.

We are in the state of Meditation. This is dynamic live meditation shown by Mahavir. Meditation is a state of

freedom. ''મુક્તિનો અનુભવ.''

ભગવાનની ભૂમિ પર મુક્ત થવા માટે આવ્યા તો લક્ષ નક્કી કર. ભગવાન કહે છે ''વિચારમૌન''. તો મારી દિવ્ય ધ્વનિ મળશે તને.

આપણી વચ્ચે અહિંની સંસ્થાનાં સંસ્થાપક શ્રીયુત બોથરાજી પધાર્યા છે.

'નમો જિણાણં જીઅ ભયાણં'... ભાવધૂન દ્વારા સ્વાગત અને તેમના હસ્તે દિપપ્રગટીકરણ થયું. આવા મહાનુભાવની કૃપાથી અડતાલીસ કલાકનો ઐતિહાસિક અનુષ્ઠાન થઈ રહ્યું છે.

**નમો જિણાણં જીઅ ભયાણં,**
**मैं ભી અભય, તુ ભી અભય,**
**સબ હો અભય.**

હે અરિહંત પરમાત્મા,

मैं ऐसी भूमि पर मनुष्यभव में आपकी भूमि पर, आपके दिव्य तरंग, हंमेशा के लिए ग्रहण करने आया हुँ । आपके दिव्य तरंगो का महिमा और प्रभाव मेरे अन्दर प्रगट हो जाये, जो आप छोड गये है । उस दिव्य भूमि पर, उसे मैं ग्रहण करने आया हुँ । जो आपके शरण में जाता है, उसे अवश्य आपकी कृपा मिलती है । ऐसी कृपा मुजे मिले आपके दिव्य तरंगो से, ताकि इस जीवन में और आनेवाले जीवन में मेरा रास्ता सहज हो जाये । बस, ऐसी कृपा करना... कृपा करना ।

**સ્તુતિ :**

**કેવો પ્રમત પુરુષાર્થ આદર્યો, પ્રભુ તમે,**
**સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા તમે,**
**અમ જીવો પર કરૂણા આણી.....**
**કૃપા કૃપા કૃપા પ્રભુ વીરની કૃપા**
**દિવ્ય ધ્વનિની કૃપા.....**
**પરાવાણી દિવ્ય ધ્વનિની કૃપા,**
**ભાગ્ય ખુલ્યા મારા,**
**ધન્ય બન્યું મારું જીવન,**
**સફળ બન્યું મારું જીવન.**

હે પ્રભુ,

आपकी कृपा से आपके दिव्य तरंगो को पा रहा हुँ । और अंतर में अवर्णनीय आनंद प्रगट हो रहा है । जो कभी भी आजतक मैने नही पाया था । ऐसा आनंद मुजे अंदर से आज प्रगट हो रहा है । तेरी हाजरी का यह evidence है । बस ऐसी कृपा हंमेशा हंमेशा तेरी मिलती रहे ।

**नमो जिणाणं... नमो जिणाणं...**

ऐसे हम प्रभु की कृपा बार बार स्वीकारते रहेंगे, ये संगीत के माध्यम से ।

जब हम उनकी धारा में बहेते है, तब तन, मन और अंदर का अस्तित्व नाचने लगता है और आनंदविभोर बन जाता है । पूरा रोमांच खड़ा हो जाता है । हुँआ की नहीं ऐसा ?

जो प्रभु की भूमि पर दिल से बैठता है. उसीका कल्याण होता है ।

भगवान कहते है, जो मैं वाणी बोलता हुँ, वो दिमागवालो के लिए है और जो मैं नही बोलता, वो दिलवालो के लिए है । मेरे दो शब्दों के बीच में जो मौन रहेता है, वो मौन वही पकड़ सकता है, जो खुद मौन में रहता है । और मेरे गहन रहस्य उस मौन में है ।

દિવ્ય ધ્વનિને પ્રાપ્ત કરવી હોય, એની કૃપા પ્રાપ્ત કરવા માટે સહેલામાં સહેલું......

હે પ્રભુ,

હું સાવ બુદ્ધુ છું. બુદ્ધુમાં પણ બુદ્ધુ. उल्लु का पट्ठा हुँ ।

जो इन्सान अपने आपको इस तरह प्रस्तुत कर शकता है, उसीका कल्याण सहज स्वरुप से हो जाता है ।

जब दिव्य ध्वनि हमारे अंदर आती है, तब दिल निर्मल होने लगता है। पवित्र होने लगता है । उसके बाद जब वैखरी शुरु होती है, तब जिस प्रकार वैखरी enter होनी है वैसे ही enter होती है । भगवान कहते है, मेरे परमाणु लेते जा और तेरे परमाणु छोड़ जा ।

जितना प्रभु के तरफ समर्पित हो जायेंगे और मौन हो जायेंगे तो, प्रभु की कृपा अंदर आयेगी । प्रभु की कृपा अब शुरु होती है । प्रभु ने सबसे पहले ये बताया कि यहाँ में जो आज दे रहा हुँ, ये कम से कम बयालीस हजार साल तक सब जीवो पर कृपा करेंगी, ऐसी मैं ''परावाणी'' देता हुँ । परावाणी में दिव्यता होती है, जो मौन स्वरुप में होती है । स्वर, सूर, ताल और लयवाली दिव्य ध्वनि होती है । और साथ में परावाणी होती है ।

भगवानने यह बताया कि. सबसे पहले जो भी तेरे जीवन में आते है उसका तु गुणग्राहक बन । जब तक तु गुणग्राह्य नहीं बनेगा, तब तक तुजे 'सद्गुरु' प्राप्त नहीं होंगे । और मेरा मार्ग उसके पास मिलेगा, ओर कहीं नही मिलेगा ।

''विनयश्रुत'' – पहले अध्ययन का नाम है विनयश्रुत । इसमें भगवान बताते है कि तु सबसे पहले गुणग्राही बन । विनीत स्वभावी बन । विनीत स्वभावी याने, दूसरे के गुण को स्वीकार करना और उसको प्रगट स्वरुप से उसको प्रगट करना । सद्गुरु की प्राप्ति कब हो शकती है ? जब तु सुकृत की अनुमोदना कर सकता है प्रगट स्वरुप से, तब ही तु लायक बन सकता है ।

ભગવાને બહુ ગહન, બહુ ઊંડી, deep વાત કરી કે, ભાઈ, તારા જીવનમાં પ્રગતિ કરવી હોય, અંતર, ઉલ્લાસ, ઉંમગ, ઉજાસ વધારવો હોય, પ્રસન્નતામાં રહેવું હોય તો, ''નમો જિણાણં'' નમન ગુણની અનુમોદના કર અને સામેવાળો શું બોલે છે એને સાંભળો. એને સમર્પણ આપી દો.

सद्गुण की अनुमोदना शुरु हो जाती है तो हमारे अंदर सद्गुण भर जाते है । और हम लायक बन जाते है, उसी क्षण सद्गुरु की प्राप्ति के लिये ।

पहले अध्ययन में भगवान ने विनीत और अविनीत शिष्य के लक्षण कैसे होते है यह बताया है ।

जिसके अंदर नमन, शरण, समर्पण की भावना है, वो विनीत है ।

जिसके अंदर नमन, शरण, सर्मपण की भावना ही नही है, सामान्य व्यक्ति तरफ भी ये गुण नही है, उसे सद्गुरु कैसे प्राप्त होंगे । उसे अविनीत शिष्य कहते है ।

વિનય ગુણ એટલે અનુમોદન કરવું. નમનભાવથી સ્વીકારવું, શરણ ગ્રહણ કરવું ને સમર્પણ કરવું.

हे अरिहंत परमतमा,

तेरे परिषर में हम आये है । बस हम हर घंटे इसी प्रकार आपकी अंतिम वाणी को ग्रहण करेंगे ।

नमो जिणाणं ।

## Session : 3
## સમય : સાંજે ૬.૩૦

**મહાવીરની અંતિમ વાણીનું ત્રીજુ ચરણ :**

ઉત્તરાધ્યયનની અંદર એક પડાવ આવે છે.

एक ऐसा पडाव आता है, जहां पर हमे अपने आप में संशोधन करना है, जिसका नाम है प्रतिक्रमण ।

महावीर ने बताया कि दोषो से मुक्त होने की प्रक्रिया का नाम है प्रतिक्रमण । पंचम युग में पाचमें आरे के अंदर इन्सान गलती करता है और उस गलती से वापस आने की विधी, प्रक्रिया का नाम है प्रतिक्रमण ।

**''હે દેવ, તારા દિલમાં વાત્સલ્યના ઝરણાભર્યા...'**
**હે નાથ, તારા નયનમાં કરૂણાતણા અમૃતભર્યા...**
**વિતરાગ તારી મીઠી મીઠી વાણીમાં જાદુભર્યા.....**

હે અરિહંત પરમાત્મા,

હે દવાધિદેવ,

તારા પરિસરમાં આવ્યો છું. નિર્વાણભૂમિ પર નિર્વાણ કલ્યાણકને પામવા આવ્યો છું. તારી આ ગગનભેદી, નિરાવલંબી, અસંઘી બનાવનારી આ વાણીને પામવા આવ્યો છું.

આ જન્મ અને મરણના ચક્રમાંથી મુક્ત થવું એ જ મારું લક્ષ છે. એવી જાતનું મહાપરિનિર્વાણ હે પ્રભુ, હું અહીં મેળવવા આવ્યો છું. મારા અસ્તિત્વનું સમર્પણ કરવા આવ્યો છું. વિધવિધ રૂપે તારી વાણીનું શ્રવણ કરું છું અને કરી રહ્યો છું. તારા જેવો પ્રેમનો સુર મારે પ્રગટ કરવો છે. નિરાવલંબન, નિરપેક્ષ, મુક્તિનો, આનંદનો, પરમ મુક્ત પરમાનંદનો પ્રેમ પ્રગટ કરવો છે. સર્વ જીવ સાથે હું પ્રેમ કરું. એ પ્રગટ કરવા મારી અંદર એ સામર્થ્ય પ્રગટાવવા આવ્યો છું. એ સામર્થ્યનો દિપક મારી અંદર પ્રગટાવજો.

નિરંજન, નિરાકુળ, નિર્ગુણ અવસ્થા પ્રગટ કરવા હું સફળ બનું એવી કૃપા કરજો... એવી કૃપા કરશો... એવી કૃપા કરશો...

મહાવીરની અંતિમવાણીની શ્રવણનું આ ત્રીજુ ચરણ છે. આપણે અહીં નિર્વાણભૂમિ પર શુધ્ધિકરણની પ્રક્રિયા બે દિવસ કરશું. અને એ પ્રક્રિયાનું નામ છે – પ્રતિક્રમણ.

પ્રતિક્રમણ એટલે અતિક્રમણમાંથી મુક્તિ. જગત સાથે બંધાવાના ત્રણ માધ્યમ મન, વચન, કાયાથી આપણે બીજાના field માં ઘૂસીએ છીએ. ભગવાન કહે છે, સૌથી પહેલો સ્વાધ્યાય એનો કર કે તું તારું જ હિત કરી શકીશ તો એમાં બધાનું હિત આવી જશે. આને જ જગત કહે છે.

હું જ મારી હિંસા કરું છું. એમ ભગવાન કહે છે અને આ હિંસાથી બચવાને જ અહિંસા કહે છે. આ જગતમાં હું કોઈનું બગાડી નથી શકતો કે સુધારી નથી શકતો.

ભગવાને સૂક્ષ્મ સ્વરૂપમાં હિંસા કોને કહેવાય તે જગતને બતાવ્યું છે.

જગતે બતાવ્યું બીજાને નહીં મારો. Live & let live, that is called 'અહિંસા'.

ભગવાને કીધું, हिंसा का root मैं स्वयं हुँ । हम यहाँ अपापानगरी में पाप से धुलने आये है । हम आज प्रक्रिया किसे कहते है, शुध्धिकरण क्या होता है, चित्तस्नान क्या होता है ? ये हम समज के आह हम अपने आपको पवित्र करने आये है ।

भगवान कहते है, हमारी भावधारा विचारधारा के अंदर ही हिंसा और अहिंसा है ।

આ યાત્રા પ્રવાસ, આપણે પ્રભુનું શરણ ગ્રહણ કરવા માટે નીકળ્યાં છીએ.

આ જે સત્તર દિવસની જીવનયાત્રા એટલે ભગવાને બતાવેલો માર્ગ જે ભગવાન સહજમાં કરતાં તે કરવાં અહિં આવ્યા છીએ.

ભગવાન 'મહાવીર' ક્યાંથી બન્યા? અપ્રમત દશાને કારણે. જાગૃતિનું સાતત્ય એમની અંદર હતું. એના કારણે એ વીર બન્યા.

અહિંસા એટલે પ્રેમ કરવો.

भूलने से मेरे प्राण की हानी है, यही हिंसा है ।

'નમો જિણાણં'નો મતલબ હું મારી સાથે પ્રેમ કરું છું. તેથી મારા પ્રાણની હાનિ થવાથી બચી જઈએ છીએ. 'નમો જિણાણં' કહેવાથી આપણી અંદર પ્રેમ પ્રગટ થાય છે.

આપણે અહિં સાક્ષાત મહાવીર ભગવાનની ભૂમિ પર આવ્યા છીએ. ભગવાને બતાવેલા પ્રતિક્રમણથી આપણી અંદર જઈને શુધ્ધિકરણ કરીશું ને નાની નાની ભુલોની સફાઈ કરીશું.

ભગવાન મહાવીર કોઈપણ વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિથી disturb ન થતાં. એટલા જ માટે તેમનું નામ 'વીર' અને 'મહાવીર' પડયું.

Process of પ્રતિક્રમણ એટલે શું ? પ્રતિક્રમણ કેવી રીતે કરવું ? એ સમજી આ પાવાપુરીની ભૂમિ પર વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિના ગમા, અણગમા દૂર કરીને આરતી માટે (આરતી એટલે કે પનોતી ઉતારવી) પાવાપુરીની આ દેવનગરીમાં ઈન્દ્રો, ઈન્દ્રાણીઓ, દેવ દેવીઓની પધરામણી થઈ છે. અને પૂ. ગુરૂદેવ શિરે મુગટ ધારણ કરી બિરાજમાન છે. અને શરૂ થઈ તેમના સુમધુર કંઠ દ્વારા મંગળદીવાની.....

**જય જય આરતી આદિ જિણંદા.....**
**નાભિ રહ્યાં મરૂદેવી કો નંદા.....**
**દીવો રે દીવો પ્રભુ મંગળ દીવો.....**

શુભેચ્છક : જ

**મંગલ મંગલ મંગલ....**
**આજ કે આનંદ કી.... જય**
**મહાવીર ભગવાન કી.... જય**
**સિમંધર ભગવાન કી.... જય**

## Session : 4
## સમય : રાતના ૧.૦૦

ચોથું સત્ર શરૂ થાય છે.

ગુરૂજી : **''અમી ભરેલી નજરું નાંખો......''**

હે અરિહંત પરમાત્મા,

અમારા પર એવી અમી દ્રષ્ટિ કરજો. ક્યાં ક્યાંથી રખડીને અમે અહીં આવ્યા છીએ ને ત્યારે આવો સમાગમ મળ્યો છે. આવો માહોલ મળ્યો છે. તારી આ નિર્વાણભૂમિની હાજરી અમ સૌ ઉપર મંગલમય બને, કલ્યાણક બને. અમ સૌના જીવન આનંદમય, ઉત્સવમય બને અને એમાં સૌ સફળ થાય એવી કૃપા અમ સૌ ઉપર કરજો.

નમો જિણાણં.

પહેલા અધ્યયનમાં લાયકાત પ્રગટ કરવાની વાત કરી. જો તારામાં નમન, શરણ, સમર્પણ આ ભાવ હશે તો લાયકાત પ્રગટ થશે. ને લાયકાત પ્રગટ થશે તો સદ્દગુરૂ અવશ્ય મળશે જ. સદ્દગુરૂની પ્રાપ્તિ થઈ ગયા બાદ સદ્દગુરૂનું જતન કરવું બહુ જરૂરી છે.

આજે આપણે વાત કરી રહ્યા છીએ વ્યક્તિ સ્વરૂપના સદ્દગુરૂની, તત્વ સ્વરૂપના નહિ. આવા સદ્દગુરૂ મળવા આ કાળમાં અતિ દુર્લભ છે. સદ્દગુરૂની ખાસિયત, સદ્દગુરૂ મળ્યાં એમ ક્યારે કહી શકાય ? જ્યારે મને ઓળખી શકે, મને સમજી શકે, મને મારી રીતે મારો માર્ગ બતાડી શકે, એવી પ્રાપ્તિ થવી, એને ''સદ્દગુરૂની પ્રાપ્તિ'' કહેવાય.

સદ્દગુરૂની પ્રાપ્તિ બાદ તારે એની સાથે કેવી રીતે વર્તવું જોઈએ ? શું શું કરવું જોઈએ ? આવા સદ્દગુરૂનું જતન કેવી રીતે કરવું ? એના માટે શું કરવું જોઈએ ? તો ભગવાન કહે છે, કે એની સાથે તારો વ્યવહાર એવો હોવો જોઈએ કે, સૌથી પહેલાં એને અનુકુળ બનવું. સદ્દગુરૂનું સામિપ્ય કેવી રીતે મળે એવી ઝંખના અને આકાંક્ષા કરીશ તો તને સદ્દગુરૂની પ્રાપ્તિ જરૂર થશે.

અગિયાર ગણધરો ભાઈઓ હતાં. એક બાજુ ભાઈઓ હતાં અને એક બાજુ ગણધર હતાં મહાવીરના. આ આખું દર્શન અને દૃશ્ય જગત માટે ખુલ્લો મૂક્યો કે, આ ગણધરો ખડે પગે ઊભા રહેતાં. મહાવીરનો એક અવાજ પડે કે ખાલી ખોખારો ખાય ને બધા હાજર. આદેશ આપો, અમને લાભ આપો, અમે શું કરીએ ? મહાવીર ભગવાન.

ભગવાન કહે છે, આવી વ્યક્તિ જો તને મળી જાય તો પકડી લે જે. એને છોડતો નહીં.

'વિનય કેવી રીતે કરવો ?' એ પણ ભગવાને બતાવ્યું છે.

ગુરૂ આવે ત્યારે તરત જ ઊભા થવું. પલાઠી વાળીને ન બેસવું. એક પગ ઊંચો કરી જેમ ચૈત્યવંદન કરીએ તેમ બેસવું.

વિનય અને અવિનય ઉપર બહુ વજન મૂક્યું છે ભગવાને. ભગવાન બતાવે છે કે વિનીત શિષ્યના દસ લક્ષણો કેવા હોય ?

૧. હંમેશા સદ્દગુરૂની પાસે હસતાં મુખે ઊભા રહે. હસતાં હસતાં પ્રશાંત ભાવે વાત કરે.

ગુરુના મગજની અંદર આવે, ને અહીંયા એનું કામ થઈ જાય એવું tunning હોય.

ગૌતમ સ્વામી ને મહાવીર ભગવાનનું tunning કેવું ?

મહાવીર ભગવાન વિચારે ને ગૌતમ સ્વામીને ખબર પડી જાય, મારા ગુરૂજીને આ જોઈએ છે.

૨. હમેંશા શાંત થઈને બેસવું આને વિનય કહેવાય.

૩ પ્રિય ભાષી બનવું.

કાંઈપણ કહેવું હોય તો એવી રીતે બોલવું કે ભાષામાં નકાર ન હોય.

૪. સમીપમાં બેસવું.

જોરથી કે દૂરથી બોલાય નહીં. જે કંઈ પણ વાત કરવી હોય, તે નજીકમાં જઈને, ધીમેથી, નીચા સાદે પૂજ્ય ભાવે બે હાથ જોડીને સ્મિતથી મૃદુભાષી બની વાતચીત કરવી.

૫. બહુ લાંબુ ચોળું બોલવું નહીં, સંક્ષિપ્તમાં બોલવું.

૬. જ્યારે પણ ગુરૂ પાસે શીખવા બેસીએ ત્યારે લક્ષ્ય કેવું રાખવું ? વાતો શું કરવી ? આ બધી શિષ્ટાચાર અને વ્યવહારની વાતો ભગવાને કરી.

૭. જ્યારે સદ્દગુરૂ મળે ત્યારે સાર્થક તત્વોની વાતો કરવી. જેનાથી તારા જીવનનો સાર નીકળે.

૮. એક થી બે ફુટ distance રાખી વાત કરવી.

૯. કિંતુ, પરંતુનો ઉપયોગ કરવો નહીં. ફાલતું વાતો કરવી નહીં. નિરર્થક વાતો કરવી નહીં.

૧૦. લક્ષ પ્રયોજનની વાતો કરવી. નિદાનની વાતો કરવી. Solution ની વાતો કરવી.

આને વિનય કહેવાય.

આ દસ લક્ષણોથી જે વ્યવહાર કરે તેને વિનીત શિષ્ય કહેવાય.

હવે, આપણાં જીવનમાં સદ્દગુરૂનો રોલ શું છે ? ગુરૂ ફટકાં મારશે, એને જ ગુરૂ કહેવાય. ફટકાં મારી ગુરૂ જ કલ્યાણ કરી શકે. અને તારી પ્રગતિ ફટાફટ થાય.

શિષ્ય શું શું કરશે ? કેવી જાતના શિષ્ય મળશે ? એમ ભગવાન ગુરૂને સમજાવે છે.

જ્યારે સદ્દગુરૂ કહેતાં હોય અને તને ગમે તેવો ક્રોધ આવે એ વખતે શાંત રહેજે. પછી ગુરૂની અનુકુળતા હોય ત્યારે તેમની પાસે જઈ discussion કરી વાત મૂકવી. ગુરૂ સમજાવે એનું એકાંતમાં ચિંતન કરવું, અધ્યયન કરવું.

વિનિત શિષ્ય ગુરૂના સંકેતથી જ પોતાની ભૂલો છોડી દે છે. ગુરૂને બોલવું પણ ન પડે. આંખના ઈશારાથી સમજી જાય. આ કરવા યોગ્ય નથી, એવી જાતનો વિનય કેળવવાની વાત શિષ્યને કરી છે.

અવિનિત શિષ્ય ગુરૂના વચનો સાંભળે નહીં, વગર વિચારે ગુરૂ સાથે બોલે. શાંત અને સારા સ્વભાવના ગુરૂને પણ ગુસ્સો અપાવે, એવી જાતનું વર્તન કરે, વ્યવહાર કરે.

શુભેચ્છક : જ

ગુરૂ બે પ્રકારના બતાવ્યા છે.

એક શાંત હોય, શીતલ હોય, બધું કામ શાંતિથી કરે.

બીજા જબરજસ્ત ગુસ્સાવાળા હોય, વાતવાતમાં ટોક્યા કરે.

ત્યારે શિષ્યને કહ્યું,

તે જેને ગુરૂ બનાવ્યા એ શાંત આવ્યા તો તારે નાટક કરવા નહીં.

ગુસ્સાવાળા આવ્યા તો ગુસ્સાને પી જવો. કારણકે ગુસ્સાને પી જતાં આવડશે તો તારો રસ્તો નીકળશે, નહીં તો તું ત્યાં જ અટકી જઈશ.

વિનીત શિષ્ય તરફ ગુરૂએ કેવી રીતે વર્તન કરવું જોઈએ એમ ભગવાન ગુરૂને બતાવતાં કહે છે, આવા શિષ્યને તારે કેવી રીતે સંભાળવાના ?

- વિનયી શિષ્યનું જતન કરવું અત્યંત આવશ્યક છે.
- સૂત્રનો અર્થ સમજાવે.
- સાધુએ અસત્યનો પરિહાર કરવો. નિશ્ચયાત્મ ભાષા ન બોલવી, સંસયવાળી ભાષાના દોષને ટાળીને બોલવું.
- કપટથી સદા દૂર રહેવું.
- એકલી સ્ત્રી હોય તો એની સાથે વાતચીત કરવી નહીં.
- સાધ્વીજી માટે પુરુષ હોય તો એકાંતમાં એમની સાથે સમય ગાળવો નહીં.

એમ ભગવાન મહાવીર બતાવે છે.

ત્યાર બાદ ગુરૂજીએ ચતુર્રંગીના અને અકામ મરણની વાત બતાવી. વિરામ લીધો.

નમો જિણાણં.

## દિવાળી

## Session : 5

### સમય : સવારના ૯.૩૦

**આ જગની માયા છોડી ને વૈભવને તરછોડી,**
**જોગી થઈને જાય મહાવીર....... (૨)**

૩૦ વર્ષની આયુમાં મહાવીર એકલા નીકળી પડે છે. એકલા આવ્યા ને એકલા જવાનું છે ને એકલા ચાલવાનું છે.

**તનડાના સગપણ તોડી, ને મમતાથી મનડું મોડી,**
**જોગી થઈને...... જાય મહાવીર જજોગી......**
**ઐસા મહાવીર બનું (૨)**

હે પરમાત્મા.....

આ તારું ગીત સાંભળી, પરાવાણી સાંભળી. તું મધુર મધુર રીતે સમજાવી રહ્યો છે. હવે હું બેભાનમાંથી ભાનમાં આવ્યો છું. તારા પરિસરમાં, આ વાતાવરણમાં આવી શીખ્યો છું.

હે પ્રભુ, મારા રોમેરોમમાં કંપારી છૂટે છે. આ તારી કેવી અદ્દભૂત કૃપા છે –

**મૈં તો મહાવીર બનુંગાં...**
**ઓમ મહાવીર ઓમ મહાવીર.... (૨)**
**રોમે રોમે મહાવીર**
**શ્વાસે શ્વાસે મહાવીર ભજીએ.**
**ઉઠતાં બેસતાં ખાતાં પીતાં**
**મહાવીરથી મન જોડીએ રે.... ઓમ....**
**મહાવીરના ગુણ ગાઓ રે....**
**વીર પ્રભુનું સ્મરણ કરીને, ભવસાગર તરી જવાને... (૨)**
**ૐ અર્હમ ઓમ મહાવીર.... (૨)**

પ્રભુકૃપા કરી.

મહાવીરના પરમાણુનો સ્વીકાર કર્યો ને પછી, હથેળી આકાશ તરફ ખુલ્લી રાખી **‘ૐ હ્રીં ૐ અર્હમ મહાવીરાય નમઃ’**, ના જાપ કર્યા

ગુરૂજી : આ ભૂમિ પર જે સાધના હસતાં રમતાં કરી, જે રસ અંદરથી આપોઆપ છૂટે તેને ‘ત્યાગ’ કહેવાય.

કોઈપણ પ્રકારના વ્રત, ઉપવાસ, બાર વ્રત, એકાસણા, બ્યાસણા વ્રત, કોઈપણ પ્રકારના વ્રત હોય, તેના કરતાં ત્યાગનું વ્રત કરવા જેવું કે નહીં ?

વ્રત એટલે શું ? નિર્ધાર.

વ્રત એટલે હાંસિલ કરવું અને છોડવું એ નહિં પણ મુક્ત થવું.

જે વ્રતમાં મુક્તિ પ્રગટ થવાની અવસ્થા છે તેને ‘મુક્તિ’ કહેવાય.

અહિંસા – મારી ચિત્તની અંદર રહેલી હિંસાને છોડવી તેને ‘અહિંસા’ કહેવાય.

વ્રતની અંદર એ રહસ્ય છે જેમાં આશક્તિથી છૂટવાની ભાવના હોય.

વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતીથી મુક્તિ અને એમાં રહેલા લગાવને છોડવાને **‘વ્રત’** કહેવાય.

પ્રત્યાખ્યાન – ક્ષુલ્લક નિર્ગ્રંથ – છઠ્ઠા અધ્યયનમાં કયું પરાક્રમ કરવાનું છે તે સમજાવ્યું છે.

નિયમ એટલે નિયમિત થવું. આ સૃષ્ટિના નિયમમાં આવવું, કુદરતના અનુસરણમાં આવવું.

ભોગ એટલે કોકવાર વાપરતા હોય.

ઉપભોગ એટલે રોજ વાપરતા હોય.

જે દિશામાં મુક્તિ સંભવ છે એનું નામ ઉત્તર મુક્તિના પરમલક્ષ માટે શું કરવું તે આ છઠ્ઠા અધ્યયનમાં સમજાવેલું છે.

હે પ્રભુ,

હું કોક એવી ભૂલ ન કરું કે તારા દર્શન, વાણી ને સાંભળી ન શકું. હર ઘડી પીડાઉ.

આવી યાત્રા કરવી હોય તો ‘નમો જિણાણંની ટોપી’ જે કેવળજ્ઞાનની ટોપી છે, ભગવાનના શરણની ટોપી છે તે પહેર.

ચૌવિહાર એટલે એના પ્રત્યેની જે આશક્તિ, લોભ, લાલચ હોય એમાંથી મુક્ત થવું.

લગાવ તોડવા માટે વ્રત, તપ, જપ, નિયમ છે. જે નિયમથી ક્લેષ વધે, એ વ્રત ન કરવા વધારે ઉત્તમ છે. એનાથી દોષ વધે છે.

પ્રત્યાખ્યાન, પચ્ચખાણની સમજણ, મહત્વ, Science, વ્રત, નિયમ આ પૂર્વતૈયારી છે નિર્ગ્રંથ બનવા માટેની.

વ્રત નિયમ નિર્ગ્રંથ અવસ્થા છે. છૂટવાની ભાવના માટે છે. અહિંસા – તારી અંદર જે પરેશાની થાય છે તેમાંથી મુક્ત થવું, ગાંઠ ન બાંધવી તે.

ઉતરાધ્યાન સૂત્રમાં ૬ ઠ્ઠુ અધ્યયન ક્ષુલ્લક નિર્ગ્રંથમાં ભગવાનના માર્ગ પર ચાલવાનું રહસ્ય, આચાર, વિચાર, life style કેમ બનાવવી, એના વિશે વાત કરી છે.

સારી સૃષ્ટિ divine છે.

**સહેજે સહેજે સહજાનંદ,**
**અંતરદષ્ટિ પરમાનંદ,**
**છૂટે જો આ વિષયાનંદ,**
**પામે સુખને પરમાનંદ.....**

વ્રત નિયમ આના માટે છે. સહજ આનંદ પ્રગટ કરવા માટે વ્રત નિયમની જરૂર છે.

ગુરૂ સાક્ષીએ વ્રત નિયમ લેવા ભગવાને કહ્યું છે, પોતાની મેળે નહીં.

**ઓમ મંગલમ્, ગુરૂ મંગલમ્....**

ગુરૂની અંદર વીરતા પણ હોય ને શાંતતા પણ હોય. જે બીજાને મુક્ત કરી શકે એને વીર કહેવાય.

**ક્ષમા વીરસ્ય ભૂષણં**
**સર્વ મગલ માંગલ્યં....**
નમો જિણાણં.

## Session : 6
## સમય : બપોરના ૨.૩૦

નમો જિણાણં.

દિપાવલી નિમીતે મહાવીરની અંતિમ વાણીનું આ છઠ્ઠું ચરણ છે.

આજથી છવ્વીસમો વરસ પહેલાં એક એવો તેજ સિતારો જેણે ધરતી પર જન્મ લીધો અને જેણે લાખો લોકોને 'મુક્ત' થવાનો માર્ગ બતાવ્યો. એવા શ્રી વીર પ્રભુને આપણે સમર્પણ કરવા જઈ રહ્યાં છીએ.

**ધરતી પર અંધકાર હતો ને**
**એ અંધકારમાં પ્રગટયો તેજ સિતારો,**
**એક વર્ધમાનનું નામ ધરીને પ્રગટયો તેજ સિતારો,**
**એક જન્મયો રાજદુલારો, દુનિયાનો તારણહારો.**

આ ધૂન ચાલુ હતી તે વખતે દિપીકાબેન, બીજલબેન, મીનાબેન મહાવીર પ્રભુજી સમીપે આનંદમાં ચામર નૃત્ય કરી રહ્યાં હતાં.

**ખમ્મા ખમ્મા મારા વીરને ખમ્મા,**
**ત્રિશિલાના જાયા ને ઘણી ખમ્મા....**
**ઝીણો ઝીણો ઉડે રે ગુલાલ**
**પ્રભુજી મારા દિલડામાં**
**અરિહંત... અરિહંત...**

હે મહાવીર સ્વામી,

આજે હું તનથી, મનથી ઉભરાવું છું. મારા આ અંગેઅંગની અંદર સંગીત અને નૃત્ય ચાલી રહ્યાં છે. હે પરમાત્મા, આવી તારી અજબ ગજબની ભૂમિનો આ પ્રતાપ છે. તારી આ ભૂમિનો જો આટલો પ્રભાવ છે તો તારી હાજરીનો કેવો હશે ? બસ, તારી હાજરીનું મને સાંનિધ્ય મળી જાય. અને હું એના રટણમાં લાગી જાઉં એવી કૃપા કરજે.....

હે પ્રભુ, તારી આ દિવ્ય ધ્વનિની ધારા જે ચાલી રહી છે એ મારી અંદર રોમાંચ પેદા કરી રહી છે. વિધવિધ પ્રકારના ગુંજન કરી રહી છે. બસ, મારા આ ગીત ગુંજન મરા પરમ લક્ષવાળા બની જાય એવી કૃપા કરજે, કૃપા કરજે.... હે પરમાત્મા, કૃપા કરજે....

હૃદય ખુલ્લુ મૂકીને અરિહંત પરમાત્માની આ ભૂમિ પર સતત વહેતી મૂશળધાર વર્ષા ગ્રહણ કરવાનું પરમ લક્ષ લઈને આવ્યો છું. આ પરમાણુઓને ભવોભવ લઈ અર્હંતપદ લેવા આવ્યો છું જેથી મને નિરાધારને આધાર મળે એવી કૃપા કરજે... કૃપા કરજે...

**જાપ : ૐ અર્હંતે મહાવીરાય નમઃ**

આ જાપ ગુરૂજીએ કરાવ્યા.

હવે, આપણે છઠ્ઠા અધ્યયનમાં આવ્યા છીએ. જ્યાં ભગવાને ક્ષુલ્લક નિર્ગ્રંથ બનવાની વાત કરી છે. ક્ષુલ્લક એટલે short-form. જ્યાં ભગવાને short માં બતાવ્યું છે કે માનવજીવનમાં શું કામ કરવું છે ?

હવે, આપણે સાતમાં ચરણમાં જઈ રહ્યાં છીએ.

સૌ પ્રથમ ભગવાને પ્રભુનું શરણ લઈ, નમો જિણાણંની ટોપી પહેરી અનુમોદન કરવા કહ્યું. અને એને વિના કારણ મિત્ર બનાવવા કહ્યું. અને ultimate લક્ષ ''મારે નથી થવું હેરાન'' નક્કી કરવા કહ્યું.

જ્યારે આ ત્રણ વસ્તુ નક્કી થાય છે ત્યારે આપણને સદ્દગુરૂ મળવાની લાયકાત પ્રગટ થાય છે.

ભગવાને બતાવ્યું, સદ્દગુરૂ સાથે કેવી રીતે વર્તન કરવું ? વિનીત શિષ્ય અને અવિનીત શિષ્ય કોને કહેવયા. ગુરૂને પણ કહ્યું કે, ગુરૂ કેવા હોવા જોઈએ ? તેનો શિષ્ય પ્રત્યે કેવો વ્યવહાર હોવો જોઈએ ? ભગવાને આ તેમની અંતિમ વાણીમાં બતાવ્યું છે. એનો મતલબ બહુ ઊંડો છે. જેમ માતા બાળકની પ્રકૃતિ જાણે એવી જ રીતે ભગવાન પણ પોતાના બાળકને નસનસથી જાણે છે અને શું કરવાનું, શું નહી કરવું તે બહુ જ clear બતાવ્યું છે.

ભગવાને કહ્યું, સદ્દગુરૂ પકડી લેજે. સદ્દગુરૂ દિલનો વ્યવહાર છે, ચરણનો નહીં. ભગવાને કહ્યું, એક કડક સ્વભાવના અને બીજા શાંત પ્રકારના એમ બે પ્રકારના ગુરૂ હોય છે. સદ્દગુરૂ શિષ્યને જન્મ નથી આપતો. શિષ્ય ગુરૂને જન્મ આપે છે. જેવો તમારો વ્યવહાર હશે એવા ગુરૂ તમને મળશે.

છઠ્ઠો અધ્યયનમાં ભગવાન સૌથી પહેલાં નિર્ગ્રંથ બનવાનું કહે છે.

નિર્ગ્રંથ એટલે મુક્ત. જેની અંદર કોઈપણ પ્રકારનું બંધન નથી. ને આ જ મુક્તિની અવસ્થા છે, કૈવલ્ય છે. ને આ પ્રગટ કરવા સૌ પ્રથમ વિવેકી બનવું જોઈએ, ત્યાર પછી 'નમો જિણાણં' કહી બધાનો મિત્રતાપૂર્વક સ્વીકાર કરવાનો છે.

નમો જિણાણં, I love you એકબીજાને કહો. ત્યાર બાદ, ભગવાન ચેતવણી આપે છે કે, તારું દુઃખ તારે જ ભોગવવાનું છે. પછી ભગવાને સંબંધ

શુભેચ્છક : જ

રાખવાનો છે પણ મમત્વ નથી રાખવાનું. મમત્વ એટલે મોહભાવ. જર, ઝવેરાત, જોરું બધાની સાથે સંબંધ રાખવાનો છે પણ મમત્વ મોહભાવ નથી રાખવાનો.

ભગવાન કહે છે, સર્વ પ્રાણીઓની બધી અવસ્થા પોતાના કર્મ પ્રમાણે જ થાય છે.

ધન, સંપતિ, લાલચ, લોલુપત્વ અને બીજા ઉપર આરોપ મૂકવાની આદત આ બધાથી છૂટીને નિર્ગ્રંથ બની શકાય છે. આ નિર્ણય આ ભૂમિ પર આવી સૌ દિલમાં લખી લો તો કલ્યાણ થશે. તો નિર્વાણ સંભવ છે.

આ અધ્યયન પૂરા ઉતરાધ્યયન સૂત્રનો સાર છે.

**સર્વ મંગલ માંગલ્યંમ્....**

**ઓમ નમો અરિહંતાણં.**

નમો જિણાણં.

## Session : 7

## સમય : સાંજના ૭.૦૦

નમો જિણાણં.

अरिहंत परमात्मा महावीर की वाणी की देशनाका यह आठवा चरण है, अंतिम चरण है । और इस चरण में परमात्मा महावीर अपनी अंतिम वाणीमें अंतिम message बयालीस हजार जीवो के लिए जो भी जीव आने वाले है उनके लिए देते है ।

भगवान महावीर जब से इस धरती पर पधारे तब से लेकर निर्वाण तक की कहानी क्या है ? वह हम उनके जीवनचरित्र को संक्षेपमें काव्य के स्वरुप में श्रवण करेंगे । छत्तीस घंटे से इस निर्वाणभूमि पर हमारा श्रवण चालु है । निर्भेद आनंद मिल रहा है । कहीं भी थकान नहीं है । अंतर का आनंद बढता ही जा रहा है । यही प्रभु की वास्तविक्ता है ।

**हे वीर.... महावीर**

**हम आए प्रभुजी तुम्हारी भूमि पर**

**हम आए प्रभुजी तुम्हारे द्वार पर**

**प्रभुजी करुं प्रणाम ।**

**हे वीर, महावीर........**

સળંગ દોઢ કલાક આ ભાવાધારામાં સૌ વહી રહ્યા ને પછી શરૂ થયા,

**ॐ अर्हते મહાવીરાય નમઃ**

**ॐ अर्हते મહાવીરાય નમઃ**

આ જાપ, ચાલુ હતા.

गुरुजी : दिव्य ध्वनि से महावीर भगवान के छोड़े गए परमाणु हमारे अंदर आ रहे है, पधार रहे है । हमारा शुध्धिकरण हो रहा है । इस जाप के द्वारा, इस निर्वाणभूमि के सारे परमाणु हमारे अंदर प्रवेश पा रही है ।

मनस रुपसे जाप चालु रखो ।

महावीर परमात्मा की कृपा से हमारा कल्याण हो रहा है । इस धारा को बहेती रखो ।

**ॐ अर्हते મહાવીરાય નમઃ**

હવે થોડીક જ ક્ષણો બાકી હતી મહાવીર નિર્વાણની. ભગવાનની વાણી બે પ્રકારે હોય છે.

દિવ્ય ધ્વનિ વાણી અને વૈખરી વાણી.

વૈખરી વાણી એટલે ભાષાની વાણી જ્યાં ભાષાનું જ્ઞાન જરૂરી છે.

મહાવીર પરમાત્માની વાણી જે સોળ પ્રહર ચાલી હતી એ વૈખરી ઓછી દિવ્ય ધ્વનિ વાણી હતી.

अब हम देढ़ घंटे से जो कर रहे थे वो क्या था ? दिव्य ध्वनि का श्रवण कर रहे थे । प्रभु की धारा में सब अपने आप जुम रहे थे । अपने आप शब्द निकल रहे थे । यही प्रभु की दिव्यता है ।

जब हम इस मंडप में आते हैं हमारे अंदर दिव्यता आनी शुरु हो जाती है । जैसे ही हम यहाँ आते है पूरी विचारधारा बदल जाती है । यही तो है कृपा अरिहंत परमात्माकी, क्योंकि जब हम यहां कल से स्थापित हुए है, तब से भगवान को हमने कहाँ है कि,

हे परमात्मा,

हम आपकी दिव्य ध्वनि स्वीकारने आये है । आपकी कृपा करो । तो अरिहंत परमात्मा औसे अतिशयवंत है ।

**''અરિહંત અતિશયવંત તુજને ભાવે કરું વંદના.....''**

પ્રભુની આ દિવ્ય ધ્વનિ અંદર જે જીવ જેવું ઈચ્છશે તેવું પામશે. કરોડો જીવો અહિં સહેલાઈથી બેસી શકશે.

ધ્વનિનો ચમત્કાર એ છે કે જ્યાં ભાષા અટકે છે ત્યાં બે શબ્દો વચ્ચે મૌન હોય છે. તે દિવ્યવાણી નીકળે છે. ભગવાનની વાણી મૌનમાં રહેલી છે.

जो जीव सूक्ष्मदिव्यता ग्रहण कर लेता है उसका मंगल होना ही है ।

प्रभुने उत्तराध्ययन सूत्रमें क्षुल्लक निर्ग्रंथ अध्ययन में निर्ग्रंथ बनने की formula दी है । यह पूरे उत्तराध्ययन का हार्द है ।

यह tip जो भगवानने बताई है वो है,

૧) તુ જ તારા દુઃખનું કારણ છે, આ ચિંતન કરતો જાય, જોગી થઈને જાય......

૨) સૌથી પ્રેમ કરે, સૌથી મૈત્રી કરે, કારણ વિના કરે, જોગી થઈને જાય......

૩) તારું દુઃખ તારે જ ભોગવવાનું આ ચિંતન કરતો જાય, જોગી થઈને જાય......

૪) સંબંધોમાં ન ફસાય, સંબધોમાં વિવેક રહે, જોગી થઈને જાય......

૫) જર, જોરુ ને ઝવેરાતમાં કોઈ દી ન ખોવાય, જોગી થઈને જાય......

૬) તારા જીવનમાં જે થાય, તારા જ કારણે થાય, આવું ચિંતન થાય એને જોગી કહેવાય.

૭) ભેગું કરીને ભોગ કર્યા તો તુ જ રોગી થાય,
તારો રોગ તુ જ પ્રગટાવે,
એવું ચિંતન થાય.... જોગી થઈને જાય......

૮) જીવનમાં પચ્ચખાણ થાય.

શુભેચ્છક : જ

૯) નિર્ગ્રંથનાં પચ્ચખાણ થાય.

૧૦) મુક્તિના પચ્ચખાણ થાય એને જોગી કહેવાય, એને જોગી કહેવાય.

૧૧) શાસ્ત્ર વિલાસો છોડી, મહાવીર વિલાસો છોડી જીવનમાં પ્રગટાય, એને જોગીડો કહેવાય......

આવા નિયમમાં પ્રગટાય એને જોગીડો કહેવાય.....

આવું ચિંતન કરતાં કરતાં એ ક્ષણ આવી પહોંચી, ભગવાન મહાવીરની નિર્વાણની. અને એ ક્ષણે સૌ મહાવીર બની ગયા. સૌ આનંદની આ ક્ષણોનાં સૌ જોગીડાં બની ગયા. પ. પૂ. ગુરૂજીના મુખેથી સતત દિવ્ય ધ્વનિની ભાવધારા વહી રહી હતી. શું થઈ રહ્યું હતું તે ખબર જ ન હતી. સૌ નાચી, ગાઈ, નૂતન વર્ષની ક્ષણો celebrate કરી રહ્યા હતાં. આ હતી દિવાળીની ચરમસીમા.

**ઘેર ઘેર દિવડા પ્રગટાવો,**
**જીવે જીવે દિવડા પ્રગટાવો.**

પ. પૂ. ગુરૂજી અને સૌ સત્સંગી, સેવકો, મહેમાનો આનંદથી ઝુમી રહ્યાં હતા. આવી દિવાળી કોઈએ પણ મનાવી નથી.

**દ્રશ્ય બીજુ :**

વીણાબેન વોરા અને હેમલતાબેન દેઢીયા (૧) જય ત્રિશલા નંદન... જય ત્રિશલા નંદન... ગરબો ગાઈ રહ્યા હતા. ને તેમના તાલે કલ્પનાબેન સાવલા, હર્ષાબેન કંપાણી, મીનાબેન શાહ, હેમલતાબેન શાહ, નીધીબેન હરીયા, પલ્લવીબેન દેઢીયા, વીમલાબેન શાહ, જેમીનીબેન ઝવેરી ખંજરી વગાડી ખંજરીના તાલે ગરબે ઝુમી રહ્યા હતા.ચંદનબાલા અને ચંડકોષી આ નાટક ભજવવામાં આવ્યું. જેમાં શેઠ – પ્રવીણાબેન, શેઠાણી – હર્ષાબેન કંપાણી, ચંદનબાલા – ચેતનાબેન હરિયા, મહાવીર – આશિષભાઈ શાહ, ગૌતમસ્વામી – રતનશીભાઈ દેઢીયા વગેરે પાત્રોએ ભાગ ભજવ્યો. ભાવનાબેન કંપાણી, શ્રુતિબેન, હેમલતાબેને સ્તવન રજુ કર્યા.

કલ્પનાબેન અને બીજલબેને દીવડા નૃત્ય કર્યું.

આમ આવી મનાવી અવર્ણનીય દિવાળી અમ સૌએ.

## Session : 8
## સમય : રાતના ૨.૧૫

**અમાસની અંધારી રાતે મહાન જ્યોતિ બુઝાઈ**
**ધરતી પર અંધકાર છવાઈ ગયો.**
**માનવ ગયો મુંઝાઈ, ... એનુ નામ દિવાળી**
**ત્યાં તો ગાજ્યા દેવ દુંદુભિ**
**દિવ્ય વાણી સંભળાઈ,**
**આનંદો હે પૃથ્વીલોક,**
**વીરે મુક્તિ પાઈ...**

**ગુરૂજી :** અમાસની અંધારી રાત છે. મહાવીર સ્વામીની વાણી ચાલી રહી છે. સૌ લોક આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આખું સમોવસરણ ખચોખચ ભરાઈ ગયું છે. ગામેગામથી માનવ મહેરામણ આવ્યું છે. પરિનિર્વાણના દર્શન કરવાં આવ્યું છે. વીર સ્વરૂપે ૭૨ વર્ષ જેણે જગને અજવાળ્યું હતું. ઉજવાળ્યું હતું એવી મહાન હસ્તી, એ મહાવીર સ્વામીનાં છેલ્લા શ્વાસ ચાલી રહ્યાં છે, એક બાજુ ને બીજુ બાજુ સરવાણી ચાલી રહી છે. અદ્દભૂત દ્રશ્ય છે. ચર્તુવિધ સંઘ જોઈ રહ્યો છે કે, હવે શું થશે ? દેવ–દેવીઓ સ્તબ્ધ થઈ ગયા છે કારણકે ન સહાય એવી વિરહની પળ નજીક આવી રહી છે. પાછી આવી છેલ્લી પળો ફરી ક્યારે આવશે એની ખબર નથી ?

**''અમાસની અંધારી રાતે મહાન જ્યોતિ બુઝાઈ,**
**ધરતી પર અંધકાર છવાઈ ગયો........''**

સોળ સોળ પ્રહરની દેશના, સતત સાતત્ય ચાલુ હતું. જેવી રીતે અહિંયા આપણેએ શ્રવણ કર્યું. એના વિધવિધ રૂપે, એનો આનંદ માણ્યો. બસ, આપણી પણ આ છેલ્લી પળો છે. આ પાવાપુરીમાં આનંદ માણવાની, એ સરવાણીની છેલ્લી પળો છે. પાછી આવી પળ ફરી ક્યારે આવશે, કોને ખબર ?

હે પરમાત્મા,

આ તારી નિર્વાણ ભૂમિ પર આવ્યો છું. આ તારું જે દર્શન, જે સાંભળ્યું હતું, એવું દ્રશ્ય હું ઊભુ કરવાની કોશિષ કરું છું.

હે પરમાત્મા,

એ નજારો શું હશે ? તું આવ્યો ત્યારે પણ નજારો હતો ને જાય છે ત્યારે પણ નજારો છે. ''તારે તો આસપાસ હંમેશા દેવદેવીઓનું સમરાંગણ ઝુલતું રહે છે. નૃત્ય કરતું, ચામરો ઢાળતું, પવનો વીંઝતું, પુષ્પવૃષ્ટિ કરતું, દેવદુંદુભિ વગાડતું, શરણાઈ વગાડતું, વીણા વગાડતું.''

આજ નગરી 'અપાપાપુરી' નગરીની અંદર આજ દ્રશ્ય ઊભુ હતું. પ્રભુ નિજ ધ્યાનમાં લીન બની ગયા હતાં. છેલ્લી પળો વૈખરી વાણીની ચાલી રહી હતી. પ્રભુ આંખ ઢાળી નિમગ્ન બની ગયા હતાં. શાંત સ્વભાવે, શાંત મુદ્રાએ નિજ ધ્યાનમાં મસ્ત બની ચૂક્યા હતાં. આ એજ રાત હતી, આ જ સમય હતો અને આ જ મસ્તી હતી. હવા અને વાયુમાં લહેરખી હતી. મંદ મંદ પવનમાં સૌને ઉત્કંઠા હતી કે, હવે પ્રભુ શું કરશે ? એવું તે પ્રભુ શું વિશેષ કરવાના છે ? તે સૌ લોક, દેવલોકથી દેવ–દેવીઓ આ દ્રશ્ય જોવા આવી ચૂક્યાં છે. હે મારા પ્રભુ, પરમાતમ્, આ અંતિમ ઘડીમાં એવું શું કરવાનાં છે ?

પ્રભુ નિજ ધ્યાનમાં લીન બની ગયા હતાં. સયોગી દશામાંથી અયોગી દશા પ્રગટ થવાની હતી. અને એ તીર્થંકર જ જાણે છે, એને અંદર શું કરવાનું છે ? આ ઘટનાની તૈયારી ચાલુ થઈ ચૂકી હતી. પ્રભુની અંદર શુકલ ધ્યાનની લેશ્યા લાગી ચૂકી હતી. આવી લેશ્યા અમુક પળ જ હોય છે.

આ સૃષ્ટિની અંદર તીર્થંકર જ એવા હોય છે જે પોતાની ધારણાં પ્રમાણે દેહ છોડે છે. એ દેહ છોડવાની પ્રક્રિયા માત્ર ત્રણ સમયની હોય છે. One, two અને three એમ બોલતાં પળવાર લાગે, એટલા સમયમાં ભગવાન તીરની જેમ સિધ્ધગતિ પ્રાપ્ત કરે છે.

પોતાના આ દ્રવ્ય શરીરની અંદર જેટલી space છે, ખાલી જગ્યાઓ છે એને સંકોરીને પ્રભુ એક ગાઢ શરીર બનાવે છે. સૂક્ષ્મ શરીર અને ત્યારબાદ એની અંદરમાં રહેલા સર્વ પરમાણુનો ''સમુત્ઘાત'' કરે છે. અને ચૌદે રાજલોકમાં સર્વ પરમાણુને message રૂપે મોકલે છે. સૌથી વધારે પરમાણુ આ ધરતી ઉપર અહીં પાવાપુરીમાં મૌજુદ છે. આ શાંત પ્રક્રિયા ચાલી રહેતી હોય

છે.

આજે આપણે અહિં જે અડતાલીસ કલાકથી એમની કૃપા માણી રહ્યા છે, તે માત્ર એમની 'સમુત્ઘાત' પરમ પરમાણુઓની કૃપા માણી રહ્યા છીએ. એમના જ અણુપરમાણુને માણી રહ્યા છીએ. એમની ભાવના, એમના સંગીત, કૈવલ્યપદને માણી રહ્યા છીએ. અને દિલમાં એવું લાગે છે, બસ, આ ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે.

**''પાવાપુરીમાં પ્રભુએ જ્યારે,**
**છેલ્લી આંખડી ઢાળી**
**દેવદુંદુભિ થયા ગગનમાં**
**તારક દીપ પ્રજાળી,**
**એનું નામ દિવાળી......**

આસો માસને અંતે ભગવંતે કર્યું પ્રયાણ. નાશવંત આ દેહ ત્યજીને પ્રભુ પામ્યા પદ નિર્વાણ. ભગવાન જ્યારે અહિંથી ઉપર જાય છે ત્યારે પણ એમની શક્તિનો પૂંજ દેખાડતો જાય છે અને ફટાક કરીને ત્યાં મોટો ખાડો થઈ જાય છે. આજે ત્યાં પદ્મ સરોવર બની ગયું છે. પદ્મ એટલે કમળ. કમળ જેમ કાદવમાં રહીને અલિપ્ત રહે છે તેમ આપણે પણ આ જગમાં અલિપ્ત રહેવાનું છે.

**''ધરતી પરનો સૂર્ય થમ્યો,**
**દિશા થઈ અંધારી,**
**એનું નામ દિવાળી.....''**

આવો કાળીપો લોકોથી સહન ન થતો હતો કે હવે અમને રસ્તો કોણ બતાવશે ? ક્યાં ગયો આ ઝગારો. એમની સરવાણી અમૃત સમાન હતી. હવે અમૃત અમે ક્યાં ગોતશું ? આ અમાસની રાતે અમારો દિપક બુઝાઈ ગયો. ત્યારે સર્વ સંઘ નક્કી કરે છે, કે હવે આપણી મુખ્ય જ્યોત બુઝાઈ ચુકી છે, એ તો થવાનું જ હતું. પણ એના સંસ્મરણો માટે આપણે ઘર ઘર દીવડા પ્રગટાવીએ.

**''ઘર ઘર દીવડા પ્રગટાવો, એનું નામ દિવાળી.''**

આ બાજુ ભગવાને પ્રયાણ કર્યું, એની થોડી ક્ષણો પહેલાં તેમના પ્રથમ ગણધર ગૌતમ સ્વામીને આદેશ આપ્યો કે, દેવશર્માની અંતિમ ક્ષણો ચાલી રહી છે. તેને પ્રતિબોધ આપવા જાવ. ને એમ કહીને ગૌતમ સ્વામીને વિદાય કરે છે.

40 વર્ષની આયુથી લઈને 72 વર્ષની આયુ સુધી, બત્રીસ વર્ષનો સંગાથ. બત્રીસ વર્ષનો ગુરૂ-શિષ્યનો સંગાથ, યારનો સંગાથ. એક યારને, બીજો યાર જવાનું દુઃખ ન થાય એટલા માટે પ્રભુ ગૌતમને દૂર મોકલી દે છે. જાવ તમને દેવશર્મા બોલાવે છે. તેમની અંતિમ ક્ષણો ચાલી રહી છે. તેમને પ્રતિબોધવા જાવ.

**અંતિમ ઘડીએ ગુરૂ ગૌતમને દૂર કર્યા ભગવાને....**

આ યારીમાં મોહાંધ થઈ ચૂક્યા હતા. ગૌતમ – મહાવીર તો વીતરાગી હતાં. આ ઘેલો ગૌતમ, મારા વીર, મારા વીર કહેતો બત્રીસ બત્રીસ વર્ષથી ઘૂમતો હતો. ચારે બાજુ જ્યાં જાય ત્યાં કહે કે, ભાઈ, હું કાંઈ નથી. આ મારી અંદર તમને જે દર્શન થાય છે, એ મારા ગુરૂનો પ્રતાપ છે. આવો મારા ગુરૂના દર્શન કરો. આવું બત્રીસ બત્રીસ વર્ષ જગતને કહેનારો માણસ ગૌતમને, વિતરાગી પોતાનાથી દૂર મોકલી દે છે.

**અંતિમ ઘડીએ ગુરૂ ગૌતમને**
**દૂર કર્યા ભગવાને,**
**મોહરૂપી અંધકાર ગયો ને**
**ઝળક્યા કેવળજ્ઞાને..... એનું નામ દિવાળી.....**

આ મહાન જ્યોતને આ ધરતી પરથી નીકળી ચૂક્યાને ૨૬૦૦ વર્ષ થઈ ચૂક્યાં છે અને છતાં એવા જ ઝગમગતા સિતારાની જેમ અહિં ઝગમગી રહ્યાં છે દિવ્ય ધ્વનિ રૂપે.

જે જીવ આવી પાત્રતા લઈને આ ભૂમિ પર આવે છે, એ પવિત્ર પરમાણુને ગ્રહણ કરવા, એને આજે પણ એવી જ કૃપા વરસાવે છે પ્રભુ. જેવી એમની સાક્ષાત હાજરીમાં વરસાવતાં હતા. આપણે એવા વાતાવરણમાં બેઠા છીએ. આ જ રાત હતી, આવું જ કાળાપણું હતું, આ જ દિવસ હતો. ૨૬૦૦ વર્ષ પહેલાનો એ દિવસ, આજે અહિં એ જ્યોત સમાન ઝળકી રહ્યાં છે. બસ, હે પરમાત્મા,

આપની અસીમ કૃપા અમ સૌને વરદાન થઈ મળે. અમારા ભાગ્ય છે કે, આ સ્ટેશન પર આવીને તમારી ઓળખાણ થઈ. ને તમારી સાથે પ્રેમ થયો. ને એ પ્રેમમાં પાગલ બનીને, અમે સૌ બાળુડા તમારી સાતે અંધારામાં પ્રેમ કરવા આવી ગયા. અમારું અંદરનું અંધારુ, કાળીયો દુર કરવા આવ્યા છીએ. બસ એ કાળાપણામાંથી મારે દીપ પ્રગટાવવો છે. જે તમે ઝગમગતો આ ધરતી ઉપર પાવાપુરી ધામે મુકી ગયા છો. હે પરમાત્મા, હું વારેવારે અહિં આવું અને મારા અંતરના દિવડા પ્રગટાવું એવી કૃપા કરો, એવી કૃપા કરો..., એવી કૃપા કરો.... હે પરમાત્મા,

મારા અંતરની દિવાળી, મારા ઘરની, પરિવારની દિવાળી, બસ હે પરમાત્મા, અમારા સૌની અંદર આપના જેવી ઝગમગતી જ્યોત જે અનંત અનંત કાળ સુધી પ્રગટે. જ્ઞાન ની જ્યોત, કૈવલ્યની જ્યોત, નિર્વાણની જ્યોત પ્રગટે, એવી કૃપા કરો... કૃપા કરો...

**ૐ અર્હમ મહાવીર મહાવીર**
**ૐ અર્હમ મહાવીર મહાવીર.....**
**ઓમ પારંગતાય નમ:**
**ઓમ અર્હમ મહાવીર મહાવીર**
**ઓમ પારંગતાય નમ:**

આ બાજુ મહાવીર નિર્વાણ પામે છે. બીજુ બાજુ ગૌતમ, ચાર જ્ઞાનનો ધણી જેને પણ ખબર હતી પોતાના ગુરૂ પર લેશમાત્ર પણ શંકા કરતો નથી, એવો આ ગૌતમ જાણતો હતો કે, ટૂંક સમયમાં મહાવીર વિદાય લેવાના છે. છતાં વિશ્વાસ હતો કે, મારા ગુરૂ મને દગો નહી આપે. એ પોતાના જ્ઞાનનો ઉપયોગ નથી કરતો ને ચાલી નીકળે છે. આવો હતો ગૌતમ. આજે પણ જે ગૌતમનું નામ સ્મરે છે તેનામાં આવી અજબગજબની લાયકાત પ્રગટ થઈ જાય છે.

ગૌતમ બાળકની જેમ પ્રભુની આજ્ઞાથી દેવશર્માને પ્રતિબોધવા દોડતો દોડતો જાય છે. જ્યારે દેવશર્માનું અરિહંત શરણ થાય છે ને દોડતો દોડતો ગૌતમ પાછો આવી રહ્યો છે. ત્યારે રસ્તામાં દેવ-દેવીઓના ઝુંડના ઝુંડ

પ્રભુના સમવસરણ તરફ જઈ રહ્યા છે. લોકો પણ ચારેબાજુથી જઈ રહ્યા છે. કોઈક કંઈક બોલી રહ્યુ છે. શું થઈ રહ્યુ છે ? એ કોઈને ખબર નથી. ચારસો ચારસો ગામો ખાલી થઈ રહ્યાં છે. વીરના દર્શન કરવા પુરુષો, બાળકો ઘર છોડી નીકળી પડયા છે. લોકોને ભાન નથી. આવું વર્ણન શાસ્ત્રમાં છે. સ્ત્રીઓ ચાંદલો કપાળે કરવાને બદલે બીજે ક્યાંક કરે છે. વાળ ઓળવાની કાંણીને બદલે બીજું કાંઈક લઈ લે છે. આવું ભાન ભુલી જાય છે. વીર દર્શન કરવા માટે જવું છે. બધા ધોડી રહ્યા છે ગાંડાની જેમ.

હવે, ગૌતમ દોડતા પાછા આવી રહ્યાં છે. હું તો પહોંચી જઈશ. ભલે મને છેલ્લી ઘડીએ કામ સોંપ્યું. પણ એ કામ હું જ કરી શકીશ એટલે મને મોકલ્યો છે. એ શ્રધ્ધાથી, એ વિશ્વાસથી ગૌતમ જઈને પાછા વળી રહ્યા છે. અને આ બધી દોડધામ જોઈ, લોકોને પૂછે છે શું છે આ બધું ? તમે ક્યાં જાવ છો ? ને જ્યારે ગૌતમને લોકોએ કહ્યું, ''વીર નિર્વાણ પામ્યા છે.'' અમે તેમના દર્શન કરવા જઈએ છીએ. ત્યારે ગૌતમ કહે છે, એ થાય નહીં. મને કીધા વગર વીર જાય જ નહી. વીર આવો વિશ્વાસઘાત ન કરે. એકને પૂછે છે, બીજાને પૂછે છે, ત્રીજાને પૂછે છે. સર્વના જવાબ એક સરખા આવે છે. ગૌતમને વિચાર આવે છે ખરેખર, વીરે મને દગો દીધો ? મને એવું તે શું કામ આવ્યું કે મોકલી દીધો ? તમારા વગર હું એક ક્ષણ પણ જીવી નથી શકતો એ તમને ખબર હતી ને છતાં તમે મને આવા ટાઈમે મોકલ્યો ? આ તમે શું કર્યું ? ને ગૌતમ મૂર્ચ્છિત થઈ જાય છે, બેભાન થઈ જાય છે. ભાનમાં આવતા પાછા કહે છે, વીર મને આમ મજધારમાં મૂકીને ચાલ્યા ન જાય. ને રસ્તામાં જે મળે એને પૂછતો જાય, મારા વીર છે ને ? મારા વીર છે ને ? ગાંડાની જેમ રસ્તા ઉપર દોડતા દોડતા જઈ રહ્યા છે. વિલાપ કરતા કરતા, રૂદન કરતા કરતા જઈ રહ્યા છે. ગૌતમસ્વામીના હૃદય પર જાણે વિજળી ઝબુકી હોય, ને ભસ્મીભૂત કરી નાંખે એવી રીતે આ વજ્રઘાતના પ્રત્યાઘાત પડે છે. અને ગુરૂની કૃપા પ્રગટે છે.

**વીર નિર્વાણની વાત સુણીને**
**ગૌતમ કરે વિલાપ**
**વજ્રાઘાત થયો અંતરમાં ને**
**સળગ્યો સંતાપ......**
**''નાનકડા બાળકની માફક ધ્રુસકે ધ્રુસકે રડતાં....**
**ધ્રુસકે ધ્રુસકે રડતાં.....**
**ગૌતમ કરે વિલાપ....''**

વીર, વીર કરતા આકુળ વ્યાકુળ થઈ ગૌતમ રડતા હતા. ગૌતમના કરૂણા રૂદનથી વનવગડાના વૃક્ષો કંપી રહ્યા હતા. એક એક પોકારથી ડુંગર ડોલી ઉઠ્યા. ગૌતમના અંગે અંગમાં પ્રભુનો વિરહ અગન પ્રગટાવે છે. આવો હતો ગૌતમનો સંતાપ.

પ્રભુ તમે મને કહ્યું હતું, કે જે દિવસે મારું નિર્વાણ થશે, ત્યારે તને કેવળજ્ઞાન થશે. પણ તમે આ નહોતુ કહ્યું. અંતિમ ઘડીએ તમે મને દગો દીધો. તમને મારા પર શું વિશ્વાસ ન હતો ?

આમ વીર, વીર કહી ગૌતમ ડુસકાં ભરતા ભરતા વિલાપ કરી રહ્યા છે.

**વીર નિર્વાણની વાત સુણીને ગૌતમ કરે વિલાપ.....**

**જ્યોત વિહોણા જેવું થઈ ગયું જીવન મારું.....**
**ગૌતમ કરે વિલાપ.....**
**ગૌતમ, વીર વિરહમાં કહી રહ્યા છે,**

હે પ્રભુ, હે પરમાત્મા,

હવે તો મને બધા પરથી વિશ્વાસ ઊઠી ગયો છે. મારો આ જગનો ધણી પણ જો મારી સાથે આવો વિશ્વાસઘાત કરી શકે તો મને હવે આ પુણ્ય પાપની કંઈ પડી નથી. આ બધું જ ખોટુ છે. મોહાંધ થઈ આ મોહની ચરમ સીમા પર ગૌતમ પહોંચ્યા છે. આખું જગત એને નકામું લાગે છે. જો મારો વીર આવું કરી શકે તો આ જગતમાં બધા જ આવુ કરી શકે. આ આખું જગત મિથ્યા છે.

**પુણ્ય બધુ પરવારી ગયું ને**
**પ્રગટ થયું રે પાપ.....**
**એ છે ગૌતમ વિલાપ.....**

હવે મારા ભાગ્ય બદલાઈ ગયા છે. મારો વીર મારી સાથે નથી. હવે મારા પુણ્યો પૂરા થયા. આ મારા પાપનો યોગ છે. આ ચાર જ્ઞાનના ધડથી જ્યારે મોહમાં ફસાય છે, ત્યારે આવા વિચાર જ્ઞાનીને પણ છોડતા નથી.

**પુણ્ય બધુ પરવારી ગયુ ને**
**પ્રગટ થયું રે પાપ**
**વજ્રાઘાત થયો અંતરમાં ને સળગ્યો સંતાપ.....**
**ગૌતમ કરે વિલાપ.**

સંતાપ અને વિલાપ કરતા કરતા પાગલ થઈને ગૌતમ વીર તરફ દોડે છે. સંતાપ કરતા કરતા થાકી જાય છે ને પછી શાંત થઈ જાય છે.

રડી રડી શાંત થયા પછી ગૌતમ વિચારે ચડે છે.

**''પ્રભુ શરીરના રાગ થકી રઝળ્યો છું સંસારે.''**

ગૌતમ શાંત થાય છે અને પોતાની જ્ઞાનધારામાં ફરીથી પ્રગટ થાય છે. અને હવે ક્ષપકશ્રેણી ચાલુ થાય છે. હવે માત્ર ઉપર ચડવાનું છે. નીચે ઉતરવાનું હતુ તે સંતાપ કરી ઉતરી લીધું ને વ્રજઘાતના પરિણામની શરૂઆત થાય છે.

**રડી રડીને શાંત થયા પછી ગૌતમ ચડયા વિચારે.....**
**મોહ નિવારણ કરવા કાજે, કરૂણા વીરે કીધી,**
**પ્રતિબોધ કરવાને બહાને આંખ ઉઘાડી દીધી,**
**પશ્ચાતાપ થયો પળમાં ને સમજાયુ નિજ અજ્ઞાન.**
**ત્યાં તો લખલખ તેજે પ્રગટયું ગુરૂ ગૌતમ કેવળજ્ઞાન......(૨)**
**કેવળ કેવળ કેવળ કેવળ જ્ઞાન.....**
**ગુરૂ ગૌતમને કેવળજ્ઞાન......(૨)**
**ગુરૂને ગુરૂને ગુરૂને પ્રગટયું જ્ઞાન.**
**મારા ગૌતમને પ્રગટયું કેવળજ્ઞાન.**
**આ છે ગુરૂ ગૌતમનું કેવળજ્ઞાન....**
**અમાસની અંધારી રાત ગઈ,**
**કાર્તિક મહિનો આવ્યો વહી,**
**નવું વર્ષ આવ્યું, નવું જીવન મળ્યું,**

શુભેચ્છક : જ

**રસ્તો મળ્યો મને, વીર મળ્યો**
**જાપ : ૐ ગૌતમાય નમઃ**
નમો જિણાણં.

## Session : 9
## સમય : સવારના ૬.૦૦

મંગલાચરણ

**નમો જિણાણં, જીઅ ભયાણં...**
**અભય અભય....**
**નમો જિણાણં, જીઅ ભયાણં...**

हे परमात्मा,

मेरा पदार्पण नये सालमें हो रहा है । ऐसी कृपा करो कि, हम आपके शरण में हर क्षण रहे और हर क्षण अभयवाला बने । भयरहित, अज्ञानरहित, ज्ञानसहित बने । ऐसी कृपा करो, कृपा करो.... ।

आपकी कृपा अखंड बरसती रहे, अखंड बरसती रहे, ऐसी कृपा करो ।

नमो जिणाणं.....

## मंगलाचरण प्रस्थान

**ॐ परमेष्ठि नमस्कारं,**
**सारंभ नव पदात्मं,**
**आत्म रक्षा करं मोज्जं,**
**पंजरा......**

हे अरिहंत परमात्मा,

आपका यह मंगल मार्ग मैं मेरे सिर पे चढ़ाता हुँ । आपकी आज्ञा मेरे सरआखों पर रखता हुँ ।

हे सिध्ध परमात्मा,

ऐसे मेरे वचन बने, जिससे मेरी आपके जैसी गति प्राप्त हो । बस, ऐसा मेरा वचनयोग बने । ऐसी कृपा करो ।

हे आचार्य भगवान,

आप मेरे रक्षणहार हो । मेरे समस्त अंग का रक्षण आपके माध्यम से हो और आपकी प्रेरणा से मेरे अस्तित्व का रक्षण हो । ऐसी कृपा करो.... कृपा करो....।

हे उपाध्याय भगवंत,

आपके मार्गदर्शनसे मुजे अपने कर्मयोग से लडाई करना है । अज्ञान से युद्ध करना है । वो सारे कर्म से मैं मुक्त हो जाऊं, ऐसा युद्ध मैं करुं, आपकी कृपा से, आपके मार्गदर्शन से में इस युद्ध में जीत जाऊं, ऐसी कृपा करो, कृपा करो ।

हे समस्त साधुगण,

आप जिस प्रकार जागृत रहकर अपना श्रम खुद स्वयं करते हो और हर क्षण सबके साथ मित्रता रखते हो, अंतर से आप जागृत रहते हो, इसी तरह मैं भी हर क्षण आपके जैसा दर्शन पाते हुए, मेरे अंदर रही हुई खामीओं को नजर डालते हुए, उस दोर से निवृत बन जाऊं, ऐसी कृपा करो ।

हे पंचपरमेष्ठि,

आप ही मेरे आधार हो और आपका आधार वज्र समान, शीला समान बने । मेरा foundation वज्रशीलामय बने, बस ऐसी कृपा हम सब पर हो ।

हे पंचपरमेष्ठि,

आपके माध्यम से मेरा रक्षण हो । और मैं हंमेशा मंगलकारी मार्ग में रहकर परम मंगल को प्राप्त करुं, ऐसी कृपा करो ।

भूतकाल में हुए पंचपरमेष्ठि, वर्तमान में विचरीत है, पंचपरमेष्ठि, भविष्यमें होने वाले हे पंचपरमेष्ठि, आप सबको मैं समभावपूर्वक प्रणाम करता हुँ । जब तक मैं परम पद को न पाऊं, तब तक आप सब मेरी रक्षा करना ।

हे पंचपरमेष्ठि,

मुजे ऐसी भूमि पर बार बार ले आना । मैं भी ऐसे महानिर्वाण को प्रगट करु । प्रगट करु । ऐसे महापुरुषार्थ को प्रगट करु, प्रगट करु ।

हरक्षण मेरा इस महापुरुषार्थ में लागु हो जाये, ऐसी आप सब कृपा करो । ऐसी सद्‌बुध्धि मेरे अंदर प्रगट हो । ऐसा सम्यक् दर्शन, ज्ञान और चारित्र दर्शन मेरा जीवन बन जाय, मेरा आत्म प्रदेश बन जाय, ऐसी कृपा करो... ऐसी कृपा करो ।

हे पंचपरमेष्ठि,

मेरा हित जिस प्रकार हो, उस प्रकार मैं उत्तर दिशा में आगे बढ़ुं, अध्ययन करुं, चिंतन करुं, धर्मध्यान करुं और शुक्लध्यान में लीन बन जाऊँ, ऐसी कृपा करो.... ऐसी कृपा करो..... ।

**कृपा करो, कृपा करो**
**अरिहंत परमात्मा कृपा करो ।**
**महावीर स्वामी कृपा करो ।**

**મંગલ, મંગલ મંગલ મંગલ હો**
**સૌનું મંગલ, તારુ મંગલ,**
**મારું મંગલ હો....**

પરમગુરૂ પરમેશ્વરની કૃપાનો સ્વીકાર કર્યો. પ્રભુજીની આરતી ઉતારવામાં આવી અને મંગલ દિવો કરવામાં આવ્યો.

સમસ્ત લોકમાં શાંતિ થાય એવી શાંતિનથી ઉદ્‌ઘોષણા પ.પૂ. ગુરૂજીએ કરી. ને પછી, ''ઓમ રીમ મહાવીરાય નમઃ''ના જાપ કર્યા.

શુભેચ્છક : જ

**સર્વ મંગલ માંગલ્ય**
**સર્વ કલ્યાણ કારણં**
**પ્રધાનમં સર્વ ધર્માણં**
**જૈનમ જયંતિ શાસનમ્**
**બોલો જૈનમ જયંતિ શાસનમ્.**

# શું મેળવ્યું, શું ગ્રહણ કર્યું, શું છોડ્યું ?

આમ પ. પૂ. ગુરૂજીની સતત સોળ પ્રહરની દેશના, તેમના કંઠ દ્વારા સંગીતના માધ્યમથી વૈખરી વાણી અને દિવ્ય ધ્વનીરૂપે વહેતી રહી. અને એ સતત વહેતી વાણીને આપણે સૌએ ગ્રહણ કરી. મહાવીર પરમાત્મા ૨૬૦૦ વર્ષ પહેલાં જે પરમાણું અહીં છોડી ગયાં છે તે પરમાણુંઓનું રહસ્ય સમજ્યાં અને પરમાણું ગ્રહણ કર્યા. મહાવીર બનવા મહાવીરની કૃપા ગ્રહણ કરી. પ્રભુએ બતાવેલ દિવ્ય ધ્વનિની દિવ્યતાં પામ્યાં અને એનો મૌન સ્વરૂપે સ્વીકાર કર્યો.

ભગવાન મહાવીર, ભગવાન કેવી રીતે બન્યાં તેની formulae જાણી. અને હું પણ આ જીવનમાં જ મહાવીર બની શકું છું અને મહાવીર બનીશ જ એવો નિર્ણય કર્યો. સદ્દગુરૂ પ્રત્યે વિનીત શિષ્ય કેવો હોય તે જાણ્યું ગૌતમ સ્વામી પાસે. ને એવો નિર્ણય કર્યો કે, અમે પણ આવા ગૌતમ બનીશું અમારા પ. પૂ. ગુરૂદેવના. આ જગતમાં જેમ કમળ કાદવમાં રહી અલિપ્ત રહે છે તેમ આપણે પણ આ જગતમાં કાદવમાં રહી અલિપ્ત રહેવું, એવો નિર્ણય કર્યો. અમે સૌએ પોતાના દોષ ઓળખી દોષ છોડવાનો નિર્ણય કર્યો. ગુરૂદેવની વાણી દ્વારા નિર્ગ્રંથ બનવાની દસ tips જે મહાવીર ભગવાને તેમની અંતિમવાણીમાં કહી હતી, તેને દિલમાં લખી લીધી. અને નિર્ગ્રંથ બનવાનો નિર્ણય લીધો. આ નિર્ણય લેશું તો જ મહાવીર બનીશું અને મહાવીર બનશું જ.

નમો જિણાણં.

**શુભેચ્છક :** જ

# જલમંદિર

પાવાપુરી નગરીમાં મહાવીરની અંતિમ વાણી – સોળ પ્રહરની દેશના પ.પૂ. ગુરૂજીના મુખેથી વહેતી દિવ્ય ધ્વનિ વાણી અને વૈખરી વાણી રૂપે સતત અડતાલીસ કલાક ગ્રહણ કરી નૂતનવર્ષના દિવસે નૌકાશી કરી જલમંદિર, મહાવીર ભગવાનની સમાધિ સ્થળે પહોંચ્યાં.

આ જલમંદિર એ સ્થાન છે જ્યાં મહાવીર સ્વામીના દેહના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ મંદિરની વિશેષતા એ છે મંદિરની આજુબાજુ તળાવ બનેલું છે. તળાવ કમળના ફુલોથી છવાયેલું છે. જેના લીધે તળાવમાં પાણી નથી દેખાતું.

આ જલમંદિરની પોતાની આગવી વિશેષતા છે. તિર્થંકર જ્યારે સિધ્ધ ગતિમાં જાય છે ત્યારે પોતાના આત્મપ્રદેશને 1/3rd બનાવે છે અને એજ અવસ્થામાં મુક્ત પામે છે. જ્યારે તીર્થંકર સિધ્ધગતિએ જાય છે ત્યારે તેઓ પોતાના પરમાણુ ચૌદ રાજલોકમાં ફેંકે છે. તેમના પરમાણુ અદભુત હોય છે. તિર્થંકરની એ ભાવના હોય છે કે, મારા જેવા સર્વ જીવોને મારા પરમાણું મળે, જેથી એ લોકો પણ મુક્ત અવસ્થા પામે.

જ્યારે મહાવીર નિર્વાણ પામ્યા ત્યારેતેમના પરમાણું તેઓ અહીં આ ભૂમિ પર છોડી ગયા. એટલે લોકો અહીંની માટી લઈ જતા. ધીરે ધીરે ત્યાં એટલો મોટો ખાડો થઈ ગયો કે આજે એ ખાડો તળાવ સ્વરૂપે બની ગયો. આ તળાવ અતિવિશેષ છે. તળઅવમાં પાણી દેખાતું નથી ને surface પર કમળ છે. કમળ કીચડમાં પેદા થાય પણ પોતે કીચડ ન બને. કમળનું બીજું નામ પદ્મ. પદ્મ સરોવર જે ત્રિશલા માતાના ચૌદ સ્વપ્નમાં આવેલું. એવી જ રીતે જો કમળ જેવી અલિપ્તતા, સમાધિ મેળવવી હોય તો આપણે પણ કમળ જેવું બનવાનું છે. તો નિર્વાણ અવશ્ય છે.

જલમંદિરમાં મહાવીર સ્વામીના પગલાં છે. ત્યાં મંદિરમાં દર્શન કરી સૌ બહાર બેઠાં. ત્યાં પ. પૂ. ગુરૂદેવે, ''ઓમ મહાવીરાય નમઃ'' ના જાપ કરાવ્યા. આ જાપ કરતાં કરતાં સૌએ જે દિવ્ય પરમાણુ છે, એ પરમાણુને ગ્રહણ કર્યા. અને મારું પણ નિર્વાણ થાય એવા ભાવબીજનું રોપણ કર્યું. જેમ પ્રભુનું આ પાવનભૂમિ પર નિર્વાણ થયું તેમ મારું પણ અવશ્ય નિર્વાણ થશે જ એ ભાવ સાથે ત્યાંથી સૌ વિદાય થયા.

# સમવસરણ મંદિર

પાવાપુરીમાં જલમંદિરમાં પ્રભુજીની સમાધિના દર્શન કરી જમી સૌ સમવસરણ મંદિરે ગયા.

આ સ્થાન એટલે ભગવાનનો ચોવીસ માઈલનો જે સમવસરણ થયો હતો એનું આ center point (કેન્દ્ર બિંદુ) છે. સમવસરણ જ્યારે પણ થાય છે, જ્યાં ભગવાન દેશના આપવા ઈચ્છે છે ત્યાં મિનિટમાં સમવસરણની રચના દેવતાઓ કરે છે.

એ સમવસરણ પથ્થર અને ઈંટોથી નહીં પરંતુ ઝવેરાતથી બનેલું હોય છે. એમાં ત્રણ પર્ષદા રચવામાં આવે છે.

પ્રથમ પર્ષદા ચાંદીની હોય છે. તેના કાંગરા સુવર્ણના હોય છે.

બીજી પર્ષદા સુવર્ણની હોય છે. તેની કાંગરા રત્નોની હોય છે.

અને ત્રીજી પર્ષદા જે હોય છે તે સંપૂર્ણ રત્નો અને માણેકની હોય છે.

ચાર ખૂણા પર ચાર વાવડી બતાવી છે. જલચર પ્રાણી માટે જે પાણીમાં રહે છે. ચાર ચાર માઈલ પર ચાર તળાવ છે. આઠ માઈલમાં જે સ્ટેજ હતું તેને ત્રણ ભાગમાં divide કરી દેવામાં આવ્યું.

સૌથી પહેલી પર્ષદામાં દેવલોક.

બીજીમાં બધા પશુ, પક્ષી અને જીવજંતુ અને તિર્યંચલોક. ત્રણ પ્રકારના જીવ – દ્વિચર, ખેચર, નરચર.

અને ત્રીજી પર્ષદામાં બધા સાધુ અને શ્રાવક, શ્રાવિકા આમ આ સમવસરણની રચના થાય છે.

જ્યારે ભગવાન બોલે છે ત્યારે તેમની વાણીનું આપમેળે translation થાય છે. પ્રાણી માત્ર પોતાની ભાષામાં તેમની વાણીને ગ્રહણ કરે છે.

દેશના જ્યારે સમાપ્ત થાય છે ત્યારે સમવસરણ રાતોરાત આપમેળે વિલીન થઈ જાય છે. ત્યાં સમવસરણ નથી રહેતુ.

અહિં, એ સમવસરણની એક નકલ બનાવવામાં આવી છે કે, આ સમવસરણ આવું હોય. ચોવીસ માઈલના ભગવાનના સમવસરણનું center point અહિં જે સ્તુપ છે તે હતુ.

ભગવાનને કેવળજ્ઞાન ઋજુવાલિકામાં થયું હતુ. કેવળજ્ઞાન પછીની પહેલી દેશના નિષ્ફળ ગઈ કારણકે ત્યાં કોઈ શ્રાવક પહોંચી ન શક્યા. ભગવાને રાજગીરીમાં ૧૪ ચોમાસા કરી ફરી પાછા આ ભૂમિ પર બિરાજમાન થઈ સોળ પ્રહરની દેશના આપી હતી. દેશના આપી ભગવાન પાવાપુરી ગામમાં જકાતશાળામાં ગયા જ્યાં તેમનું નિર્વાણ થયું.

ભગવાન નિર્વાણ પામ્યા બાદ તેમના ભાઈ નંદીવર્ધને એક સ્તુપ અને કુવો બનાવ્યો. આ બે ચીજો ત્યારના વખતની છે.

આ આધાર પર અહીં સમવસરણ બન્યું છે. આજે પણ આ કુવાના પાણીથી ભગવાનની સેવા પૂજા કરવામાં આવે છે. પીવા માટે ઉપયોગમાં લેવામાં આવતું નથી એટલું પવિત્ર છે. આ કુવાના પાણીથી સાડા સતરસો વર્ષ સુધી દીવો પ્રગટાવવામાં આવતો હતો. હવે વર્ષમાં એક દિવસ દિવાળીના દિવસે પ્રગટાવવામાં આવે છે.

આ છે કુવાનો ઈતિહાસ.

આ સ્તુપ અને કુવાના દર્શન કરી સૌ ત્યાંથી નાલંદા જવા નીકળ્યા.

નમો જિણાણં.

# નાલંદા વિદ્યાપીઠ (રાજગૃહી)

સમવસરણથી ભગવાનાન દર્શન કરી રાજગૃહી તરફ રવાના થયા.

રાજગૃહીમાં સૌ પ્રથમ નાલંદા વિદ્યાપીઠની મુલાકાત લીધી. નાલંદા વિદ્યાપીઠ મોહેં–જો–દડો કાળની છે. નાલંદા વિદ્યાપીઠ એશિયા ખંડમાં બીજા નંબરે આવે છે. એ કાળમાં હર એક શિષ્ય માટે એક રૂમ અને દરેક રૂમમાં ગુરૂજી હતા. રૂમમાં enter થતાં જ બુધ્ધની પ્રતિમા હતી. કોઈપણ રૂમમાં બારી ન હતી. આ વિદ્યાપીઠની દરેક દિવાલ છ ફુટ જાડી હોવાને કારણે રૂમમાં બારી ન હોવા છતાં ગરમીમાં ઠંડક અને ઠંડીમાં ગરમી આપે એવી રૂમ હતી. વિદ્યાપીઠમાં

જ એક કુવો હતો. જેનું પાણી રસોઈ કામ અને અન્ય કામ માટે ઉપયોગમાં લેવામાં આવતું.

આમ, નાલંદા વિદ્યાપીઠની મુલાકાત લઈ ત્યાંથી કુંડલપુર જવા નીકળ્યા.

## કુંડલપુર

નાલંદા વિદ્યાપીઠથી પાંચ મિનિટના અંતરે કુંડલપુર આવેલું છે. કુંડલપુર એ ગૌતમ સ્વામીની જન્મભૂમિ છે. અહિં મહાવીર ભગવાને ત્રણ ચોમાસા કર્યા હતાં.

દેરાસરમાં આદિનાથ દાદાની શ્યામવર્ણી પ્રતિમા છે અને એમની જટામાં મરૂદેવી માતા છે. આવા પ્રતિમાના દર્શન અહીં જ થાય છે. આવી પ્રતિમાજીનું રહસ્ય પૂછતા ત્યાંના પૂજારી મહારાજે કહ્યું, માતા મરુદેવી જ એવા છે જે નિગોદમાંથી નીકળી પહેલાં જ ભવે તિર્થંકરના માતા બન્યા અને આદિનાથ દાદા પહેલા કેવળજ્ઞાન પામ્યા હતા. આ કારણસર માતા મરુદેવીનું સ્થાન આદિનાથ દાદાના મસ્તક પર છે.

આ જ પરિસરમાં ગૌતમ સ્વામીની અદ્દભૂત પ્રતિમા છે. ત્યાં પ. પૂ. ગુરૂજીએ સહુને જાપ કરાવ્યા.

**ૐ ગૌતમ સ્વામીને નમઃ**

**ૐ ગૌતમ સ્વામી કેવળજ્ઞાનાય નમઃ**

આપણે પણ ગૌતમ સ્વામી જેવી પાત્રતા પ્રગટ કરવાની છે. ત્યાર બાદ ''કૃપા કરો, કૃપા કરો, કેવળજ્ઞાનની કૃપા કરો'' એવી ધૂન ગજાવી.

હે પ્રભુ,

મારી અંદર કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય એવી લાયકાત પ્રગટ થાય એવી કૃપા કરો.

આમ, ગૌતમ સ્વામીની કૃપા સ્વીકારી સૌ ત્યાંથી રાજગીરી જવા રવાના થયા.

## રાજગીરી (રાજગૃહી)

રાજગીરી એટલે પાંચ પર્વતોના દર્શન. શાલીભદ્ર રાજા રાજગીરીના હતા. રાજા શ્રેણીકનું રાજ્ય હતું રાજગીરી. મહાસતી ચંદનાશ્રીજીનું સ્થાપિત નવલ વિરાયતન રાજગીરીમાં આવેલું છે. રાજા બિંબીસારની જેલ પણ અહિં છે. મહાવીર ભગવાને અગિયાર ચોમાસા રાજગીરીમાં અને ત્રણ ચોમાસા કુંડલપુરમાં કર્યા હતાં. આ ભૂમિ મહાવીર ભગવાનની સાધના ભૂમિ છે.

આ ભૂમિના એક એક કણ પવિત્ર છે. એવી આ ભૂમિ ત્રેવીસ તિર્થંકરોની સમવસરણ ભૂમિ છે. અગિયાર ગણધરો આ પર્વત વૈભવગીરી પરથી એક એક મહિનાના અંતરે સિધ્ધ થયા છે, મુક્ત થયા છે. એવી આ રાજગીરી બહુ જ સુંદર પવિત્ર ભૂમી છે.

રાજગીરીમાં વૈભવગીરી, રત્નાગીરી, ઉદયગીરી, સોનગીરી, વૈતાલગીરી એમ પાંચ પર્વત આવેલા છે. એક નંબરનું પહાડ બંધ છે. બે અને ત્રણ નંબરના પહાડ પર પાર્શ્વનાથ ભગવાનના પગલાં છે. ચાર નંબરના પર મહાવીર સ્વામીની સાધના ગુફા આવેલ છે. પાંચ નબરના પહાડ પર ગૌતમ બુધ્ધનો સ્તુપ છે. ચોથો પહાડ જ્યાંથી શરૂઆત થાય છે ત્યાં નીચે ગરમ પાણી અને ઠંડા પાણીના કુંડ આવેલા છે.

રાજગીરી એ મુનિસુવ્રત સ્વામીની જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક અને કેવળજ્ઞાનની કલ્યાણક ભૂમિ છે.

રાજગીરીમાં પાંચમા પહાડ પર બુધ્ધ ભગવાનનું સ્તુપ આવેલું છે. પહાડ ચડીને પણ જવાય છે. ને અકાશીય રજ્જુ માર્ગ એટલે કે રોપ–વેથી પણ જવાય છે. Rope-way માં બેસી આનંદ માણવો એ અલગ જ અનુભવ છે. ઉપર આસમાન અને નીચે ખીણ, જંગલો. આ એક અદ્દભૂત નજારો જોવા મળે છે.

રાજગીરીના આ પાંચમાં પર્વત પર બૌધ્ધ ધર્મનું વિશ્વશાંતિ સ્તૂપ નિર્માણ કર્યું છે. સ્તુપની ચારે બાજુ ગૌતમ બુધ્ધની જન્મ કલ્યાણક અવસ્થા, દીક્ષા કલ્યાણક અવસ્થા, ધ્યાન અવસ્થા અ ને મોક્ષ કલ્યાણક અવસ્થાની વિતરણા સ્થાપાયેલી છે. ગૌતમ બુધ્ધની પ્રસન્ન અને મૌન મુદ્રા જોઈને મન પ્રસન્ન થઈ જાય. આ પહાડ પરથી બાકીના ચારેય પહાડોના દર્શન થાય છે.

આ પહાડ પર એક ઝાડ નીચે પ. પૂ. ગુરૂજીએ બૌધ્ધ સ્તુપ વિશે સમજણ આપી. બૌધ્ધ સ્તુપ એ center point of energy છે. જે round ઘુમ્મટ છે એ સ્તુપ (stup) છે. નવકારની પ્રક્રિયામાં આપણે પોતે સ્તુપ બનીએ છીએ.

ત્યં જે મઠ હતો તેમાં ગુરૂજીએ **''ના મુ – મ્યો – હો – રેં – ગે – ક્યોં''** ના જાપ કરાવ્યા. પ. પૂ. ગુરૂદેવે સમજાવ્યું કે આ મંત્ર એ બીજુ કાંઈ નહી પણ 'નમો અરિહંતાણં' જ છે. પૂ. ગુરૂજીએ આ બુધ્ધ મંદિરમાં **''ૐ મની પદમેં ૐ''** નો જાપ કરાવેલ.

## વિરાયતન

हमारा जीवन केवल दूसरो से लेने के लिए नही, किन्तु दूसरो को देने के लिए है ।

**आचार्य चन्दनाश्री**

વિરાયતનની સ્થાપના આચાર્ય શ્રી ચંન્દનાશ્રીજીએ કરી છે. જેઓ સેવા, શિક્ષા અને સાધનાના ત્રિવેણી સંગમ છે. વિરાયતન તેમની દિવ્ય દ્રષ્ટિ છે. તેમણે બાર વર્ષની મૌન સાધના કરી. મહાવીરની પાવન ભૂમિ જે વીરાન, હિંસામય અને ગુનાહિત થઈ ગયેલ, તેને વીરાયતન નામથી સેવા, શિક્ષણ અને સાધનાનો જ્યોતિ સ્તંભ બનાવ્યો.

વિરાયતન ઊભુ કરવા માટે આચાર્યાશ્રી ચંદનાશ્રીજીએ જે ફાળો આપેલ છે તેના પર એક ફિલ્મ બતાવવામાં આવે છે.

વિરાયતનમાં મ્યુઝિયમ આવેલ છે. જેમાં તીર્થંકર ભગવાનોની વાત કૃતિ, મોડેલ બનાવીને સમજાવવામાં આવી છે. તેમાં જે કોઈ પણ વસ્તુ વાપરવામાં આવી છે તે દરેક આચાર્યશ્રી ચંદનાશ્રીજીએ જાતે બનાવી છે. આ મ્યુઝિયમમાં ભગવાન જ્યારે દેશના આપે છે ત્યારે દરેક વ્યક્તિ, પશુ, પંખી, તિર્યંચના જીવો બધાજ પોતાનું કામ કરતા હોય છે છતાં ભગવાનની પરાવાણી ગ્રહણ કરી રહ્યા છે એનું દ્રશ્ય ખૂબજ સરસ રીતે બનાવવામાં આવ્યું છે.

શુભેચ્છક : જ

સાધના ખંડમાં જેના દરવાજા પર ''નમો જિણાણં'' લખેલું છે ત્યાં આચાર્યશ્રી ચંદનાશ્રીજી અને બીજા સાધ્વીજીઓની ભક્તિ અને સત્સંગ ચાલુ હોય છે. વિરાયતનનાં આ સાધના ખંડમાં સૌએ સાધ્વીજી સાથે ભક્તિ કરી અને પ્રશ્નોના નિરાકરણ કર્યા. ત્યાંથી ફરી સૌ પાછા રાજગીરી આવ્યા.

## ગુણિયાજી

રાજગીરીથી નીકળી અમે સૌએ લછવાડ તરફ પ્રયાણ કર્યું. રાજગીરીથી પ્રથમ વહેલી સવારે ગુણિયાજી મંદિરે પહોંચ્યા.

ગુણણિયાજી તરફ જતા બસમાં ગુરૂજીએ સૌને કહ્યું :

આપણે અહીં અત્યારના ભગવાન મહાવીરની સાધના ભૂમિ પર ઊભા છીએ. જ્યાં ભગવાન ચૌદ વખત આવેલા સાધના કરવા અને હવે આપણે ગુણિયાજી એટલે એવા ભગવાનના ગુણો ગ્રહણ કરવા જઈ રહ્યા છીએ.

સવારની મોસમ છે, બ્રહ્મમુહુર્ત છે. હવે, લક્ષ પહેલાં. ભગવાન સાથે વાતચીત. પ્રભુકૃપા અને પાંચ ધૂન ગુણિયાજી આવે ત્યાં સુધી. આની અંદર મન, વાણી અને વ્યવહાર ત્રણે યોગ લગાવી દેવાના છે અને એ ભાવથી યાત્રા શરૂ કરવી. આ જ સાધના છે. પાંચ ધૂન સાથે ભાવ - આવા ગુણ હું પ્રગટ કરીશ. હવે હું ગુણિયલ બનવા જઈ રહ્યો છું ગુણિયાજી તરફ.

સમેત એટલે સમાધિની સન્મુખ જવું. સમ્યક્ત્વની તરફ જવું અને એના શિખર ઉપર પહોંચવું. સમ્યક્ત્વ અને સમત્વના શિખર ઉપર પહોંચવું એજ મારું લક્ષ છે. આ જીવનની અનંત યાત્રાનું અને આ અનંત યાત્રા માટે તૈયાર થવા આવ્યા છીએ. વિચારોનું કામ છે આવવું અને જવું પણ કયા વિચારોને બહાર રાખવા ને કયા વિચારોને અંદર રાખવા એની તૈયારી કરવી, એ તૈયારીનું નામ છે 'સાધના'.

ભગવાનની આ ભુમિ આપણને સમ્મેતશિખર લઈ જાય, એ ભાવના કરતાં કરતાં આપણે આવા ગુણો પ્રગટ કરવા ગુણિયાજી તરફ પ્રયાણ કરી રહ્યા છીએ.

આ ગુણ ગ્રહણ કરવા, પ્રગટ કરવા એનું જ નામ છે 'સાધના'. આ સાધના ચોવીસે કલાક ચાલે છે. ને અત્યારથી એ સાધના શરૂ થાય છે. સૌ મનમાં લક્ષ નક્કી કરી લો કે, હે મહાવીર પ્રભુ,

તારી ભૂમિ પરથી અમે પ્રેરણા લઈને જઈ રહ્યા છીએ. આ પ્રેરણા નહીં પણ નિર્ણય લઈને જઈ રહ્યા છીએ કે, હવે અમે આ રીતે જીવશુ. ભગવાનની વાણીનું અડતાલીસ કલાક શ્રવણ કર્યું. હવે એને જીવનમંત્ર બનાવવાનો છે. જીવનમંત્ર બનાવવા માટે આજથી અને અત્યારથી રસ્તો શરૂ થાય છે.

### ગુણિયાજી દેરાસર

અહિં આ ભૂમિ પર ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયુ હતું. આ દેરાસરમાં નાનકડી સૌમ્ય પ્રભુજીની પ્રતિમા છે.

હે ગુરૂ ગૌતમ,

આપની આ કૈવલ્ય ભૂમિ પર હું આવ્યો છું., કેવલ પામવા આવ્યો છું. અમ સૌ પર એવી કૃપા કરજો કે, અમ સૌની અંદર કૈવલ્ય પ્રગટ થાય, જ્યોતિનું નિર્માણ થાય એવી કૃપા કરજો... કૃપા કરજો...

હે ગૌતમ પ્રભુજી,

આપના સદ્દગુરૂ, એ અમ સૌના પરમગુરૂ છે. જેમના માધ્યમથી આપે કૈવલ્ય પ્રગટ કર્યું. એ માધ્યમથી અમે આપના ચરણોમાં બેઠાં છીએ. એવી અમ સૌ પર કૃપા કરો કે, આપના જેવું વિવેક બળ અમ સૌની અંદર પ્રગટ થાય.

હે ગૌતમ પ્રભુ,

આપ તો જગતગુરૂ છો. સર્વ જીવને માર્ગ દેખાડનારા છો. માત્ર માર્ગ દેખાડનારા નહીં, પણ જ્યાં સુધી આપના માર્ગના આરાધકની અંદર માર્ગ પ્રગટે નહીં ત્યાં સુધી આપનું પ્રેરણાબળ અને સાધનાબળ સૌને હંમેશા પ્રેરણા કરતાં.

હે ગૌતમ સ્વામી, બસ આ ગુણને અમે ગ્રહણ કરવા આપના ચરણમાં આવ્યા છીએ. આપના પ્રેરણાબળથી હજારો હજારો જીવો કૈવલ્યને પ્રગટ કરતા હતા. સૌ આપની દિશાને ચાહતા હતાં. હું પણ એક એવો જ ચાહક છું. સંત મહાત્માના મુખેથી આપના ગુણોના વર્ણન બહુ સાંભળ્યા છે. બસ, એવા ગુણો ખીલવવા માટે હું તારી પાસે આવ્યો છું. એવા ગુણ પ્રગટ થાય એવી અમ સૌ પર કૃપા કરજો... કૃપા કરજો....

સ્તવનઃ

**અમારા અંતરના અંધારા દુર કરો....**
**પ્રભુ દુર કરો અંધારા....**
**પરમ પુનિતના ચરણ કમળમાં મસ્તક રહે મારું.....**
**ત્યારબાદ પ.પૂ. ગુરૂજીએ જાપ કરાવ્યા.**
**ગુરૂ ગુરૂ ૐ ગૌતમ**
**ગુરૂ ગુરૂ ૐ ગૌતમ**
**ૐ ગૌતમાય નમઃ**

જાપ કર્યા બાદ પ્રભુકૃપા કરી.

હે પરમાત્મા વીર,

आप हमारे अंतर मे आओ, बसो । हम आपके जैसे सजाग, सरल और नम्र बने ।

હે પરમાત્મા, હે ગૌતમ,

आपकी कृपा से हम परम मंगल स्थान को पाये । आपके बनाये हुए मार्ग पर हम चल शके । औसी समता और सार्मथ्य प्रगट हो । औसी शक्ति प्रगट हो, बस औसा मंगल किजीए......।

मंगल हो ..... सबका मंगल हो .......।

આમ, અમ સૌએ ગૌતમસ્વામીની કૃપા લીધી. જેમ ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું એમ અમ સૌમાં કેવળજ્ઞાન પ્રગટ થાય એવી કૃપા ગ્રહણ કરી. તેમના જેવા ગુણો અમારા સૌમાં આવે. અમે પણ તમારા જેવા શિષ્ય બની શકીએ એવી ભાવના લઈ, સૌ ત્યાંથી લછવાડ જવા નીકળ્યા.

## લછવાડ

લછવાડ – ક્ષત્રિયકુંડ મહાવીર સ્વામીની જન્મભૂમિ છે. નીચે લછવાડ ગામ છે. અને પહાડ ઉપર પ્રભુજીનું દેરાસર છે. એક સમય એવો હતો જ્યારે મહાવીર સ્વામી આ ધરતી પર આવ્યા ત્યારે આ પ્રદેશ નંદનવન હતો. પરંતુ

શુભેચ્છક : જ

મહાવીર સ્વામીના નિર્વાણ પછી આ પ્રદેશ વેરાન થઈ ગયો.

અત્યારે આ પ્રદેશમાં અત્યંત ગરીબી છે. લોકોને ખાવા માટે અન્ન પણ નથી મળતું. ફક્ત દાળ, ચોખા અને પૌંઆ ખાઈને જીવે છે. ગુરૂજીએ લછવાડ જન્મસ્થાન ઉપર અન્નદાન આપવાની જાહેરાત કરી અને તરત સારી એવી ધનરાશિ જમા થઈ ગઈ.

લછવાડ પહાડ ચડતા પ્રથમ દિક્ષા કલ્યાણક આવે છે. ત્યાં ગુરૂજીએ જાપ કરાવ્યા અને સત્સંગ કર્યો. ઉપર જન્મસ્થાન પર મહાવીર સ્વામીનું ભવ્ય દેરાસર છે. ત્યાં જે પ્રતિમાજી છે, એ એમ કહેવાય છે કે, ભગવાન મહાવીરની હાજરીમાં તેમના ભાઈ નંદીવર્ધને આ પ્રતિમાજી ભરાવ્યા હતા. એટલે આ પ્રતિમાજીને જીવંત પ્રતિમાજી કહે છે.

પ્રભુજીના દર્શન કરી દેરાસરના પ્રાંગણમાં એક ઝાડ નીચે પ. પૂ. ગુરૂજી બેઠાં. આ ઝાડના થડની આસપાસ એકની ઉપર એક એમ ત્રણ લેયરમાં ઓટલા બનાવેલાં છે. જાણે સમવસરણ જ બનાવેલું હોય. એ ઝાડની છાયામાં સૌથી ઉપર પ. પૂ. ગુરૂજીએ આસન ગ્રહણ કર્યું. ને ફરી સૌએ પ. પૂ. ગુરૂજીના મુખેથી પ્રભુવાણી ગ્રહણ કરી. 'નમો જિણાણં'ના જાપ કરાવી પ. પૂ. ગુરૂજીની દિવ્ય વાણીની શરૂઆત થઈ.

हे महावीर परमात्मा,

आपकी जन्मभूमि पर आके हमारा कल्याण हो गया और हमारा नया जन्म हुआ। आज तक हमने शारिरीक जन्म लिया है । आज हमारे अन्दर महावीर का जन्म हुआ है ।

हे परमात्मा,

आपकी निर्वाण भूमि से लेकर कल्याण भूमि तक आये है । आपके दिक्षा स्थान पर आपके परमाणु को ग्रहण किया । यहाँ आपका अंतिम जन्म हुआ है ।

हे परमात्मा महावीर,

इस भव नहीं तो अगला भव हमारा अंतिम भव बने अैसी हम सब पर कृपा करो । हम यह जन्म और मरण का अंत लाने आये है । आपके वचन हम श्रवण कर रहे है और चलने की थोड़ी बहुत कोशिश कर रहे है । और जो आनंद हमें सात दिन से मिल रहा है, आपकी हाजरी से, वो अवर्णनीय है ।

आज आपके जन्म स्थान पर सातवाँ दिन है । वो सारी यात्रा में मात्र आप और आपके वचनो का अंगीकार किया है । जीवन में आनंद मंगल होना शुरु हो चुका है ।

हे प्रभु,

आपकी हाजरी में ऐसा भी हो सकता है, ये हमने आपकी भूमि पर आकर ही महसूस किया ।

हे तीर्थंकर परमात्मा,

अडतालीस घंटे निर्वाणभूमि का अनुभव हमने स्वयं किया है । हे परमात्मा, उसमें जो निर्भेद आनंद हो रहा है, ऐसा आनंद हंमेशा मिलता रहे, ऐसी कृपा करो । चलते चलते आपकी निर्वाण भूमि से आपके समोवसरण के दर्शन किये, जहाँ आपकी वाणी प्रस्तुत हुई थी । उस भूमि के दर्शन करके चलते–चलते हम आपके साधना स्थल पे आये है । इस साधना भूमि पर हमारी भी साधना शुरु हो चुकी है । हमारे अंदर अंतर साधना राजगृही के उस परमाणु से शुरु हो चूकी है, जो साधना आपने चौदह चोमासा में की थी । आज सुबह से ठान लिया है, हे परमात्मा, कि हम ऐसी भूमि पर बार बार आयेंगे और बार बार आपकी कृपा स्वीकारेंगे । ऐसी आपकी कृपा हम पर बरसती रहे ।

हे परमात्मा,

हम आपके नगर में आये हुए है । और वो नगर का नाम है लछवाड । उस नगर के बाहर जहाँ आपने दिक्षा ग्रहण की थी वहाँ, हे परमात्मा, हमने उस भूमि पर बैठकर आपका स्मरण किया, जैसे की हमारे अंदर भी ये निजानंद की दिक्षा हो गइ ।

हे परमात्मा,

बस, ये दिक्षा लेके हम आये है, आपकी जन्म भूमि ऊपर हमारा नया जन्म हुआ है महावीर के स्वरुप में । हे परमात्मा, यही जागरण अनंत भव तक चले, जब तक हम परम मंगल न पाये । और जागरण करते करते हमारे यह प्रवास के रास्ते में कुछ भी, कैसे भी आये, बस हम जागते रहे । सरल स्वभावी बने, नम्र बने और आनंद मंगल करे, बस ऐसा जागरण का जन्म हुआ है हमारे अंदर । यही महावीर का स्वरुप है ।

हे परमात्मा,

बस, ऐसे महावीर हमारे सबके अंदर प्रगट हो, ऐसी हम सब पर कृपा करो.... कृपा करो.....

**जाप : कृपा करो... प्रभु कृपा करो....**

**ॐ महावीराय नमः**

**ॐ महावीराय नमः**

આમ પ. પૂ. ગુરૂજીની વાણી ગ્રહણ કરી. મહાવીર ભગવાનની કૃપા સ્વીકારી ને ''ॐ મહાવીરાય નમઃ'' ના જાપ કર્યા.

ત્યાર બાદ દેરાસરની બહાર આવ્યા. જ્યાં એક અદ્દભૂત ઘટના થઈ. પ. પૂ. ગુરૂજીની સોળ પ્રહર દેશના પાવાપુરીમાં ગ્રહણ કરી ત્યારથી જ અંતર સાધના શરૂ થઈ ચૂકી હતી. અહીં લછવાડમાં આપણી અંદર મહાવીરના જન્મની ઘટના શરૂ થઈ ચૂકી હતી. પ. પૂ. ગુરૂજીની કૃપાથી અને મહાવીરની કૃપાથી લછવાડમાં આવેલ ત્રણસો પરિવારના અંતરમાં આનંદ પ્રગટાવવાનો મોકો મળ્યો અન્નદાન કરીને.

જન્મ કલ્યાણકના સ્થાન ઉપર ત્રણસો ઘર છે. તે ત્રણસો ઘરના દરેક વ્યક્તિના મુખ પર આનંદ હતો. આપણે તેરસો કિલ્લો અન્નદાન કર્યું. જેથી દરેકના ઘર અન્નથી ભરાઈ ગયા. વેપારીઓનું કહેવું હતું કે છેલ્લા દસ બાર વર્ષનો રેકોર્ડ છે. એક દિવસમાં એક સંઘે આટલો બધો માલ લીધો હોય ને એક દિવસમાં દાન કર્યું હોય. એક દિવસમાં તમે અમારા બધાનાં ઘર ભરી દીધાં.

પૂજારીઓનું કહેવું હતું, જે લોકો પૂજા પણ નથી કરતાં એ લોકો અમારું શું સાંભળશે ? તમે લોકોએ તો સાધના કરી છે. પૂજારીજી કહે : आप लोग वृक्ष नीचे बैठै थे, जैसे समवसरण में बैठै हो । और जिस प्रकार कर रहे थे, वैसे हमने कभी नही देखा, नही सुना था । हमारी अपेक्षा क्या थी ? कि

શુભેચ્છક : ४

नौसौ लोगोने दोसो रूपिया दिया तो आप ५०/६० लोग हो तो और २००/- मिल जायेंगे । लेकिन हमको हरेक को २००/- रुपये मिले ।

તેઓ એટલા બધા આનંદિત હતા કે જેની કોઈ સીમા ન હતી. એ જે આનંદ હતો એનું કોઈ વર્ણન ન હોઈ શકે એવો નિરાલંબ આનંદ હતો. આજ આપણામાં મહાવીરનો જન્મ હતો.

જ્યારે લછવાડથી સમ્મેતશિખર જવા માટે ચાર વાગે નીકળવાનું હતું, પણ મોડું થઈ ગયું. બસના ડ્રાઈવરો જવા માટે તૈયાર ન હતા. લોકો રાતના ઠંડીમાં થરથરતા હતા ને રાતના ૧૦.૦૦ વાગ્યા પછી ભરજંગલમાંથી કોઈ ન નીકળતું નથી એવા વખતે સાંજે છ વાગે નીકળીને ભરજંગલમાંથી આપણે ત્રણ ત્રણ બેરિયર પસાર કરી નીકળી ગયા ને રાતના બે વાગે સમ્મેતશિખર કોઈપણ અડચણ અને અંતરાય વગર પહોંચી ગયા. આ મહાવીર કૃપા જ હતી, એ ખુશી, આનંદનાં પરિણામે જ શક્ય બન્યું.

લછવાડમાં મહાવીર જન્મસ્થાનમાં જે ત્રણસો ઘરોની ખુશી હતી, આનંદ, હતો, એ મહાવીર જન્મની કૃપા હતી. એ સમયે તેમના મુખ પર અંતરથી પ્રગટેલો નિરાલંબ આનંદ જોઈ ખરેખર લાગ્યું કે,

**''અમે કેવા ભાગ્યશાળી કે**
**ભગવાનની આ ભૂમિને અમે નિહાળી.....''**

નમો જિણાણં.

# સમ્મેતશિખર – મધુબન

એમ કહેવાય છે કે જીવનમાં એક વાર સમ્મેતશિખર, જ્યાં વીસ વીસ તિર્થંકર નિર્વાણ પામ્યા છે એ ભૂમિની જાત્રા કરવી જ જોઈએ. જેને કાંકરે કાંકરે એકએક જીવ નિર્વાણ પામ્યાં છે, એ સમતાના શિખરે અમે સૌ લછવાડથી નીકળી રાતના બે વાગે પહોંચ્યા.

સમ્મેત એટલે સમાધિ. સમાધિની સન્મુખ જવું. સમ્યકૃતા અને સમત્વના શીખર ઉપર પહોંચવું.

સવારના ૪.૦૦ વાગે સૌ સમતાના શિખરે પહોંચવા તૈયાર થઈ ગયા. જ્યાં ધર્મશાળા હતી ત્યાં જ પ. પૂ. ગુરૂજીએ ધર્મશાળાની નીચે જ સહુને યાત્રાની તૈયારી કરાવી. ગુરૂજીએ સૌને નિર્ણય લેવા કહ્યું કે, અમે સમતાના શિખરે જઈ રહ્યા છીએ. પાવાપુરીથી તેની શરૂઆત થઈ ચૂકી છે. પાવાપુરીમાં નિર્વાણ કલ્યાણકના પરમાણુ લીધા. રાજગીરીમાં સાધના કલ્યાણકના પરમાણુ લીધા. ત્યાંથી લછવાડ જન્મ કલ્યાણકના પરમાણુ લીધા ને હવે સમતાના શિખરે, ઉપર જવું છે, તો આપણી અંદરના નકામા પરમાણુ કાઢવાનું એ સ્થાન છે. આપણે દુનિયાથી છત્રીસ કલાક માટે cut off થવા જઈ રહ્યા છીએ. જ્યાં આ નકામા પરમાણુ ફેંકવાના છે ને સમતાના શિખરે પહોંચવાનું છે.

ભોમિયા દાદાને વંદન કરીને કહેજો કે, ''અમારું ભમવાનું બંધ થાય. એટલા માટે આવ્યા છીએ. અમને સહાયતા કરજો. સમતાના શિખર ઉપર અંદરથી પહોંચાડજો'' એવી ભાવના કરજો.

પહાડ ચઢવાનું શરૂ કરો ત્યારે, હમ ચલે હમારે વતન – 'મુક્તિધામ' આ ભાવથી શરૂ કરજો. અહીંથી 'નમો જિણાણં, જીઅ ભયાણં'ની ધૂન બોલતાં બોલતાં સૌ તળેટી પહોંચ્યા. ત્યાં ગુરૂજીએ કહ્યું,

તળેટીમાં નિર્ણય લેવાનો છે કે,

હે પરમાત્મા,

મારી અહીંથી પર્વતયાત્રા શરૂ થાય છે. હું સમ્મેતશિખર ચઢવાનું નક્કી કરું છું અને સમ્મેતશિખરની પૂર્વતૈયારી તળેટી રૂપે, હું નક્કી કરું છું કે, મારો દોષ એ જ મારા અહિતનું કારણ છે – હું બીજા કોઈના કારણે હેરાન થતો નથી. મને કોઈ હેરાન કરી શક્યું નથી અને હું કોઈને હેરાન કરી શક્યો નથી. આ નિર્ણય લેશું, તો સમત્વ અને સમ્યક્ તરફ જશું. પ્રભુ સન્મુખ જશું અને એના શિખર પર internally પહોંચશું. આંખ બંધ કરી નિર્ણય લેજો.

હે પરમાત્મા,

તમારા આશ્રયમાં અમે આ પર્વતયાત્રા કરવા નીકળ્યા છીએ. આપ એવી કૃપા કરો કે, અમે શીખર ઉપર સર કરીએ – એના માટે આ તળેટી ઉપર નિર્ણય લઉં છું કે, મારિ અંદર અનંત અનંત દોષો ભરેલાં છે. આ યાત્રા કરતાં કરતાં હું એક એક દોષને જોતો જઈશ અને આપ સુધી પહોંચું ત્યાં સુધી મારા બધાં દોષ ને ફેંકતો જઈશ.

**સહજે સહજે સહજાનંદ**
**અંતર દ્રષ્ટિ પરમાનંદ....**

હવે, અહિંથી અંતરદ્રષ્ટિ શરૂ થાય છે. બહારનું દર્શન કરતા કરતા અંતરદ્રષ્ટિ કરવાની છે. આપણે જીવનમાં ઘણાં લોકો પર આરોપો મુક્યા છે. ભગવાન કહે છે, મેં અહીં ઘણી કચરાપેટી રાખી છે. તમારા બધા આરોપો અહીં ફેંકી દેજો અને માટી સાથે ભેળવી દેજો.

ને અહીંથી અમે સૌએ પર્વત યાત્રા શરૂ કરી. અંતરદ્રષ્ટિ કરતાં કરતાં, પોતાની અંદર રહેલા દોષોને ઓળખી કાઢી, માટીમાં ભેળવતાં ગયાં ને 'નમો જિણાણં' ની ધૂન બોલતા બોલતા પહેલા પડાવ પર પહોંચ્યાં.

પહેલા પડાવ પર ગુરૂજીએ કહ્યું, નીચે આપણે નક્કી કર્યું હતું કે, હું મારા દોષનો જવાબદાર છું. જીવન દરમ્યાન ઘણાં બધા આરોપ અને દોષોના ટોપલાં ઢોળ્યા છે. તું અહીં સુધી જે ચઢાવ ચડીને આવ્યો, એ સૌથી કપરો ચઢાવ હતો. કપરો એટલા માટે કે, સૌથી પહેલા તું આ પચાવી જ નથી શકતો કે, તું દોષથી ભરેલો છે. આ સૌથી કપરું ચઢાણ છે. આ પડાવ કપરો એટલે હતો કે, પહેલાં સ્વીકાર કરવો, હું દોષથી ભરેલો છું. બીજું કપરુ એ હતું કે, મેં લોકો પર આરોપ બહુ કરેલા છે. ત્રીજુ એ છે કે, આજથી હું આ આરોપ કરવાનું બંધ કરીશ. આંખ બધ કરી જેની જેની ઉપર આરોપ, આક્ષેપ કર્યા છે એ બધા આરોપ અહીં દાટીને આગળ વધવાનું છે. મારી વાણી, વર્તન અને વિચાર જે આક્ષેપના છે, મારા જીવનમાં એને અહીં હું દાટીને આગળ વધું છું ને ફરીથી એ વ્યક્તિ સાથે એ ધંધો નહી દોહરાવું, એવો નિર્ણય લેજો.

આ નિર્ણય લેતાં ને પોતાની અંદર રહેલા દોષોને કાઢતા કાઢતા આ ભૂમિમાં દાટતા સૌ બીજા પડાવ પર પહોંચ્યા. બીજા પડાવમાં પ. પૂ. ગુરૂજીએ કહ્યું, ભગવાને કહ્યું છે કે, પોતાના ઉપર શંકા કરીને જગત પર આરોપ મૂક્યો છે. આ root cause છે, મૂળ છે. મારી સન્મુખ જે આવે એને root cause કાઢવું પડે. જેને સમત્વ જોઈએ એનું પહેલું પગથિયું છે કે પોતાના દોષ જોવા અને જગત પર આરોપ કરવા નહી આ જ અંતર દ્રષ્ટિ છે.

જેવું આરોપ કરવાનું મન થાય એટલે,

શુભેચ્છક : જ

**બોલ મનવા બોલ..........**

તો પણ હજી એ છુટે નહીં તો,

**નમો જિણાણં, જીઅ ભયાણં....**

આ બે મંત્ર, ચાલતાં ચાલતાં કાર્ય કરો અને જેવું ચઢાણ આવે એટલે આજુબાજુનું સૌંદર્ય જોવાનું ચાલુ કરો. અંતરદ્રષ્ટિ કરતાં મૌન થઈ જાજો એટલે કે '' વિચારમૌન''.

બસ, આમ અહીંથી સૌ પોતાની અંદર અંતરદ્રષ્ટિ કરતાં વચનમૌન અને વિચારમૌન થઈ, પર્વતની સૌંદર્યતા માણતાં પાર્શ્વનાથ દાદા પાસે જલમંદિરમાં પહોંચી ગયા.

અહિં જલમંદિરના પરિસરમાં રાત્રિ રોકાણ હતું. ભોજન બાદ પ.પૂ. ગુરૂજીએ સાંજના ૬.૦૦ થી રાતના ૧૨.૦૦ વાગ્યા સુધી જલમંદિરમાં પ્રભુજીની ભક્તિ કરાવી.

**હૃદયને અશાંતિમાં રાહત મળે છે.**
**પ્રભુ નામ લેતા રાહત મળે છે....**
**તુ રંગાઈ જાને રંગમાં......**

આરતી અને મંગળદીવો કર્યા. અહીં કેટલાયે વર્ષોથી પ્રભુજીની આંગી નહોતી થઈ. પરંતુ પરમ આનંદ સત્સંગ પરિવારની બહેનોએ પ્રભુની આંગી કરી.

બીજા દિવસે વેહલી સવારે છ વાગે પ. પૂ. ગુરૂજી સાથે જલમંદિરમાં પાર્શ્વનાથ દાદા પાસે બેસી વીસ તિર્થંકરની નિર્વાણભૂમિ પર વીસ ર્તિર્થંકર પરમાત્માની કૃપા લીધી. પ. પૂ. ગુરૂજી સાથે સૌએ વીસ તિર્થંકરના ગુણ સાથે તિર્થંકરની કૃપા ગ્રહણ કરી.

**કૃપા કરો, કૃપા કરો. વીસ તિર્થંકર કૃપા કરો**
**વીસ તિર્થંકરની નિર્વાણ ભૂમિ,**
**કૃપા કરો, કૃપા કરો, અમ સૌ પર કૃપા કરો.**

આમ, પાવાપુરી નિર્વાણભૂમિ પર નિર્વાણ પામવાનો નિર્ણય લીધો. મહાવીર સ્વામીના પરમાણુ ગ્રહણ કરી બળ મેળવ્યું. રાજગૃહીમાં સાધના ભૂમિ ઉપર સાધનાના પરમાણુ ગ્રહણ કર્યા. ને પછી ભગવાનની જન્મભૂમિ પર મહાવીર જન્મ થયો. ત્યાંથી સમ્મેતશિખર પર વીસ તિર્થંકરની નિર્વાણભૂમિ પર વીસ તિર્થંકરની કૃપા લીધી ને સૌ મહાવીર બની ગયા.

સમ્મેતશિખર પર સમતાના શિખરે પહોંચી ગયા. ફક્ત આ ભવ માટે નહીં પરંતુ અનંત અનંત ભવ સુધી સમતાના શિખરે પહોંચી ગયા.

**''ઐસા મહાવીર બન ગયા, મૈં ઐસા મહાવીર બન ગયા''**
**મહાવીર થઈને આવ્યા જોગીડા મહાવીર થઈને આવ્યા**
**સમતાના શિખરેથી, અંતર દોષ દાટી,**
**મહાવીર થઈને આવ્યા, જોગીડા મહાવીર થઈને આવ્યા.''**
**સર્વ માંગલ માંગલ્યં......**

નમો જિણાણં.

## ઋજુવાલિકા – મહાવીરની કૈવલ્યભૂમિ

ઋજુવાલિકા એ મહાવીર ભગવાનની કૈવલ્યભૂમિ છે. આ ભૂમિની બાજુમાં ઋજુ નદી વહે છે. અહીં પ્રભુને શાલના ઝાડ નીચે ઉકડુક આસનમાં સાંજના સમયે સાધના કરતા હતા, તે વખતે કેવળજ્ઞાન પ્રગટ થયુ હતુ ને એ

શુભેચ્છક : જ

આપણે જ્યારે યાત્રા પ્રવાસમાં જઈએ છીએ ત્યારે અચુક cap, ટોપી માથા પર પહેરીએ છીએ. ક્યારેક શોખ માટે, ક્યારેક તડકાથી બચવા, જાતજાતની રંગબેરંગી ટોપી (cap) પહેરીએ છીએ. સમ્મેતશિખર યાત્રા માટે જ્યારે કુર્લા terminus સ્ટેશન પર સૌને 'નમો જિણાણં' cap પહેરવી compulsory છે, એમ કહેવામાં આવ્યું ત્યારે સૌને એમ થયું કે, આ cap તો પ્રવાસમાં Group Identification માટે છે.

પરંતુ ના, એનું મહત્ત્વ તો પાવાપુરીમાં પ. પૂ. ગુરૂદેવની વાણી સાંભળી ત્યારે ખબર પડી કે, આ 'નમો જિણાણ' લખેલી ટોપી શું છે ?

સૌ પ્રથમ તો ટ્રેનમાં બેસતાં જ 'નમો જિણાણં' ટોપી જોઈ લોકો પૂછતાં કે 'નમો જિણાણં' એટલે શું ?

'નમો જિણાણં' નો અર્થ જાણી અદ્દભૂત પ્રતિભાવ મળતો. લચ્છવાડમાં પહાડ ચડતા શિવભક્ત પંડિત મળ્યા. તેઓને ગુજરાતી વાંચતા નહોતું આવડતું પરંતુ ટોપી પર 'નમો જિણાણં' લખેલું નમો વાંચી સૌને 'નમો શિવાય' કહેતાં આગળ વધ્યા.

સમ્મેતશિખરની જાત્રા કરી બીજા દિવસે જ્યારે પ. પૂ. ગુરૂજી સાથે સૌ નીચે ઊતરી રહ્યા હતાં, ત્યારે એક બહેન જેઓ પૂનાથી મારવાડી સંઘમાં આવેલા હતા ને જેઓ દરરોજ અરિહંત ચેનલ પર પ. પૂ. ગુરૂજીને જુએ છે તેમણે 'નમો જિણાણં' ટોપી બધાનાં માથા પર જોઈને 'નમો જિણાણં' લખેલું વાંચી ઓળખી લીધા. અરે, આ તો અરિહંત ચેનલ પર આવે છે તે પ. પૂ. ગુરૂજી પંકજભાઈ છે.

તેમણે પ. પૂ. ગુરૂજી સાથે વાતચીત કરી. ફરી પાછાં એ જ બહેન તેમના સંઘ સાથે ગેંગટોકમાં ગણેશ ટૂંક પર મળી ગયા. આ 'નમો જિણાણં' ટોપીના કારણે સંઘવાળા ભાઈઓએ ગુરૂજી સાથે વાતચીત કરી હતી. દાર્જિલીંગમાં રોપ-વે માં ચાના બગીચા જોવા ગયા હતા. રોપ-વે ટ્રોલીમાંથી વચ્ચે ઉતરવાનું ન હતું. તરત જ return થવાનું હતું. દરેકને cap પહેરવાની હતી. છ–છ જણના group માં ટ્રોલીમાં જતા હતા. દરેક ટ્રોલીને return થવા દેવામાં આવી. પરંતુ એક ટ્રોલીમાં cap પહેરેલી ન દેખાતા તેમને અટકાવી દેવામાં આવ્યા. પરંતુ મૈત્રીબહેનની બેગમાંથી 'નમો જિણાણં' ટોપી નીકળી. 'નમો જિણાણં' ટોપી બતાડયા બાદજ તેમને જવા દેવામાં આવ્યા.

આ તો થઈ રોજબરોજના જીવનમાં 'નમો જિણાણં' ટોપી કેવો ચમત્કાર સર્જે છે એની વાત.

પરંતુ 'નમો જિણાણં' ટોપી આપણાં જીવનમાં કેટલી મહત્વની છે તે તો પ. પૂ. ગુરૂજી પાસેથી પાવાપુરીમાં જાણ્યું.

પ્રથમ 'નમો જિણાણં' ટોપીના પાંચ રંગ એટલે પંચપરમેષ્ઠિના પાંચ પદના પાંચ રંગ – શ્યામ, વાદળી, પીળો, લાલ ને સફેદ. આ પાંચ રંગ આપણને અરિહંત સુધી પહોંચાડે છે. માટે જ આ ટોપી સાધારણ નથી પરંતુ પ્રભુનું શરણ છે. 'નમો જિણાણં' આ શબ્દ જે ટોપી પર લખેલો છે, એ આપણને યાદ અપાવવા માટે છે કે,

'હે પ્રભુ, હું તારા શરણમાં છું, હું તારી આજ્ઞામાં છું. હે પ્રભુ, હું જિન પરમાત્માએ બતાવેલ જીવનધારાનો સ્વીકાર કરું છું અને તેમની આજ્ઞાનો સ્વીકાર કરું છું અને એ પ્રકારે જીવન જીવવાનો નિર્ણય લઉં છું.'

મહાવીર પરમાત્માએ, ઉત્તરાધ્યયન સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં નિર્ગ્રંથ બનવાની વાત કરી છે. પ્રભુએ સૌનો મિત્રતાભાવે સ્વીકાર કરવા માટેની વાત કરી છે. નિર્ગ્રંથ બનવા માટે સૌને 'નમો જિણાણં' ભાવે સ્વીકાર કરો. જેવા આ 'નમો જિણાણં' ભાવમાં આવી જઈએ એટલે પ્રતિક્રમણ થઈ જાય.

માટે જ આ 'નમો જિણાણં' પ્રભુના શરણની ટોપી પહેરવાની છે. એટલે જ આ ટોપી સાધારણ નથી. એ પ્રભુ તરફનો ગદ્દગદ્દ ભાવ છે. ગદ્દગદ્દ ભાવ આવે એટલે પ્રભુ તરફ અહોભાવ પ્રગટ થાય. ને આ અહોભાવને આપણે આપણા માથા પર ચઢાવીએ છીએ.

માથા પર ચઢાવીએ એટલે આપણે automatic પ્રભુના છત્રમાં આવી જઈએ. અને atutomatic નિર્ગ્રંથ બનવાની શરૂઆત થઈ જાય.

આમ, આ છે 'નમો જિણાણં' ટોપી એટલે પ્રભુના શરણનો પ્રભાવ.

**નમો જિણાણં.**

શુભેચ્છક : જ

1. **અરિહંત TV Channel પર પ. પૂ. ગુરૂદેવ શ્રી પંકજભાઈની વાણી**

દરરોજ સવારે 8.30 કલાકે અને રાતે 11.30 કલાકે

2. **OPEN HOUSE YOUT FORUM (Age group 15 to 40 years) :**

યુવાવસ્થા, આજના આ આધુનિક યુગમાં fast moving car જેવી છે. દરરોજ નવા નવા પ્રશ્નો ઉદ્દભવે છે, જેના ઉત્તરો (જવાબો) ન આપણી પાસે છે ન આપણી આજુબાજુ છે.

તો શું આપને આપના પ્રશ્નોનું નિરાકરણ Scientifically અને Practically જોઈએ છે ?

તો આવો, આ Youth Forum માં જોડાઈને આપણા પ્રશ્નોના solutions લાવીએ અને જીવનને આનંદમય, મંગલમય અને દિવ્ય બનાવીએ.

**INAUGURATION DATE : 26th January, 2013**

**Time : 10.00 a.m. (Parle Centre)**

ત્યારબાદ, દર મહિનાના પહેલા શનિવારે મુલુંડ સેન્ટરમાં અને ચોથા શનિવારે પાર્લા સેન્ટરમાં રાત્રે 8.30 થી 10.30 દરમ્યાન આયોજિત થશે.

આપ સૌને આપના મિત્ર મંડળ, સગા સ્નેહીજનોને આમાં જોડાવાની પ્રેરણા છે.

**Contact : 9833133266 / 9322235233 / 9869862373**

3. **'નમસ્કાર મહામંત્ર યોગ' The Science of Divine Living - Part I (9 Sessions) :**

80% આપણે આપણું જીવન આપણા પરિવારની જરૂરિયાતો પૂરી કરવામાં જ વિતાવી દઈએ છીએ. સ્વના વિકાસ પર ધ્યાન આપતા નથી. આપણને આ માનવજીન મળ્યું છે એને સાર્થક કેવી રીતે કરવું એ વિચાર પણ કરતા નથી.

લોકો મનની અશાંતિ, આર્થિક મુશ્કેલી, શારીરિક અસ્વાસ્થ્યથી પીડાય છે, પરિવારમાં સુમેળ નથી.

શું આપને આ બધી હેરાનગતિથી મુક્ત થઈને સ્વનો વિકાસ કરવો છે ? માનવજીવનને સાર્થક કરવું છે ?

તો આવો, આ નવકાર મંત્રની નાવ (હોડી)માં સવાર થઈ જઈએ અને જીવનને વૈજ્ઞાનિક રીથે દિવ્ય બનાવીએ. (જે રીતે આજથી ૨૬૦૦ વર્ષ પહેલા ભગવાન મહાવીરે બતાવેલ).

| | | | |
|---|---|---|---|
| **Centre** | : | **દાદર** | **ભીવંડી** |
| **તારીખ** | : | તા. 6 જાન્યુઆરી 2013 થી શરૂ | તા. 13 જાન્યુઆરી 2013 થી શરૂ |
| સમય | : | સવારે 9.30 થી 12.30 | બપોરે 3.30 થી 6.30 |
| **Address** | : | શ્રી દાદર શ્વે. કચ્છી જૈન સંઘ<br>શીતલનાથ ગૃહ જિનાલય, રણજીત સ્ટુડીયોની સામે,<br>દાદાસાહેબ ફાળકે રોડ, દાદર (ઈસ્ટ). | શત્રુંજય ધામ<br>શત્રુંયજય ધામ, હાલારી મહાજનવાડીની સામે,<br>અંજુરફાટા, ભીવંડી. |
| **અર્પણભાવ** | : | રૂા. 900/- વ્યક્તિ દીઠ | રૂા. 200/- વ્યક્તિ દીઠ<br>રૂા. 700/- શ્રી રાયચંદ કાનજી શાહ (વ્યક્તિ દીઠના દાતા) |
| Contact | : | 9664011664 / 9821313813 | 9869862373 / 9820944517 |

4. **Celebration Satsang (ઉત્સવ સત્સંગ) (સમય : સાંજે 6.30 થી 8.30) :**

આ ઉત્સવ સત્સંગમાં સત્સંગીઓના Birthday અને Anniversary ઉજવાય છે. ત્યારબાદ monthly theme પ્રમાણે જાપ અને ત્યારબાદ personal સત્સંગ. મુલુંડમાં દર મહિનાના ત્રીજા શનિવારે અને પાર્લામાં દર મહિનાના બીજા શનિવારે થાય છે.

**શુભેચ્છક :** જ

5. **Open House Satsang (Time : 8.30 p.m. to 10.30 p.m.) :**

**પાર્લા સેન્ટર** – દર મહિનાના બીજા શનિવારે - શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર મહાવીર ભગવાનની અંતિમ વાણી
(હાલમાં પ.પૂ. ગુરૂદેવ ૭ મું chapter - શ્લોક ૨૧, સમજાવી રહ્યા છે)

**મુલુંડ સેન્ટર** – દર મહિનાના ત્રીજા શનિવારે – શ્રી ભગવદ્ ગીતા અને મારું જીવન.
(હાલમાં પ.પૂ. ગુરૂદેવ ૪ થું chapter સમજાવી રહ્યા છે.)

6. **Commiteed Sevak Shibir (Only for commitied sevaka) :**

પાર્લા સેન્ટરમાં દર મહિનાના ચોથા શનિવારે સાંજે 6.30 થી 8.30 દરમ્યાન અને મુલુંડ સેન્ટરમાં દર મહિનાના પહેલા શનિવારે સાંજે 6.30 થી 8.30 દરમ્યાન આયોજિત થાય છે.

7. **નવકાર મંત્ર દ્વારા જીવન જીવવાના 9 steps (Part - II) :**

નવકાર મંત્રના એક એક પદ સાથે ૯ ઔચિત્યનું જોડાણ કઈ રીતે છે, એના દ્વારા જીવન સહજ રીતે (effortless) કઈ રીતે જીવાય એની ચાવી આ શિબીરમાં જોવા મળે છે.

Part - II હાલમાં પાર્લામાં બપોરે 3.00 થી 6.30 અને મુલુંડમાં સવારે 9.30 થી 12.30 દરમ્યાન આયોજિત થઈ રહ્યું છે.

8. **આનંદ ઉત્સવ Party :**

Part I (દાદર અને ભીવંડી) તથા Part II (પાર્લા અને મુલુંડ)ના સત્ર પૂરા થતાં આનંદ ઉત્સવ party નું આયોજન તા. 21 એપ્રિલ, 2013ના પાર્લા સેન્ટરમાં કરેલ છે.

9. **મહાવીર જન્મ કલ્યાણક : તા. 23 એપ્રિલ, 2013 :**

આ અવસર પર આશ્રમો તથા હોસ્પિટલોમાં જઈને વાત્સલ્ય ભક્તિ કરવામાં આવે છે. તથા આશ્રમો અને હોસ્પિટલોની જરૂરિયાત મુજબ ત્યાં દાન કરવામાં આવે છે.

જેમને પણ આ અવસર પર ડોનેશન આપવાની ભાવના હોય તથા અન્ય માહિતી માટે એમણે Contact No.: 986905250 / 9833133266 પર સંપર્ક કરવા વિનંતી છે.

10. **નિસર્ગ આનંદ Picnic : તા. 25/26/27/28 April, 2013 :**

દર વર્ષની જેમ આ વર્ષે પણ નિસર્ગના ખોળામાં રહીને એ આનંદ કેવી રીતે મેળવાય એના પ્રયોગ રૂપે નિસર્ગ આનં પિકનિકનું આયોજન મહાબળેશ્વર ધામે કરેલ છે.

જેમને પણ આ આનંદની અનુભૂતિ કરવી હોય એ વહેલો તે પહેલોના ધોરણે પોતાના નામ લખાવી દેવા વિનંતી છે.

11. **Child-Parents Combined Practical Workshop :**

**(Age group : 6 to 13 yrs. & 14 to 19 yrs.) તા. 1 to 5 May, 2013, સ્થળ : પાર્લા સેન્ટર)**

બાળકો અને માતા–પિતા વચ્ચેના સંબંધોમાં સુમધુરતા લાવવી અને એમના પ્રશ્નોનું નિરાકરણ practically લાવવું અને scientifically એ આ workshop નું લક્ષ છે.

આવો, આવા અદ્દભુત workshop માં જોડાઈને જીવનને આનંદમય બનાવીએ.

**શુભેચ્છક :** જ

**12. Youth Forum with Parents Practical Workshop :**

Age group : 19 to 32 years

**તારીખ** : મે–જૂન 2013 માં શરૂ થશે.

**સ્થળ** : પાર્લા સેન્ટર

**સમય** : સાંજે 4.00 થી 8.00

**13. IInd Innings Golden Period Practical Workshop : Age nearing to 50 years & above**

50 વર્ષની આસપાસ પહોંચતા વ્યક્તિને પોતાના સ્વાસ્થ્યની, પૈસાની, હવે પછી આગળ શું કરવું, એ બધી ચિંતાઓ સતાવ્યા કરે છે. બાળકો એમની પોતાની life માં વ્યસ્ત રહેવાથી માતા-પિતાને એકલતા સતાવે છે. આ બધામાંથી બહાર કેવી રીતે આવવું અને આ age, આ period કેટલો golden છે એનું practical સ્વરૂપ એટલે આ workshop. આ workshop મે/જૂન, 2013 માં શરૂ થશે.

**(સ્થળ : પાર્લા સેન્ટર, સમય : સાંજે 4.00 થી 8.00)**

**14. અખાત્રીજ (અક્ષય તૃતીયા) મહાસત્સંગ – તા. 12 મે 2013 :**

દર વર્ષની જેમ આ વર્ષે પણ આ શુભદિને પ.પૂ. ગુરૂદેવ શ્રી પંકજભાઈના નિવાસ સ્થાને મહાસત્સંગ તથા ભક્તિસંધ્યાનું આયોજન કરેલ છે.

**For more details contact : 932223523 / 9833133266**

શુભેચ્છક : જ

નમો જિણાણં.

આમ તો જીવનમાં કેટલીય દિવાળી આવી અને વહી ગઈ. પણ આ વખતની દિવાળી મારા આ જીવનના પ્રવાસમાં અનોખી, અદ્ભૂત અને અવિસ્મરણીય હતી. દિવાળીમાં આપણે દ્રવ્યદીપક પ્રગટાવીએ છીએ. પણ આ દિવાળીમાં ખરેખર હૃદયમાં ભાવદીપક અને જ્ઞાનદીપકનું પ્રગટીકરણ થઈ ગયું.

૨૬૦૦ વર્ષ પહેલા મહાવીર ભગવાન જે અંતિમ દેશના આપી ગયા હતા એ સાંભળ્યુ હતુ પણ આ દિવાળીમાં એવું પ્રત્યક્ષ, live એ દેશનાને અનુભવી.

આ વાત છે પાવાપુરીની. જ્યાં પ. પૂ. ગુરૂજીની સતત અડતાલીસ કલાક મહાવીર ભગવાનની દેશના વૈખરી વાણી અને દિવ્ય વાણી સ્વરૂપે નવ સત્રમાં વહેતી રહી. ત્યાં રહેલ દિવ્ય પરમાણું અને દિવ્ય ધ્વનિનો પ્રત્યક્ષ અનુભવ કર્યો.

અંતે, સાતમાં સત્રમાં મહાવીર બનવાની શરૂઆત થઈ ગઈ. જેમ મહાવીર એકલા નીકળી પડ્યા હતાં જંગલમાં, એમ હું પણ બધાને છોડીને જંગલમાં મંગલ કરવા નીકળી પડી છું. એવી તૈયારી ગુરૂદેવે કરાવી હતી.

અને, અંતે રાતના બાર વાગ્યે પ્રભુના નિર્વાણ વખતે જાણે મારી અંદર મહાવીરનો જન્મ થયો હોય, એવા ઉલ્લાસ સાથે ત્યાં ઉત્સવ કર્યું.

ગુરૂદેવે જે ગૌતમસ્વામીના વિલાપનું જે વર્ણન કર્યુ હતું એ ખરેખર ગૌતમનો વિલાપ નહી પણ ખરેખર તો એ મારો વિલાપ હતો. મહાવીર તો ચાલ્યાં ગયાં હવે મારું કોણ ? આ જંગલમાં જાણે હું એકલી રહી ગઈ છું. સતત આ વિલાપ ત્યારે મારી અંદર ચાલુ હતું. પાવાપુરીમાં જે બે દિવસનો અનુભવ છે એ આ જીવનની યાત્રા અને આવનાર અનંત જીવનની યાત્રાનું આ turning point છે. મારા આ યાત્રા પ્રવાસમાં મારી અંદર ભાવદીપક અને જ્ઞાનદીપકનું પ્રગટીકરણ થઈ ચૂક્યું છે.

જલમંદિરમાં મહાવીર ભગવાનના પરમાણું ગ્રહણ, પ. પૂ. ગુરૂદેવ સાથે જાપ કરી, સમવસરણના દર્શન કર્યા.

રાજગૃહીમાં નાલંદા વિદ્યાપીઠની મુલાકાત લીધી. કુંડલપુરમાં ગૌતમસ્વામીના દર્શન કરી ત્યાં પ. પૂ. ગુરૂદેવ સાથે જાપ કર્યા. રાજગીરીમાં રોપ વે માં ૬ ઠ્ઠા પહાડ પર ગયાં. ત્યાં બૌધ્ધ મંદિરમાં 'ના મુ મ્યો હો રેં ગેં ક્યો'' આ મંત્રનો પ. પૂ. ગુરૂદેવ સાથે જાપ કર્યા. સાંજે વિરાયતનની મુલાકાત લીધી.

બીજે દિવસે વહેલી સવારે નીકળી ગૌતમસ્વામીની કેવળજ્ઞાનની ભૂમિ ગુણિયાજીમાં ગુરૂ ગૌતમનાં દર્શન કરી તેમની કૃપા ગ્રહણ કરી.

ત્યાંથી લછવાડ મહાવીર ભગવાનની જન્મ કલ્યાણક ભૂમિના દર્શન કર્યા. ત્યાં પ. પૂ. ગુરૂદેવે ઝાડ નીચે બેસી દેશના આપી. ત્યારે સાક્ષાત પ્રભુ જ જાણે દેશના આપતા હોય એવો અનુભવ થયો.

સમ્મેતશિખર એટલે સમતાના શિખર. જ્યાં વીસ તીર્થંકર નિર્વાણ પામ્યા છે એવી ભૂમિને સર કરવા પ. પૂ. ગુરૂદેવ સાથે ત્રણ પડાવમાં યાત્રા શરૂ કરી. પહેલાં પડાવમાં મારી અંદર જે દોષ હતાં, તે સર્વને પહાડ ઉપર ફેંકતા હળવી ફુલ બની ગઈ. બીજા પડાવમાં વચનમૌન અને વિચારમૌન થઈ, કુદરતી સૌંદર્ય માણતા, પાર્શ્વનાથ દાદાને ભેટવા આગળ વધતી રહી. અંદરથી સર્વ દોષ, ગમા, અણગમા, માન્યતાઓ, અભિપ્રયોગી સર્વને યાદ કરી મુક્ત કરતી ગઈ. ને પ્રભુને પ્રાર્થના કરતી ગઈ કે, ફરીથી આવા દોષ ન થાય એવી જાગૃતિ આપજે.

જલમંદિરમાં પ. પૂ. ગુરૂદેવની ભક્તિના રંગમાં એવી રંગાઈ ગઈ કે 'સ્વ'નું પણ ભાન ભુલી ગઈ. બીજા દિવસે સવારના વીસ તીર્થંકરની કૃપા ગ્રહણ કરી, તેમના દિવ્ય પરમાણુંઓ ગ્રહણ કર્યા. જે આજે પણ મૌજુદ છે તેનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. પરમસુખના આવા આયોજન વારંવાર થતા રહે. અને ફરી ફરી આવા આયોજનમાં હુ જોડાઉં એવી પ્રભુને પ્રાર્થના કરીશ. જેથી આવી ભાવધારા દ્વારા વધારાનો અંત આવે. અંતે હું પન નિર્વાણ પદને પામું અને સહુ આવી યાત્રામાં જોડાય જેથી કરીને સર્વનું મંગલ થાય.

બસ, આવા ભાવ સાથે ત્યાંથી નીચે ઉતરતાં ઉતરતાં ભગવાનના પ્રેમ અને મૈત્રીના સંદેશને એકએકના હૃદય સુધી પહોંચાડવાના હેતુથી સૌ કોઈને 'નમો જિણાણં' કહી પેમ્પલેટની પ્રભાવના કરતી ગઈ.

નીચે ઉતરતા ગુરૂદેવ સાથે સત્સંગ કરતાં, પ્રશ્નોનું નિરાકરણ કરતાં ન સાથે Pamplet ની પ્રભાવના. ખરેખર, અદ્ભૂત અને અવિસ્મરણીય પ્રસંગ હતો. રસ્તામાં ખળખળ વહેતા ઝરણાનું પાણી પીધું, ઝરણાનું મધુરું સંગીત માણ્યું ને પ. પૂ. ગુરૂદેવ સાથે ભક્તિ કરી. ને આ આનંદની લહેરખીઓ સાથે ક્યારે નીચે ઉતરી આવ્યાં એ ખબર જ ન પડી.

અહીં સમ્મેતશિખરની યાત્રા પૂર્ણ થઈ. પરંતુ મારા અંદરની જે આનંદની યાત્રા છે એની શરૂઆત થઈ ગઈ હતી. બસ, આ આનંદ સાથે ઋજુવાલિકા અને ચંપાપુરી ગયાં. ત્યાંથી ભાગલપુરથી ટ્રેન દ્વારા જલપાઈગુડી પહોંચ્યાં. ત્યાંથી દાર્જિલીંગ પહોંચ્યાં.

## દાર્જિલીંગ

રાતના દસ વાગ્યે દાર્જિલીંગ પહોંચ્યા. ત્યાં જાહેર કર્યું કે બીજા દિવસે સવારના ૪.૦૦ વાગ્યે કાંચનગંગા જોવા જવાનું છે. એટલે સવારના ૪.૦૦ વાગ્યે અમે સહુ ત્યાંથી કાંચનગંગા જોવા રવાના થયા. કાંચનગંગા પહોંચ્યા. ત્યાં એ કાંચનગંગા જે હિમાલયની બરફની શીલાઓ છે એને જોઈ. આ દ્રશ્ય જોવા જેવુ છે. આ કાંચનગંગા પર સૂર્યના જે પહેલાં કિરણો પડે છે એ direct આ કાંચનગંગા પર પડે છે ત્યારે આ બરફની સફેદ દેખાતી શીલાઓ golden દેખાવા લાગે છે. ત્યારનો જે નજારો છે એ ખરેખર જોવા લાયક હતુ. દાર્જિલીંગમાં સવારના ૬.૦૦ વાગ્યે જે સૂર્યના કિરણો ઉગે છે એ કિરણ direct કાંચનગંગા નદી પર જ reflect કરે છે. અને અમે એ નજરાને એ golde નજરાને માણ્યુ. મારા જીવનમાં પણ જો આ golden period હતો આ નજારાને મણાવાનુ. ખરેખર આ અવસર એક યાદગાર અવસર એક golden અવસર બની રહેશે જીવનમાં. આ અવસરને માણી અમે ત્યાંથી રવાના થયા. ત્યાર બાદ ત્યાં આવેલ એક મંદિરમાં ગયા હતા. એ મંદિરમાં બેસી ત્યાં જાપ કર્યા. એ મંદિરની બહાર એક મંત્ર હતુ. આ મંત્રને ફેરવવાથી આપણી અંદર મંત્રની સ્થાપના થઈ જાય છે એવુ કહેવાય છે. એટલે એ મંત્રને ફેરવ્યુ. જેથી મારા જીવનમાં મંત્રની સ્થાપના થાય.

ત્યાર બાદ ત્યાં આવેલ એક્વા ગાર્ડનમાં ગયા. ત્યાં એ ગાર્ડનમાં થોડીવાર બેઠા. ત્યાર બાદ ત્યાંથી રવાના થયા. હવે પાછા hotel માં ગયા ત્યાં નવકારશી કરી. ત્યાર બાદ ત્યાં આવેલ બુધ્ધના મંદિરમાં ગયા હતા. જ્યાં દરેકને એક નાનુ drum વગાડવા માટે આપવામાં આવે છે. આ drum મંત્રનાં ઉચ્ચાર સાથે વગાડવામાં આવે છે. મંત્ર 'ना म्ये मों हो रेंगे क्यों' આ મંત્રના ઉચ્ચાર સાથે drum વગાડવામાં આવે છે. ત્યાં અમે સહુએ જાપ કર્યા. ત્યાર

શુભેચ્છક : જ

બાદ ત્યાં બાજુમાં જ મંદિરનું બૌધ્ધ સ્તુપ છે ત્યાં ગયા. આ ઘુમ્મટની ફરતે ચારે બાજુ બુધ્ધની અલગ અલગ સ્વરૂપની પ્રતિમાજી છે. એના વિષે ગુરૂદેવે ત્યાં સમજાવ્યુ અને ત્યારબાદ અમે સહુ દાર્જિલીંગની સહેલ કરવા એટલે ત્યાંની રોપ-વે ની મજા માણવા ગયા હતા. રોપ-વે માંથી દાર્જિલીંગની અદ્દભૂત સૌંદર્યતા, હરિયાલીનો નજારો માણ્યો. ચારેબાજુ હરિયાલી જ હરિયાલી હતી. નીચે જુઓ તો ચા ના બગીચાની સુંદરતા અને આજુબાજુ દાર્જિલીંગની શોભા વધારતા ત્યાંના લાંબા વ-ક્ષની ઘટમાળાઓ ત્યાંની શોભા વધારી રહી છે. ત્યાંની પ્રકૃતિને મન ભરીને માણી. અહીં ચારેબાજુ હરિયાલી જ હરિયાલી છે. આ હરિયાલીને મન ભરીને માણી ત્યાંથી Gangtok તરફ પ્રયાણ કર્યું.

## Gangtok

અહીં અમે સવારના નાથુલા બોર્ડર તરફ જવા પ્રયાણ કર્યું. આગળ જતાં રસ્તામાં traffic જામ હતો. પૂછપરછ કરતાં ખબર પડી કે આગળ એક ગાડી પલ્ટી જતાં accident થઈ ગયો છે એટલે રસ્તો જામ હતો. અમે સહુ ગાડીમાંથી ઉતરી એક side ઉપર ગોઠવાઈ ગયા હતા. ત્યાં ગુરૂદેવે જાપ કરાવ્યા અને ધૂન કરાવી. એક તો ત્યાંનુ environment એટલુ જબરજસ્ત હતુ અને એમાં જાપ અને ધૂનમાં એવા તો ખોવાઈ ગયા કે અમે ભૂલી ગયા હતાં કે અમે ચારે બાજુ વૃક્ષોથી છવાયેલા પાહડોની વચ્ચે અટકી ગયા છીએ. ખરેખર જંગલમાં પણ મંગલ કેમ કરવું એ પૂ. ગુરૂદેવ દ્વારા ત્યાં અનુભવ્યુ. ગમે એવી પરિસ્તિતિ આવે તો પણ મન પ્રસન્નતા અને ચિત્ત પ્રસન્નતા જળવાઈ રહે એનું પ્રત્યક્ષ અનુભવ પૂ. ગુરૂદેવ દ્વારા કરવા મળ્યુ.

બે કલાક પછી પણ રસ્તો clear ન થતાં અમે સહુ ત્યાંથી return થયા. ત્યાં રસ્તામાં જ ગણપતિ tohk અને હનુમાન tohk ના દર્શન કર્યા. ત્યારબાદ watter falls પર આવ્યા. Watter falls જોઈને એવા તો હર્ષઘેલાં બની ગયા હતાં કે, સહુ અલગ-અલગ posture માં camera માં click થઈ ગયા હતાં. Water falls નું આનંદ માણી અમે સહુ પાછા ફર્યા.

બીજા દિવસે સવારે જાખરી Water falls તરફ જવા પ્રયાણ કર્યું. Watter falls જોતાં જ આગલા દિવસની જેમ જ એવા તો હર્ષઘેલાં બની ગયા કે ત્યાં પણ અલગ-અલગ posture માં camera માં ઝપડાતાં ગયા. બહુ જ enjoy કર્યું. ત્યાં પૂ. ગુરૂદેવે 'ૐ નમઃ શિવાય'ના જાપ કરાવ્યા. સહુએ ત્યાં ભાવથી જાપ કર્યા. આ જાપના આનંદ લેતા અમે સહુ ત્યાંથી બુધ્ધના મંદિર તરફ જવા પ્રયાણ કર્યું.

આ મંદિરની ફરતે ચારેબાજુ મંત્ર હતા. લખેલા ગોળાકાર મંત્ર હતા. ફેવવાથી આપણી અંદર મંત્રની સ્થાપ્ના થાય છે. બસ આ આનંદ સાથે ત્યાંથી અમે સહુ કોલકત્તા જવા તરફ પ્રયાણ કર્યું.

## કોલકત્તા

કોલકત્તામાં સૌથી પહેલા દાદાવાડીમાં ગયા. ત્યાં શાંતિનાથ ભગવાનનું દેરાસર છે. આ દેરાસરની કારીગીરી અથ્યંત મનમોહક છે. આ દેરાસર આખું કાચનું બનાવેલું છે. આખા ભારતમાં આ કોલકત્તાનું દેરાસર નંબર વન દેરાસર છે. અહીં અમે શાંતિનાથ દાદાના દર્શન કરી ભવાનીપુર ગયા. જ્યાં અમારું રોકાણ હતું. ત્યાંથી અમે નહેરુ children muzium ની મુલાકાત લીધી. ત્યાં દરેક દેશની વિવિધ પ્રકારની doll નું પ્રદર્શન મૂકવામાં આવ્યુ છે અને રામાયણ અને મહાભારતની કથા દ્વારા દર્શાવવામાં આવી છે. ત્યાંથી અમે વિકટોરીયા muzium ની visit લીધી. આ muzium જોયા પછી ત્યાંની પ્રખ્યાત જાલ મૂળી ભેલની મજા માણી. પછી ત્યાંથી અમે બિરલા મંદિરમાં ગયા. જે સનાતન ધર્મ તરીકે પ્રચલીત છે. અહીં અમે રાધાકૃષ્ણના દર્શન કર્યા. ખરેખર, બહુ જ સુંદર આ મંદિર છે. અહીં દર્શન કરી અમે કોલકત્તામાં આવેલ Science city તરફ ગયા.

Science city માં પ્રવેશતાં જ જાણે કોઈ અજબ-ગજબની દુનિયામાં આવી ગયા હોઈએ એવુ લાગ્યુ. ત્યાં 3D મૂવીની મજા માણી. પછી ત્યાં આવેલી Scientific games ની મજા માણી. અડધી જ games ની મજા માણી ત્યાં જ time પૂરો તઈ જતાં બાકી જે રહી ગયુ હતુ એ જોવા ફરી પાછા કાલે આવશું એમ ગુરૂદેવે જાહેર કર્યું અને અમે ત્યાંથી રવાના થયા. બીજા દિવસે ત્યાં આવેલ રામકૃષ્ણ પરમહંસ આશ્રમમાં ગયા હતા. આ આશ્રમમાં રામકૃષ્ણ અને સ્વામી વિવેકાનંદનું જીવનચરિત્ર દર્શાવવામાં આવ્યું છે. આ જોયા બાદ આશ્રમને લાગીને જ ગંગા નદી છે. આ નદીને પાર દક્ષિણેશ્વર ઘાટ છે. જ્યાં કાલીમાનું મંદિર છે. એટલે અમે સહુ boating ની સહેલ માણતાં માણતાં દક્ષિણેશ્વર પહોંચ્યા. ત્યાં કાલીમાના દર્શન કર્યા અને સાથે ત્યાં બાર શિવલીંગના પણ દર્શન કર્યા. દર્શન કરી ફરી પાછા boat ની સહેલ કરતાં પાછા આશ્રમમાં આવ્યા ને ત્યાંથી અષ્ટાપદ તીર્થ તરફ પ્રયાણ કર્યું. અષ્ટાપદ તીર્થ બાલી jute માં આવેલું છે. અષ્ટાપદ તીર્થ ઉપર પહોંચતાં જ આ તીર્થ વિષે પૂ. ગુરૂદેવે સમજાવ્યું હતું કે, અષ્ટાપદ પર પહોંચવા માટે ૫૦૦ તાપસ સાધના કરતાં હતાં અને ત્યારે ગુરૂ ગૌતમ ત્યાં આવે છે ને એક આંગળી ઉપર કરે છે અને સૂર્યના કિરણ દ્વારા તે તરત જ અષ્ટાપદ પર પહોંચી જાય છે અને ૫૦૦ તાપસ આ જોતાં જ રહી જાય છે. એના વિષે પ.પૂ. ગુરૂદેવે સમજાવ્યું હતું. ત્યાં અમે સહુએ દર્શન કર્યા અને પ.પૂ. ગુરૂદેવે જાપ કરાવ્યા અને અમે સહુએ ત્યાં જાપ કર્યા હતા. બસ પછી ત્યાંથી સહુ banyan tree જોવા માટે ગયા હતા. આ tree ની speciality છે કે આ ઝાડની જ ડાળીઓમાંથી બીજુ ઝાડ ઉગી નીકળે છે અને આ બીજા ઝાડની ડાળીઓમાંથી જ ત્રીજુ ઝાડ ઉગે છે. હજી સુધી આ ઝાડનું મૂળ થડ ક્યાં છે તે નથી ખબર.

આ banyan tree જોયા બાદ ફરી પાછા અમે science city માં ગયા. ત્યાં સૌથી પહેલાં મહાકાય ડાયનાસોરને જોયા. વિવિધ પ્રકારના ડાયનાસોરના મોડેલ નિહાળ્યાં બાદ અમે સહુએ 3D Adventure movie જોઈ. ત્યાર બાદ બાકી રહેલી games ની મજા માણી. બસ, અહીં સંપૂર્ણ યાત્રાની પૂર્ણાહૂતિ થાય છે. પરંતુ આ યાત્રા મારા જીવન અને આવનાર અનેક જીવનનો turning point હતુ.

પ.પૂ. સદગુરૂના સાંનિધ્યમાં જે અપૂર્વ યોગ મળ્યો એનો ઉપયોગ કરી જીવન સાર્થક થઈ ગયુ.

મારી આ યાત્રા પ.પૂ. ગુરૂદેવના કારણેજ શક્ય બની છે અને આ સંપૂર્ણ યાત્રાનો અનુભવ હું એમને જ સર્મપિત કરું છું. અને ફરી આવા આયોજન થતાં રહે અને હું આ આયોજનમાં જોડાઉ, એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીશ. જેથી કરીને આવી ભાવધારા દ્વારા ભવધારાનો અંત આવે. બસ, એ સાથે જ વિરમૂં છું.

નમો જિણાણં.

શુભેચ્છક : જ



**૧. સમયસાર ગ્રંથ કેવી રીતે બન્યો ? કોણે રચ્યો છે ?**

જ. કુંદકુંદઆચાર્ય એ બહુ ઉચ્ચ કોટીના આચાર્ય હતાં. આધ્યાત્મિક રીતે અને આપણે જેને આહારક શરીર કહીએ છીએ, બીજા પ્રકારનું શરીર, એ મોકલી શકતા હતાં, એવી લબ્ધિ એમની પાસે હતી. એ આહારક શરીર દ્વારા ત્યાં સીમંધર સ્વામીના સમોવસરણમાં જતા હતા. મહાવીર ગયા પછી એ આઠસો વર્ષે આવ્યાં હતાં. ઈતિહાસમાં લખે છે કે, જ્યારે પણ એમને સંશયો થતા ત્યારે તઓ એમનું આહારક શરીર સીમંધર સ્વામીના સમોવશરણમાં મોકલતાં અને ત્યાં બેસતાં. કારણકે ભગવાનના સમોવશરણમાં જે કોઈપણ સવાલ લઈને બેસે તેને જવાબ automatic મળે. એટલે આ આખું સમય સાર છે.

સમય એટલે આત્મા. સમય એટલે હું પોતે જ. સમય એજ હું અને હું જ એ સમય. આ આખી રજુઆત સિમંધર સ્વામીની છે. અને એ રજુઆત એ સમયસારમાં તત્વરૂપે બહુ પ્રખ્યાત હતુ. ઉમાસ્વામી મહારાજે, જે દર્શન બતાવ્યું છે 'જિનદર્શન' એ સૌને ખબર જ હતી પણ વિશેષ રૂપે આત્મકલ્યાણ માટે, આત્મશુદ્ધિ માટે, આત્મવિકાસ માટે કયો માર્ગ ભરતક્ષેત્રને યોગ્ય હોઈ શકે એ તિર્થંકર જ બતાવી શકે.

તિર્થંકર પરમાત્માના સમોવશરણમાં જઈને આવા પ્રશ્નો એ પૂછતા હતા, કે, આ કાળમાં ભરતક્ષેત્ર માટે કયો માર્ગ ઉચિત છે ? શું લક્ષમાં રાખીને જીવન જીવવું જોઈએ ? આત્મકલ્યાણ માટે કયો શ્રેષ્ઠ ઉપાય છે ? આવા પ્રશ્નો લઈને એ ગયા હતા. એનો જવાબ છે 'સમયસાર'.

પછી એ પોતે અહિંયા આવીને સમયસાર રૂપે ગ્રંથની રચના કરે છે આત્મકલ્યાણ માટે. આ રીતે સમયસાર બન્યો છે. ૩૨૬ શ્લોક રૂપે છે.

છેલ્લા દસ શ્લોક એ આખા સમયસારનો climax છે. એ નાટકરૂપે પ્રસ્તુત કરે છે. જીવ અને પરમાણુની રમત દેખાડે છે એમાં. જીવ અને પરમાણુ કેવી રીતે રમત રમે છે એકબીજા સાથે ? જીવનો ગુણ શું છે ? પરમાણુનો ગુણ શું છે ? એનું આખું વર્ણન એની અંદર છે. જે રીતે સીમંધર સ્વામીએ બતાવ્યું છે એ રીતે છે.

એટલે આખો સમયસાર છે એ કુંદકુંદાઆચાર્યનો સીમંધર સ્વામીની પ્રેરણાથી રચિત ગ્રંથ છે. દિગંબર સંપ્રદાયમાં શાસ્ત્રમાં માનતા નથી કારણકે શાસ્ત્ર માનવરચિત છે. દ્વાદશાંગી રચિત નતી, શાશ્વત સ્વરૂપ નથી એટલે નથી માનતા એ લોકો માટે સમયસાર મુખ્ય ગ્રંથ છે કારણકે કુંદકુંદઆચાર્યએ ત્યાં જઈને શાશ્વત સાંભળેલું છે. એટલે એ લોકો સમયસારને શાશ્વત માર્ગ સમજે છે. દીગંબરમાં બહુ જ મહત્ત્વ છે. કારણ આ સહજ સ્વરૂપ પ્રગટ છે એટલે દિગંબર આ ગ્રંથને પ્રભુની વાણી, શાશ્વત વાણી સમજે છે આ કાળ માટે.

**૨. કેવળજ્ઞાન એટલે શું ?**

જ. આત્માની પરમ શુધ્ધ દશા. જ્યાં કોઈપણ major આવરણ જે ચાર પ્રકારના હોય છે. જ્ઞાન, દર્શન, મોહ અને અંતરાયના આવરણ. જે આ ચાર આવરણથી મુક્ત થાય છે એ દશાનું નામ છે 'કેવળજ્ઞાન'. જ્યાં એ full freedom ને મહેસુસ કરે. કેવળજ્ઞાનીને આપણાં જેવું જ શરીર હોય છે. આપણી જેમ જ કપડાં, વ્યવહાર, બોલવું, ચાલવું હોય છે. ઘણીવાર કેવળી આપણી સાથે ચાલતાં હોય તોય આપણને ખબર ન પડે. આપણા જેવો અજ્ઞાની કેવળીને ઓળખી શકે એવી આપણી પાત્રતા નથી. આ અંતરની દશા છે. આ કોઈ જ્યોતિષ નથી કે ભવિષ્ય ભાખી શકે. કોઈ ઈતિહાસ નથી કે તમને ભુતકાળનો ઈતિહાસ બતાવે. પોતાની દશા પર શુધ્ધ છે એ દશાનું નામ જે 'કેવળજ્ઞાન' છે.

ઉપયોગ મૂક્યા પછી એમને ખબર ન હોય પણ તમે પ્રશ્ન પૂછો એટલે એ પોતે ઉપયોગ મૂકે અને પછી પોતાની દશામાંથી જવાબ આપે એ કેવળજ્ઞાન.

**૩. લોકો કહે છે સર્વજ્ઞ અને કેવળજ્ઞાન દશા એક જ છે ?**

જ. સર્વજ્ઞ અને કેવળજ્ઞાન દશા એક જ નથી. સર્વજ્ઞને કેવળજ્ઞાન હોય અને ન પણ હોય. સર્વજ્ઞાની હોય પણ કેવળજ્ઞાની ન પણ હોય.

સર્વજ્ઞ એટલે પંડિત. જે દુનિયાના ઘણાં રહસ્યો જાણૈ છે. દુનિયાના બધા શાસ્ત્રો જાણે છે. પણ એ બુધ્ધિથી જાણે છે. પણ એ સર્વજ્ઞ કેવળજ્ઞાની હોય એવું જરૂરી નથી.

કેવળજ્ઞાનીને કોઈપણ પ્રશ્ન પૂછો ત્યારબાદ એ ઉપયોગ મૂકીને પછી જવાબ આપે છે. એ જાણકાર નથી. Search મુકીએ એટલે computer માં પ્રશ્ન છે ને answer excess કરી પોતાનો કે બીજાના પ્રશ્નનો જવાબ આપવા process same છે. કારણકે એ delete from this world. કેવળજ્ઞાન is total delete from this world having body. એટલા માટે ગૌતમ સ્વામીએ છત્રીસહજાર સવાલ પૂછવા પડયા. એમને ખબર પડી કે, કેવળજ્ઞાન દશા કેવી છે. એટલે એમણે પ્રશ્ન પૂછવાનું શરૂ કર્યું બીજા જીવો માટે.

જો કેવળજ્ઞાનીને પ્રશ્નો ન પૂછે તો એ કોઈ દિવસ જવાબ આપવાના નથી. એ બહુ ઓછું બોલે. તમે પૂછોને એ one line answer આપે.

**૪. આપણે આટલી મોટી જાત્રાઓ કરીએ, સત્સંગમાં રહીએ ને પછી સાથે સાથે આપણે family life સાથે connect રહીને દુ:ખી થઈએ તો આપણે આ જે બધું સત્સંગ કરેલો એ બધુ west ગયું કે દોષમાં આવીએ ?**

શુભેચ્છક : જ



જ. તમારી પાસે સમજો કરોડો રૂપિયા છે. ૫૦ હજાર અહિંયા invest કર્યા, ૫૦ હજાર ત્યાં invest કર્યા.... એવી રીતે અલગ અલગ જગ્યાએ invest કર્યા. એક જગ્યાએ loss ગયો. તો બધે જ loss જવાનો ? નહીં ને. બસ, દોષ એટલો જ લાગે, તમે જેટલો કર્યો છે. તમને loss એટલો જ થાય જેટલો સોદો invest માં ગોટાળો છે, decision માં wrong છે.

**૫. व्रत और नियम लेना आवश्यक है ? जो लोग पच्चखाण नही लेते है क्या वह इन्सान चोबीस घंटे दोष में रहता है ?**

જ. અહિં ભગવાન શુધ્ધિકરણ આપતા કહે છે, આ સંસારમાં કેટલાક લોકો એમ જ માને છે કે પાપના પ્રત્યાખ્યાન કર્યા વિના જ તત્ત્વને જાણી અને સ્વીકારી લે તો સર્વ દુઃખથી મુક્ત થઈ જાય.

भगवान ये कह रहे है कि कितने लोग मानते है कि पच्चखाण लेने की आवश्यकता नहीं है । पच्चखाण न लेने के बावजुद भी दु:ख से मुक्ति हो शकती है । यह बहुत बड़ा controversion भी है और बहोत गहेरी चीज भी है । कई लोग आज प्रचार करते है पच्चखाण लेने की कोई आवश्यकता नही है । सबसे पहले पच्चखाण याने क्या ? अपच्चखाण क्या है ?

हमने क्या मना लिया है कि व्रत, तप, जप, नियम जो हाथ जोड़के नियम लेते है, निर्धार करते है, उसे पच्चखाण कहते है । सबसे पहले defination ही गलत है । यह statement भगवान का एकदम clean and clear है । लेकिन हम इसे समज नहीं पा रहे है । हमने इसे तोड़-मोड़-जोड़ के अपने हिसाब से बना लिया कि, ભાઈ આમ હાથ જોડીને પચ્ચખાણ ન લેતો દોષ વધતા જાય. ભગવાને ઉત્તરાધ્યયન સૂત્રમાં અધ્યયન નં. ૬, શ્લોક નં. ૧ માં કહ્યું છે કે – बिना पच्चखाण दोष ही जमा होते है । दोष से मुक्ति होने की संभावना नही है । भगवान के उनके स्वयं के साक्षात प्रत्यक्ष शब्द है, जो सुधर्मा स्वामी गणधरने सुने थे । सुधर्मा स्वामी भगवान के आसपास घुमते रहते थे । जो शब्द निकलते थे, अपने दिल में लिख लेते थे और फिर अपने शिष्य जंबुस्वामी को बताते थे कि, मैने ऐसा स्वयंने महावीर स्वामी को सबको बताते हुए सुना और यह अभी मैं तुजे बता रहा हुँ । जो मैने प्रत्यक्ष सुना और अप्रत्यक्ष बता रहा हुँ । भगवान स्वयं ही १०वे श्लोक में कहते है, जो लोग बंध और मोक्ष वगैरे तत्वो की बाते करते है और प्रत्याख्यान होता ही नहीं है उसके जीवन में उसका क्या हाल होता है ? जब निर्णय लेने की बात आती है, तब बोलते है उसमे निर्णय क्या लेना ? मैने मान लिया । धारणा कर ली । हो गया पच्चखाण मेरा । पानी नहीं पिने का नक्की किया, और पांच मिनिट बाद पानी पी लिया, तो धारणा कहाँ गई ? ऐसे लोग वाचाण बनके मात्र आड़ंबर से अपने आपको धर्मी होने का आश्वासन देते है । और संतोष मानते है कि, ऐसा भगवान ने कहा है । मुक्ति की बात करते है और बिना पच्चखाण मुक्ति हो शक्ती है और ऐसा convince भी करते है । और पच्चखाण लेने से रोकते है ।

भगवान कहते है, मुजे अगर निर्ग्रंथ बनना है, मुक्त होना है, परम मुक्ति याने मोक्ष पाना है (मोक्ष याने परम मुक्त अवस्था हंमेशा के लिए) तो भगवान बताते है कि, मैं जो पच्चखाण की बात कर रहा हुँ, ये निर्ग्रंथ बनने के लिये पच्चखाण है ।

अगर तु निर्ग्रंथ बनेगा, तो मुक्ति अपने आप होगी ।

पच्चखाण याने बंधन नही, मुक्ति का निर्णय जब actual काम करने का आता है, तब हम track से निकल जाते है । Track से न निकल जाने के निर्णय को ''पच्चखाण'' कहते है । भगवान कहते है, तुजे यह निर्णय लेना है, तुजे निर्ग्रंथ बनना है, तो यह पच्चखाण आवश्यक है । लेकिन हमने क्या किया ?

સવાર સુધી પચ્ચખાણ.

અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અપ્પાણં........

इसीको हमने पच्चखाण बना दिया । लेकिन यह पच्चखाण नहीं है, भगवान ने बताया, ''मुजे निर्ग्रंथ बनना है, यह निर्णय लेना है इसीको पच्चखाण कहते है और इसीको मुक्ति का पच्चखाण कहते है ।''

यथातथ्य सत्य है, यह पच्चखाण लेना की, मुजे नहीं होना परेशान, मुजे निर्ग्रंथ बनना है, यह भगवान कहते है । और यह पच्चखाण लेने के लिए, बाकी सब व्रत, तप, नियम लेने है । यह अध्ययन का center point है । तु जो भी करता है जीवन में, धर्म के स्वरुप में, धर्म का center point क्या है ? ''मुजे निर्ग्रंथ बनना है'', ''मुजे नहीं होना परेशान'', मैं परम मुक्त बनुँगा, मैं परम आनंद प्रगट करुँगा, यह परम मुक्त बनने के लिए तु जो भी व्रत, नियम करेगा, everything is correct. अगर तेरे व्रत, नियम तुजे बांधते है, तकलीफ देते है, तो तकलीफ देने के लिए व्रत, नियम नहीं होते । व्रत नियम निर्ग्रंथ अवस्था को प्रगट करने के लिए होते है । अगर तु व्रत नियम लेता है, तो तुजे

શુભેચ્છક : જ



जागृति रखनी है, यह सारा कोनसी दिशा में जाते है ? मुजे नहीं होना परेशान, मुजे निर्ग्रंथ बनना है, मुजे परम मुक्त होना है, अगर इस दिशा में नहीं है, तो वो सब मिथ्या है, वह पच्चखाण नही है ।

**૬. પ્રતિક્રમણ જે આપણે કરીએ છીએ જે delete કરવાનો process છે એ આપણે last birth ની પણ કરી શકીએ શું ?**

જ. હા, અત્યારના પહેલા ૨૪ કલાકની પ્રેકટીસ કરો. રસોઈ શીખો તો દાળ-ભાતથી શરૂઆત થાય. ભાત કરતા કુકર આવડે, પછી દાળ શીખો, પછી શાક ઉપર આવો. આટલું આવડી જાય પછી રોટલી પર આવો. એવી રીતે ભગવાને કહ્યું, પહેલાં પ્રતિક્રમણની અંદર expert બની જાય, ૨૪ કલાકના પ્રતિક્રમણમાં, પછી રોજ day to day moment ની અંદર વણવાનું કે પ્રતિક્રમણ કરવાની જરૂરત જ ન પડે. Lifestyle એવી બનાવો કે એમાં minimum damage થાય. Life ની અંદર. You are always in good mood. આ દશા આવે પછી જ than and than you can only go back Histoery and that process is same, and it is not to be done. It happens automatically. તમારું pending work તમે પતાવો. તમે કોઈપણ કાર્ય કરતાં હોવ, ટેબલ પર આટલી files હોય તો તમે પહેલા present file પતાવો પછી જ તમે પાછળની files tackle કરો. નહીંતર બે માંથી ક્યાંયના ન રહો.

એજ રીતે આ પણ એ રીતનું છે. પછી કરવું નથી પડતું automatic, સહજ બની જાય છે.

**આશિષભાઈ :** ગયા ભવનું તમને યાદ ન હોય તો ?

**ગુરૂજી :** તમને યાદ આવી જાય.

**આશિષભાઈ :** આવી જાય ?

**ગુરૂજી :** હા, તમે જેવી આ file delete કરો એટલે... એજ તો જ્ઞાનનું સ્વરૂપ છે. તમને એવું એવું યાદ આવે કે, તમને થાય ક્યાંથી આવ્યું ? તો આ એવું છે કે તમે file નો ઢગલો બનાવો. હવે તમે જે નીચે મુક્યુ છે એ તમને બહુ જરૂરી છે. તમને જરૂરી છે એટલે તમે file નીચે મુકી છે ને ભુલી ગયા. તમે આખી દુનિયામાં ગોતો પણ તમે નીચે ન ગોતો. Exactly આવું છે. જેમ ઉપરની file clean out થાય એટલે બધું યાદ આવે. નીચેની files અરે, મેં જ મુકી હતી. આ આમ હતુ, આમ હતુ, એની મેળે ખુલે, ખુલે કે નહીં ? Exactly આવું છે.''

**૭. પંકજભાઈ, આપણે ઘણી વખત સત્સંગ કરવા બેઠા હોઈએ અંદર અંદર તો ક્યારેક ઘણી જુની પુરાણી વાતો યાદ આવે ?**

જ. ગુરૂજી : ક્યારેય પણ પ્રશ્ન પુછો ત્યારે કોઈ દિવસ નામથી નહી પુછવાનો એટલે આ તમારો દોષ બની જાય છે. મારું નામ બોલશો, મને કંઈ ફરક નથી પડતો પણ તમે જે 'ગુરૂદેવ' શબ્દથી સંબોધન કરશો ને તો તમારી clarity, તમારા જ્ઞાનના આવરણ ફટાફટ ખુલશે.

આ ગુરૂદેવ શબ્દ એ મંત્ર છે. એ મંત્રનો ઉપયોગ કરો. જ્યારે ગૌતમ સ્વામી પરમાત્માને પ્રશ્ન પુછતા હતાં ને ત્યારે હે ભન્તે, હે ભન્તે, હે ભન્તે એમ કહેતા હતા. એમ નહોતા કહેતા, હે મહાવીર, હે મહાવીર, હે વર્ધમાન, હે વર્ધમાન, એમ શબ્દ પ્રયોગ નહોતા કરતા. એટલે આ એક વિનયભાવ છે અને જે કંઈ પણ તત્ત્વ છે એને તત્ત્વરૂપે અંદર લાવવું હોય ને તો એની આ વિધી છે, method છે.

આજે આપણે cheap શબ્દો વાપરીએ ને પંકજભાઈ, સર, સાહેબ પછી એજ રીતનું જ મળે. તમે પ્રશ્નો પૂછો છો, તમે સત્સંગી છો, સેવક છો એટલે તમારા ધ્યાનમાં દોરું છું, બાકી.......

'ગુરૂદેવ' શબ્દથી ઝુકાવ આવે છે, શરણભાવ આવે છે. શબ્દની અંદર એવી તાકાત છે એ તમારી અંદર સટોસટ ઘુસે છે ને દિવ્યતા રૂપે ઘુસે છે. બાકી પંકજભાઈને જોશો તો પંકજભાઈ જેવું ઘુસશે. It is very clear. આ વિજ્ઞાન છે.

પ્રાચીન પધ્ધતિની અંદર ગુરૂદેવ એટલે ભગવાન, સાક્ષાત ભગવાન અને આ ભાવ હોય ને ત્યાંજ વિદ્યા સ્ફુરે. ને સર ને ટીચર શબ્દો વાપરીયે તો એવું જ...... ટીચર ને ટીચર કહો એટલે ટીચ ટીચ થાય. સર કહો તો સર ફોડે. આ વિજ્ઞાન છે, આજ રીતે operate થાય.

**૮. મને હમણાં ચાર સેવક પુછી ગયા કે તમે બધા સેવકને એમ કીધું કે તમે બધા સેવકો બેઈમાન છો ?**

જ. એ પથરો હતો, શા માટે નો હતો ? જાગૃતિ માટેનો કે ભાઈ, જ્યાં છો તમે ત્યાંથી જાગૃતિ વધારવાની છે. એનો મતલબ એ નથી કે, તમે બધા બેઈમાન છો. બધા કટ્ટરગીરી કરો છો એવો એની અંદર ભાવ હોતો નથી. એની અંદર ભાવ એ છે, હવે જ્યાં ઊભા છો, કારણકે આ આખો જાગૃતિનો જ માર્ગ છે. Alertness level હવે વધારવાનું છે. એટલે એ કહેવામાં આવે છે elert is nothing but your level of honesty. Level of honest, for your own self.

# શ્રી પાવાપુરી યાત્રા

Foremost, Pawapuri is the most enlightening place. As I enjoyed very much in it doing bhakti of Lord Mahavir. The most importantly was the Deshna of 48 hours & it was the mose energetic one. It generated a lot of positivity & confidence in me.

Namo jinanam.

**Kunal Ramesh Jain - 07666282848**

પ્રભુ શ્રી મહાવીર સ્વામીની અસીમ કૃપાથી પાવાપુરી યાત્રાનો કરેલો નિર્ણય સફળ થયો. તેમાં શ્રી પંકજ સરની ૪૮ કલાકની સતત શ્રી મહાવીર સ્વામીની મોક્ષ કલ્યાણક ભૂમી પાવાપુરી પરની મેઘવાણી વરસતી સાંભળીને સૌ કોઈ ધન્ય ધન્ય બન્યા. નિર્વાણભૂમી પરના પરમાણું લેવાની કૃપા તેમણે આપણા સૌ પર અમી વર્ષા કરી. તેને લઈને સૌ કોઈ ગદ્દગદ્દ થતાની સાથે ભવભવની સ્વની નિર્વાણ યાત્રાની ચાવી મળી ગઈ. જીવન સફળ કર્યાની ૪૮ (અડતાલીસ) કલાકની સાધના માટે પ. પૂ. ગુરૂજીને જેટલા અભિવાદન કરીએ એટલા શબ્દો ઓછા પડે. જલમંદીર તેમજ ગુણીયાજીમાં પૂ. ગૌતમસ્વામીના કેવળજ્ઞાન ભૂમિના દર્શન યાત્રા કરતાં ધન્ય ધન્ય થયાં. એજ નમો જિણાણં સાથે...

**પ્રફુલ્લ વી. મહેતા – 9322270770**

મુંબઈથી પાવાપુરી સુધીની યાત્રા ખાટી-મીઠી રહી. પણ પાવાપુરીમાં આવ્યા પછી એ ટ્રેનની યાત્રા પણ ભૂલાઈ ગઈ. એટલા આનંદમાં ખોવાઈ ગયો. કેમકે સાહેબે મહાવીર ભગવાનની વાણી જે પૂરી ખોલીને સમજાવી જે આટલા વર્ષો સુધી કોઈએ કહી નહોતી જે પાવાપુરીમાં બે દિવસમાં સમજાવી દીધી. તેમજ સંગીતમય વાણીમાં તો એવો મશગૂલ થઈ ગયો કે બધુ જ ભૂલાઈ ગયુ અને પ્રભુમય બની ગયો. જો બે દિવસમાં મારી જીંદગીમાં સમજણ મળી તો સાહેબ તમારા પરમ સુખ પરિવારમાં જોડાઈ જવાનું મન થઈ ગયું. તેમજ આ પરિવારમાં મિત્રતાભર્યો આનંદ મળ્યો.

**વિનોદ પી. ગાલા – 7738301340**

મહાનુભાવો પહેલી વાત તો એ જ કરું મને આ ટુરમાં સમ્મેતશીખર જવાની હિમંત નથી ચાલતી. ઘરનાં કુટુંબીજનોએ જવાની હિંમત આપી. ઓજે હું એમને thank you કહું છું. ખરેખર જો ન આવત તો પાવાપુરીનો આનંદ માણવાનો રહી જાત. પાવાપુરીના બે દિવસનો સત્સંગ એ હું મારી જીંદગીમાં ક્યારે પણ ભૂલી નહિ શકું. દિવાળીના દિવસે જે ધૂન મચાવી હતી ત્યારે ખરેખર એમ લાગતું હતું કે મહાવીર ભગવાન સાચે આપણી વચ્ચે છે. એવા vibration પણ શરીરમાં થતાં હતાં. બધા સત્સંગીઓ પણ ખૂબજ ઉત્સાહમાં હતા. પંકજ સર તો સાચે જ ધૂનમાં બહુ મગ્ન હતાં. આંખમાંથી આંસુ આવી ગયા. મારી છપ્પન વરસની જીંદગીમાં આવી મહાવીર ભગવાનની ધૂનવાળી દિવાળી ક્યારે પણ જોઈ ન હતી .સાચે મને ખૂબ જ સમજાયું કે આપણે મહાવીર ભગવાન જેવા થવા માટે ઘણું ઘણું જ કરવાનું બાકી છે. હું એ કરીશ, મહાવીર સુધી પહોંચવું જ છે. એ મારો પાકો નિશ્ચય છે.

**રસીલા દેઢિયા – 9223237581**

સૌથી પહેલો સ્વાધ્યાય મારો છે પર્યુષણમાં. પૂજ્ય પંકજભાઈનું સ્વાધ્યાય સાંભળીને મને થોડું પરિવર્તન થયું. અને તે જ દિવસે જાત્રાની ઘોષણા કરી અને બીજે જ દિવસે મારી friend નીલમને ફોન કરી આ જાત્રામાં આવવા વિનંતી કરી, કેમ કે હું કોઈને ઓળખતી ન હતી. અને તે પણ મારી સાથે આવવા તૈયાર થઈ અને અહીં આવ્યા પછી પાવાપુરીનું જે સ્વર્ગ જેવું વાતાવરણ જોઈને હૈયુ ખૂબજ ભરાઈ આવ્યું. આવો સત્સંગ, આવી જાત્રા, આવી દિવાળી મારા સાંઈઠ વરસમાં પહેલી વાર જોઈ મન ગદ્દગદ્દ થઈ ગયું. મુંબઈ જઈશ એટલે મારી ૧૫ friends મારા જાત્રાની ખબર માટે રાહ જોવે છે. એમની સાથે એવી વાતો કરીશ કે એમને એમ થશે કે શીલા પુણ્યશાળી છે. એને સરસ લાભ લીધો છે. પાવાપુરી દિવાળી કરવાની ભાવના મહાવીર ભગવાનનો મોક્ષ કલ્યાણક, ગૌતમ સ્વામીનો નિર્વાણ કલ્યાણક આ પ્રસંગ પૂ. પંકજભાઈના સાનિધ્યમાં મને પ્રાપ્ત થયું. એના માટે હું તમારી બધાની ખૂબ આભારી છું.

જય જિનેન્દ્ર, નમો જિણાણં.

**શીલા દોશી – 9322227876**

''કુર્લા થી ગયા'' સુધી ટ્રેનમાં થયેલ અનુભવ કદાચ મારા જીવનમાં હંમેશ માટે યાદ રહેશે. આપણું આયોજન ખૂબજ સુંદર હતું.

પાવાપુરીમાં સરે કરાવેલ આધ્યાત્મક આયોજન જે અતિ સારૂ અને સુંદર હતું. પાવાપુરીની પવિત્ર ભૂમિ જે મહાવીર સ્વામીના પરમાણુંઓથી ભરપૂર છે. અને તે તમે કરાવેલ અડતાલીસ કલાકની શિબિરમાં અમે એટલા ભક્તિભાવથી લીન થઈ ગયા હતા. તે સમયે સર્વ કાંઈ ભુલી પ્રભુમય થઈ ગયા હતા. આપની સદંતર ચાલતી કલાકોની ધૂનમાં અમે સર્વકોઈ ભૂલી જતા, અને એટલા બધા પ્રભુમય અને ભક્તિમાં લીન થઈ જતાં કે એમ લાગતું કે અમે પંચમકાળ નહીં પણ ચોથા આરામાં જીવી રહ્યા છીએ. તેમજ પ્રભુજીની પ્રતિમાનાં બદલાતા ભાવો જોઈને હું ભાવવિભોર થઈ ગઈ. આપે કરાવેલ આધ્યાત્મિક આનંદ જે ક્યારે પણ ન ભુલી શકાય. હવે જલ્દી શીખરજી પહોંચી ત્યાં નવા અનુભવો માણવા જીવ આતુર થઈ રહ્યો છે. અહીં આવી જીંદગીમાં પ્રથમવાર ધર્મની સમજ અને ભગવાન મહાવીરની વાણી જે આપના માધ્યમથી જાણવા અને સમજવા અને અનુભવવા મળી તે ક્યારેય નહી ભુલાય. પરમાણુ વિશેની સમજ અને તે આપણે ગ્રહણ કરી શકીએ, પ્રભુને પ્રાર્થના કરી ફરીથી તેમના પરમાણુઓ મેળવી શકીએ તે અનુભવી શકીએ અને માની શકીએ તે પ્રથમવાર આપના સાનિધ્યમાં જાણ્યું. આપને મારા નમસ્કાર. આપના સેવકોની સેવા માટે મારા નમસ્કાર. જે તેમણે રાતદિવસ જોયા વગર સેવા આપી છે અસ્મરણીય છે.

નમો જિણાણં

**ભાવના એચ. ગાલા – 9323058078**

શુભેચ્છક : ૬

I felt the presence of God Mahaivra for continuous 48 hr. - continuous flow of Parmanu, specially on 2nd day after dinner, enterting through Sahastra Kshetra & feeling of very hot & sweating, physically. I felt entering of Paravani of Lord Mahaira. During Prabhu Kripa recieving & felt entering is a great experience by me & becoming laymay with Lord Mahavira. Statue of Lord Mahavira showing to me, the changing of face expression from the day 1 to day 2nd.

At Kundalpur also, I received the Guru kripa from Guru Gautamswamy in the form of extreme love from him & attraction from eyes also.

At Rajgrahi also, I experience grace from Lord Mahavira as laughing & Smiling at Munisuvrat Swamy Temple.

**Dr. N. J. Shah - 9869544820**

અદ્દભૂત, અદ્દભૂત, અદ્દભૂત......

પાવાપુરીમાં દિવાળી કરવી એ એક સ્વપ્ન (dream) હતું. જે અહીં આવી સાકારથ યું. Life ની સૌથી સુંદર, દિવ્ય, રોમાચંક દિવાળી હતી. ત્રણ મહિનાથી ૪૮ કલાકનું ઉત્તરાધ્યયન સાંભળવા તલપાપડ હતી. આટલી મોટી ચોપડી અને કેટલા સૂત્રો હશે ? એ પ્રશ્ન મનમાં હતો.

આ બધા સવાલો જ નહિ પણ જીવનમાં બીજા પણ કેટલા પ્રશ્નો હતાં. એ બધાના જવાબ automatically મળી ગયા. સાથે ધ્યયે મજબૂત થયો કે હું અહીં મહાવીર બનવા આવી છું. ગુરૂવાણીમાં એ દિવસે એટલો પ્રભાવ હતો કે એ flow માં ઉંઘ, થાક દૂર થઈ frashness feel કરવા લાગી. ગુરૂજીએ ખૂબજ સહજ અને લાપસી જેવી વાણીમાં ખૂબજ ગંભીર અને ટફ વાત easily ગળે ઉતારી દીધી. Literally પરિસરમાં ગજબના vibration હતા અને આ બદ્દુ ગુરૂવાણીનો પ્રભાવ હતો. Specially ગીતમ વિલાપનું વર્ણન એટલું heart touching હતું કે ગદ્દગદ્દ થઈ આસું વહેતાં હતાં. વર્ષોથી આ દિવસે દેરાસરમાં જઈ જાપ કર્યા છે. પણ અહીં જાપ, વાણી, પરમાણું બધું સાક્ષાત માણ્યા છે જે express કરવા કોઈ શબ્દોમાં તાકાત જ નથી. નવા વર્ષનું માંગલિક સાંભળવાનો લ્હાવો પણ નિરાલો હતો. જીવનનો સૌથી સુંદર અને યાદગાર પ્રવાસ.

**બીજલ વિશાલ શાહ – 9820845433**

આ યાત્રા જવાનું છે ત્યારથી એમ થતું કે યાત્રા તો ઘણીય કરી છે પણ આ પાવાપુરીમાં પંકજ સર જે ૪૮ કલાકની મહાવીરની અંતિમવાણી આપણને પીરસવાના છે એ ૪૮ કલાક કેવી રીતે બેસીશું. મન કેવી રીતે સ્થિર થશે, કેવી રીતે બેસાશે. કેમકે હું તો પહેલીવાર સરની વાણી સાંભળવા બેસવાની હતી. તેથી આટલા કલાકોના કલાકો કેમ બેસીશ એવા વિચારો આવતા હતા. પણ આતો અકલ્પનીય જાણે ચમત્કાર થયો. વાણીનો પ્રભાવ કે ટાઈમ, ભૂખ, તરસ કાંઈજ ખબર નહોતી પડતી. જાણે ભગવાન સામે જ બેઠા છે એવો ભાસ થતો. આવો પ્રભુમયલીન પહેલીવાર બન્યા. ભક્તિ યાત્રા પેહલા પણ કરી છે પણ આવી ગુરૂજી જે ભક્તિ કરી પ્રભુમય બન્યા એ તો શબ્દમાં વર્ણવા જેવું નથી. આતો સાક્ષાત અનુભવ માણવા જેવો હતો. આ ઉત્તરાધ્યયન સૂત્ર ફક્ત નામ સાંભળ્યું હતું પણ એનો ગુઢાર્થ જે સમજી શકાય એવી ભાષામાં સમજવા મળ્યું. યાત્રામાં જવાનું છે એનો આનંદ હતો પણ આ પ્રભુની અંતિમ દેશના સર આટલી સરળ ભાષામાં સંગીત સાથે સમજાવી. તેમજ મિત્રતાનો ભાવ બધા સાથે રહીને આવ્યો.

**વિશાખા ગાલા – 28635483**

There are no words to be written as it was only experience and not else. But can share our beautiful moment. At Kundalpur in the evening when we were doing jaap I had experienced a very beautiful moment. I experienced as if the next bhav is confirmed to be of Mukti. In the presence of my sadguru Pr. Pj. Gurudev Pankajji Guru Gautam has already realised in me & has given me enormous power which I could feel at that moment.

**Alpesh Shah - 9820212816**

પાવાપુરી પહોંચ્યા અને શરીરની અંદર એક રોમાંચ, આનંદનો અનુભવ થયો. આપણે જ્યારે ઉત્તરાધ્યયન સૂત્રની શરૂઆત કરી અને આનંદ વધતો ગયો. જ્યારે ધૂનની શરૂઆત થઈ ત્યારે જ હું ઘડી ઘડી મારો પગ હલાવવો પડતો હતો જે દોઢ કલાક માટે એકદમ સ્થિર થઈ ગયો. આખું શરીર હલન ચલન થવાનું જ બંધ થઈ ગયો. હું પોતે ક્યાં છું એની ખબર નહોતી પડતી. મુંબઈથી એજ ભાવ લઈને આવી હતી કે આ વખતે જાત્રા કરૂં અને ગુરૂદેવના એક એક શબ્દને હું આત્મસાત્ કરી જન્મ અને મરણના ફેરામાંથી મુક્ત થઈ આત્મ કલ્યાણ કરૂં. અને મને સંપૂર્ણ ખાત્રી થઈ ગઈ છે કે મારૂં આત્મ કલ્યાણ થશે જ. કારણ ઉત્તરાધ્યયન સૂત્ર વખતે જેટલી વખત ધૂન થઈ છે એમાં એકદમ લીન બની જતી. ગૌરમ સ્વામીનું જ્યારે આવ્યું ત્યારે તો વળી કાંઈક અલગજ દશા હતી. રાજગૃહીમાં આવ્યા ત્યારે પ્રભુકૃપામાં પરમાત્મા જોડે વાત કરતી તો વિચારધારા આખી અલગ જ થઈ ગઈ.

**હેમલતા ચંપક દેઢિયા – 9322013409, 27823011**

From my childhood there were many question in my mind about our dharma and Lord Mahaivr. I got my answer in Uttrayan Sutra and my Diwali was very special because I was at A-Papapuri (mean a with pure soul).

**Usshmita - 9321003939**

દર વર્ષે દિવાળી ઓ છે એને ઉજવીએ છીએ પણ આ વર્ષે દિવાળીમાં પાવાપુરી આવવાનો યોગ થયો. પ્રભુ મહાવીરની નિર્વાણ ભૂમિમાં અને ત્યાં આગળ પ્રભુ મહાવીરે આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં ૪૮ કલાકની દેશના આપી હતી જે છેલ્લી દેશના હતી. એવી જ રીતે તે જ ભૂમિમાં પંકજ સરે એવી જ રીતે

શુભેચ્છક : ફ

૪૮ કલાક દેશના આપી હતી, જે પ્રયોગ તેમણે કર્યો હતો તે પહેલા ક્યારે પણ સાંભળ્યો પણ ન હતો અને કર્યો પણ ન હતો. એવો અદ્દભુત અનુભવ થયો હતો જ્યારે તેમણે સમજાવ્યું હતું કે પ્રભુ મહાવીરે જ પુદ્દગલ-પરમાણુંઓ છોડ્યા હતા તે આપણે ગ્રહણ કરી રહ્યા છીએ અને વાસ્તવમાં પરમ આનંદનો અનુભવ થયો હતો. અને એવી લાગણી ઉત્પન્ન થઈ હતી કે તે પરમાણુંઓ અંદર આવી રહ્યા છે. ક્યારેય ન કર્યો હોય એવો અદ્દભૂત અનુભવ હતો. તમને ખાસ વિનંતી છે કે આવા પ્રયોગ દર વર્ષે કરતા રહો જેથી ઘણાં જીવો લાભ લઈ શકે. દરેક કાર્યકર્તાઓએ ખૂબજ જહેમત ઉઠાવી છે તેમનો દિલથી આભાર.

**ભાવના કોરડીયા – 9833753221**

મારા જીવનમાં ૪૮ કલાકની શિબિર એ પ્રથમ હતી. સરે કરાવેલ પ્રતિક્રમણ એ પણ મારી માટે આશ્ચર્યજનક હતું. એમની જે સ્તવનની ધૂન હતી એ mind blowing હતી. એમની ધૂનમાં અમે પણ એવા તરબોળ થઈ જતાં હતાં કે કેટલો સમય જતો રહ્યો તેની ખબર પડતી ન હતી. અમે એ ધૂનમાં લીન થઈ જતાં હતાં. રંગમંડપની રચના જે બનાવવામાં આવી હતી અને મૂર્તિ (મહાવીર સ્વામી)માં જે પ્રાણ પૂરાયેલા હતાં તેનું હું વર્ણન નથી કરી શકતી. કારણકે એ મૂર્તિને જોઈને એવું લાગતું હતું મહાવીર સ્વામીના આંખમાંથી અશ્રુની ધારા વહી રહી હતી એવો મેં અનુભવ કરેલ. અને એમના જે પરમાણું વહી રહ્યા હતા એ direct અમને મળી રહ્યાં હતાં. અને પંકજ સરનાં પરમાણું પણ અમને direct મળતાં હતાં. અને સાથે સાથે ચતુર્વિધ સંઘના પરમાણું ભળતા અમારા કરેલા કર્મોનો ક્ષય થઈ ગયો હશે એવું મને લાગી રહ્યું છે. અને બાજુમાં રાખેલ સીમંધર સ્વામીની મૂર્તિ કે જેના ભાવ જોઈને આપણે પણ ભાવમય બની જતા હતા. આખું વાતાવરણ પ્રભુમય બની ગયું હતું. તમારા સેવકોનું આયોજન અતિ સુંદર હતું. એમની માટે મારી પાસે કોઈ શબ્દો નથી. બધાની માટે thanks.

**મંજુ દિનકર ગોગરી – 9869424898**

'नमो जिणाणं' शब्द पहली बार भी सुना और देखा वो भी टोपी में । मुझे लगा ये शब्द किस धर्म का संमत करता है, ये है क्या ? सच में पावापुरी की परम पावन धरा पर आते श्री 'पंकज सर' के सानिध्यमें उसका सही अर्थ और भाव समझ में आ गया । बहुत ही अद्भूत और चमत्कारिक प्रयोग था । ४८ घंटेकी देशना और निर्माण उत्सव का महत्त्व ! पहली बार मैने इतनी अच्छे ढंग की संगीत शैली में धर्म के (महावीरकी) वाणी का उपदेश सराहनीय है और मेरे जीवन कि अभी तक के समय की पहली यात्रा यादगार बन जायेगी । आज मैं अपनी सहेली शीला को धन्यवाद देती हूँ जिनकी प्रेरणा से मुझे आप की वाणी और सभी नए भाई-बहनों को जानने और पहचानने का मौका मिला । मैं थोडे में जान गई कि मूझे किसीके मामले में नही पडना है और नही लाना है बस !

अच्छी शुभ कामनाओं के साथ

नमो जिणाणं

**नीलम अजय ललाटी – 23641773**

## શ્રી સમ્મેતશિખરજી યાત્રા

Namo Jinanam.

Samet Shikharji Yatra was ultimate experience of my life. I understand real meaning of doing 'yatra'. I enjoyed Ratri Bhavna (Night pray) on Shikharji & experienced the presence of GOD in my self.

Looking forward for 'Man Sarovar' yatra with Gurudev.

**Ramesh Savla - 9702016762**

આવી યાત્રા જીંદગીમાં કોઈએ ક્યારેય નહી કરી હોય એવી આ યાત્રા હતી. આ જીંદગીનાં એક પરમ આનંદની સીમા પર પહોંચવાનો અનુભવ કર્યો. આ યાત્રા અમે ત્રણ પડાવથી કરી. પહેલા પડાવ પર અમે જે પણ બીજાના દોષો જોવાની જે આદત પડી હતી તેને અમે ત્યાં જ ડાટી દીધી. અને મારી નવી દ્રષ્ટિ કેળવી મારા દુઃખનું કારણ મારા જ કરેલા દોષો છે. એ રીતે જોવાની ટેવ પાડી. બીજા ઉપર આરોપ ન મૂકતાં અંતઃકરણ તરફ દ્રષ્ટિ કેળવી. બીજા પડાવ સુધી પહોંચતા અમે care and share ની ભાવના કરવી. જે પણ જીવ આવે ઝાડ પાન સૌની સાથે 'નમો જિણાણં જીઅ ભયાણં'ના ભાવ કરતાં કરતાં અમે આગળ વધ્યા. શિખરજી જ્યાં ૨૦ તિર્થંકરોની નિર્વાણ કલ્યાણક ભૂમિ છે, એ પરમાણું ગ્રહણ કર્યા. સાધના કરી, ભાવના ભાવી અને બધાજ યાત્રાળુને નમો જિણાણં કરતાં અમે નીચે આવ્યા. અમે સૌએ તિર્થંકરોની કૃપા લીધી અને નિર્ણય કર્યો કે અમે પણ જ્યાં સુધી અમારું નિર્વાણ ન થાય ત્યાં સુધી પ્રભુએ બતાવેલી સાધાનામાં રહીશું જ.

અમારા પ.પૂ. પંકજભાઈ ગુરૂજીએ અમને આ પ્રભુ તિર્થંકર માર્ગ જે પ્રભુએ જણાવ્યો છે તે સમજાવ્યું અને એ માર્ગ પર ચાલવું અને પરિણમન કરવું એ આપણાં જ હાથમાં છે એમ સમજાવ્યું. આવા ગુરૂજીને કોટી કોટી ધન્યવાદ જે યાત્રા કરાવતાં કરાવતાં જીવનની યાત્રા કરાવતાં જાય. અને મર્મ સમજાવતા જાય. પ્રભુજીની કૃપાથી જ અમને આવા પરમ કૃપાળુ ગુરૂની કૃપા અમારા પર થઈ છે માટે મારા પ્રભુજીને કોટી કોટી ધન્યવાદ.

**''બીન ગુરૂ જ્ઞાન કહાં સે પાઉં,**
**દીજો જ્ઞાન પ્રભુ ગુણ ગાઉં.''**

પૂ. ગુરૂજીના બતાવેલ માર્ગ પર ચાલીશ તો હું જરૂર ભગવાન બનીશ, હું પરમાનંદ બનીશ.

**ભાવના કંપાણી**

મારી life માં પહેલીવાર - 1994 યાત્રા કરેલી. પૂજા દરઆશન કરી સાંજે ૬.૦૦ વાગે પાછા આવી ગયેલા. પરંતુ આ વખતનો માહોલ જુદો જ હતો. ત્યાં આગળ સાંજના ૬.૦૦ થી રાત્રીના ૧૨.૦૦ વાગ્યા સુધી ભક્તિ કરી. ત્યાંના ૨૦-૨૦ તિર્થંકરોની નિર્વાણ ભૂમીના પરમાણુંનો પ. પૂ. પંકજભાઈએ કરાવ્યો તે ક્યારેય કર્યો ન હતો. તે દિવસની સંધ્યા ન ભૂતકાળમાં ક્યારેય થઈ ન ભવિષ્યમાં થશે. આવા પવિત્ર સ્થાનમાં રાત્રી વાસો, સંધ્યા

ભક્તિનો અનન્ય લ્હાવો ક્યારેય ફરી મળશે કે કેમ ?

પ. પૂ. પંકજભાઈએ બધી જ જગ્યાએ આધ્યાત્મિક દર્શન તથા તેની સમજણ ભક્તિગીત આવો માહોલ ફરી સર્જાશે કે કેમ. Only very lucky person cam get such opportunity to see & experienced.

Thanks God, Thaks Pankajbhai, Thanks to my luck.

**Meena P. Shah - 9867886539**

લછવાડની યાત્રા શરૂ થઈ ભગવાનની દીક્ષા કલ્યાણકથી. ત્યાં બેસીને મહાવીરના જાપ કર્યા. નવા જાપ સાથે આત્મીયતા થઈ અને અંતરનો પ્રવાસ શરૂ થયો. રસ્તામાં કુદરતી સૌંદર્ય, પાણીનાં ઝરણા, greenary બહુજ beautiful હતી. ત્યાં પ્રભુના જન્મસ્થાનમાં મંદિરમાં દર્શન કરી, ઝાડ નીચે બેસીને બીજો અદ્દભુત અલૌકીક જાપ થયો. અંતરનો પ્રવાસ થોડોક deep થયો. ત્યાર પછી સાધર્મિક ભક્તિનો લાભ થયો. ત્યાં લોકોનાં દુઃખ અને દરિદ્રતા સ્પર્શી ગયાં. નિર્ણય કર્યો કે, આ ભવમાં કોઈ પણ જાતની બેઈમાની કરીશ તો આવતો ભવ આ જગ્યા પર તૈયાર છે. લછવાડની યાત્રા પૂર્વ તૈયારી થઈ સમ્મેતશિખર જવા માટે. સમ્મેતશિખરની યાત્રા તળેટી (ભોમીયાજીની આજ્ઞા) લઈને કરી. શરૂઆત અતી ઉત્તમ પ્રકારે થઈ. રસ્તામાં કુદરતી સૌંદર્ય, ઠંડા પાણીના ઝરણા, જંલગમાંથી પસાર કર્યું. પૂર્વ જે લોકો સાથે ઝઘડા, અનબન, થોપવાપણું વગેરે કર્યું હતું, તે બધા લોકોનએ એક એક કરીને મુક્ત કર્યું. પોતાની ભૂલ સમજાણી અને નિર્ણય કર્યો ફરી આવી ભૂલો ન કરવી. જલમંદિરના દર્શન કરી terrace ઉપર ચોપાટીની મજા માણી. આરામ કરવા ન મળ્યું પણ સાંજના જાપ કરી એન નવી શક્તિ સ્ફુર્તી આવી ગઈ. બીજા દિવસે ૨૦ ભગવાનની ભક્તિ, ગુણસ્તુતી, પહેલાની તીર્થંકર વંદનાવલી કરતા જુદી હતી. કૃપા કરો, કૃપા કરોની ધૂન અદ્દભુત હતી. પાવાપુરી અને સમ્મેતશિખરજીની યાત્રામાં નવા કેટલાક મંત્રો ગુરૂજી પાસેથી મળ્યા અને હજી આગળ મળવાનાં છે. નવા મંત્રોએ મને lift કરાવી દીધાં. ઝરણા પાસે કુદરતી પાણી પીધું અને ગુરૂજી સાથે નિસર્ગના મંત્રો અમે બધાએ મળીને ત્યાં ગાયા.

**નિતીન એસ. બુરીચા – 9869052507**

પરમ સુખ દ્વારા જ ભાવ યાત્રા કરી શકાય. અમો જે practical સમતાના શીખર (સમ્મેતશીખર) પર કેવી રીતે પહોંચાય તેનો પ્રણ મેં અનુભવ લીધો. અને સાંજે જે અમોએ ભક્તિ કરી તે વાતાવરણ ખરેખર આનંદમય હતું. થોડા મને ઝોકા આવતા હતા. પણ ભક્તિનો લ્હાવો પણ લેતી હતી. અમો રાત રોકાયા હતા પણ અમોને તે જંગલ એટલે શું ? તેનો પણ જીવનમાં અનુભવ લીધો હતો. Law of nature એટલે શું ? તેનો સાક્ષાત અનુભવ કર્યો.

બીજા દિવસે અમો બહેનો બધા સાથે હતા. ઠંડી તો કહે મારું કામ નહી. અમારા રૂમમાં વીણાબેન કે જે સેવક છે તે બધાને પ્રેરણા કરતાં હતાં કે તમે આ ભૂમિ પર ક્યારે આવશો વાસક્ષેપ પૂજાનો લાભ લો ! અને મને થયું કે ખરેખર મારે પણ તે લાભ લેવો જોઈએ. અને તરતજ તેવી ઠંડીમાં પૂજાના કપડાં પહેરીને વાસક્ષેપનો લાભ લિધો. અને એવી નીરવ શાંતિમાં પ્રભુજીને સાથે દસેક મિનીટ વાત કરી. પૂ. ગુરૂજી સાથે ભક્તિ કરી. ખરેખર આ અનુભવ મારી જીંદગીનો અવર્ણનીય કહી શકાય. ધક્કામુક્કી બિલકુલ નહી અને આવી મોટી જાત્રા કરી પણ તેનો થાક અમોને વર્તાતો નહોતો.

નમો જિણાણં.

**હર્ષા કંપાણી – 9821313813**

મારો આજનો દિવસ અર્થાત્ તા. ૧૭-૧૧-૧૨ સમ્મેતશિખર યાત્રા ક્યારેય નહીં ભુલું કારણકે મારો જન્મદિવસ દરરોજ થાય છે. પરંતુ જો આ પૃથ્વી પર પ્રથમ શ્વાસ પણ ૧૭-૧૧ ના જ લીધેલો. આવી life માં મારો જન્મ દિવસ ક્યારેય ન ઉજવાય તેવો આ ૨૪ કલાક ૨૦ તિર્થંકરોની નિર્વાણ ભૂમિ પર સુંદર મજાની યાત્રા – સાંજ-રાત્ર ૬.૦૦ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી દહેરાસરમાં ભક્તિ ગીત – પ.પૂ. ગુરૂના સાંનિધ્યમાં આ મારા માટે અવર્ણનિય હતો. મારી life માં પહેલી વખત આટલા કલાકો ભક્તિમાં હું પ્રથમ વખત રહ્યો છું. મારી ધર્મપત્ની મીનાની પ્રેરણાથી આવ્યો અને મારે માટે આ દિવસ અલૌકિક બની ગયો. ભલે હું પ્રત્યક્ષ આવતો નથી પણ પ્રભુ કૃપા, પાંચ ભાવના મારામાં સતત ચાલુ હોય છે. હું પ્રત્યક્ષ આવ્યો અને અનુભવ કર્યો. પ.પૂ. પંકજભાઈને હું પ્રત્યક્ષ/મનોમન ખૂબ જ ધન્યવાદ આપું છું. Thank God પાર્શ્વનાથ ભગવાન. Thank God Guruji Pankajbhai.

**પ્રદીપ આર. શાહ**

''પરમ સુખ'' મારા માતે તો તદ્દન અજાણ હતું. પણ પ્રથમ દિવસથી જ મને બીલ્કુલ અહેસા થયો ન હતો. જાણે મને એક મારા પરિવાર સાથે જ જાત્રા કરી હોય એવું લાગ્યું. દરેક સેવકનો સહયોગ પણ એટલો જ મળ્યો. બસ હવે એમ થાય છે કે તમારા નવકાર મંત્રની શિબીર જલ્દીથી શરૂ કરું જેવી વિશેષ આનંદની અનુભુતી થાય. અને હવેથી તમારા પરિવારમાં હું સભ્ય બની જાવ છું.

**દિપક સંઘવી – 9820223323**

સમ્મેતશિખરજી જાત્રા કરીને ખૂબ જ આનંદ થયો. ખરા અર્થમાં જાત્રા થઈ. પ્રભુજીની સમક્ષ થયા અને સમતાના શિખર ઉપર આપણે જવાનું છે, એજ આપણી અંદર પ્રગટ કરવાનું છે. આ તીર્થંકરની નિર્વાણ ભૂમિમાં એમના પરમાણું આપણી અંદર ગ્રહણ કરીને ગુણ પ્રગટ કરવાનો છે. એવું સમજમાં આવલ્યું. યાત્રા સમજપૂર્વકની થઈ.

**અદિતી સાવલા – 28332225**

સમ્મેતશિખરની યાત્રા મને ખૂબ જ સારી લાગી. જૈન ઈતિહાસમાં આ પ્રથમ જ વાર આવું જોવા મળ્યું છે. ખરેખર, સારો અનુભવ રહ્યો.

આવા આયોજનો, શિબીરો, મંત્રો અનુષ્ઠાન સાધનાનાં કાર્યક્રમો થતાં રહે. આપનું કેન્દ્ર દિન દુગની રાત ચૌગની તરક્કી કરો એવી અભિલાષા સાથે આપનો તબલચી અશોક.

**અશોક (તબલાવાદક) – 9769889665**

શુભેચ્છક : ફ

મહાવીર સ્વામીની નિર્વાણ ભૂમિ ઉપર ત્યાંના પુદ્દગલ ગ્રહણ કરી, સમ્મેતશિખરની ૩૬ કલાકની યાત્રા પણ બહુજ અલૌકિક થઈ. ઉપર ચડતા ચડતા ગમા–અણગમાના પુદ્દગલ છોડતા પ્રકૃતિને માણતા જલમંદિર પહોંચ્યા. જ્યાં એવી રસબોળ ભક્તિ થઈ, પ્રભુકૃપા વહેતી જ હતી. સદ્દગુરૂની કૃપા સાથે જે પુદ્દગલ ગ્રહણ કરવા માટે રાહ દેખાતી એતો એક વિશેષ હતો. સમાધી માટેની રાહ જે દેખાડી, અને અનંતર યાત્રામાં જે આનંદ પ્રગટ્યો એ અલૌકિક હતું.

**હેમલતા એન. શાહ – 25013745**

પાવાપુરીમાં બે દિવસ સતત મહાવીર ભગવાનની અંતિમ વાણીનો જે આનંદ માણ્યો અને સતત ૪-૪ દિવસના જાગરણથી પણ જરા પણ થાક લાગ્યો નહીં. એ બધી ગજબની પ્રભુકૃપા અને ગુરૂકૃપા અને સમ્મેતશિખરજીની યાત્રાનો અનુભવ તો અલૌકિક છે કે એમને મહાવીરના કેવળજ્ઞાનની ભૂમિ પર રાત રોકાવાનો જે લાભ મળ્યો અને એમની ભક્તિ જે અમારા ગુરૂજીએ રાત્રીના અને સવારના ૧ કલાક ૨૦ તીર્થંકરની જે ભાવયાત્રા કરાવી અને આવી પાવનભૂમિના જે અમને પરમાણું મળ્યા એવી અમારા ગુરૂજીની ખૂબ ખૂબ કૃપા. ગુરૂકૃપા અને પ્રભુકૃપા સિવાય આ બધું અશક્ય છે.

નમો જિણાણં.

**તરલા વોરા – 9967001796**

તા. ૧૭-૧૧-૧૨ સમ્મેતશિખરજી યાત્રાનો અકલ્પનીય દિવસ. બધા સત્સંગીઓ તેમજ અમારા ગુરૂજી સાથે સત્સંગ માણતાં માણતાં ૨૦ તીર્થંકરોની નિર્વાણ ભૂમિ પર આનંદ માણતાં પહોંચ્યા અને રાત્રે જે ગુરૂજીએ ૬.૦૦ વાગ્યાથી રાતના ૧ વાગ્યા સુધી ભક્તિની જે ધૂન મચાવી એમાં ભગવાન બનવાનો નિર્ણય વધારે મજબૂત બન્યો. બધા સત્સંગીઓ ભક્તિરસમાં મસ્ત બની અને પરમ આનંદનો અનુભવ કર્યો. મારા જીવનમાં ક્યારેય પણ મેં આટલી ભક્તિની ચરમસીમા જોઈ નહોતી. ખરેખર મારા અંતરના દ્વાર ઉઘડી ગયા. હે પાર્શ્વનાથ પ્રભુ, તારો ખૂબ ખૂબ આભઅર કે અમને આવા સદ્દગુરૂ મળ્યા અને અમારો જન્મારો સફળ થઈ ગયો.

**વિમળા એચ. શાહ – 9920925689**

My experience of life was very different from others. When we were of Jal Mandir in Sametshikhar on mountains my Guru he spoke songs we called Bhakti I went so deep in my heart and I can see all 20 Tirthankar I love the bhakti very much.

**Vaibhavi Dedhia - 25128813**

સમ્મેતશિખરજીની જાત્રાનો અનુભવ ઘણો જ આનંદવાળો રહ્યો. જાત્રાનો ખરો અર્થ અહીં જાણવા મળ્યો. અહીં ૨૦ તીર્થંકરની નિર્વાણ ભૂમિ છે. અહીં પરમાણું ગ્રહણ કરવાનું શીખવા મળ્યું અને હકિકતમાં જાત્રા કરવાનો સાચો અર્થ સમજાયો. પરમાણુ ગ્રહણ કરવાથી આપણી અંદર આત્મવિકાસ થાય છે અને negative પરમાણું બહાર નીકળી જાય છે એ સમજવા મળ્યું. અહીં હૃદયથી લીધેલા નિર્ણયો પાર પડે છે. અવર્ણનીય આનંદનો અનુભવ થયો.

**જયંતીલાલ કે. સાવલા – 9821683846**

પરમ ઉપકારી અરિહંત પરમાત્માના ચરણોમાં કોટિ–કોટિ વંદના. પરમ ગુરૂ ગૌતમસ્વામિને કોટિ વંદના. અને અમારા પરમ ઉપકારી અરિહંત કૃપાવંત સત્‌ગુરૂ પૂ. પંકજ ગુરૂને અમારા કોટિ–કોટિ વંદના હોજો. આ શિખરજીની જાત્રા તો અમારા અધ્યાત્મ જીવનનો અનેરો લ્હાવો હતો, જેનો કોઈ શબ્દોમાં વર્ણન જ નથી થઈ શકતો. બસ ઘૂંટ પીયા કરૂં, બસ પીયા કરૂં. એમાં એક એક સમયે માનો જીવનના સાર્થકતાનો આનંદનો અખૂટ ઝરણો વહી રહ્યો હતો. અમારા જીવનમાં જ્યારથી સત્‌ગુરૂની હાજરી છે માનો જીવન જીવવાનો અનેરો લ્હાવો અને એમની હાજરીની જે કરૂણતા, પ્રેમ અને સાર્થકતા મળી રહી છે બસ જીવનમાં હવે કોઈ ઈચ્છા રહેતી જ નથી. જે છે તે ઉપકારી ગુરૂજીના કૃપાએ ને પરમ પુરૂષની કૃપાએ જ મળી રહ્યું છે ને બસ આજ પૂ. ગુરૂજીનો સંગાથ જ્યાં સુધી મુક્તિ પદને ન પામીએ ત્યાં સુધી આ પંચમકાળના ‘મહાવીર’નો સંઘ અરિહંત પરમાત્માની હાજરીમાં જ રહીને જીવન ચાલતું રહે એજ આશા સાથે, એક–એક ભાવોની જે ધારા વહેતી હતી ડુંગરે પહોંચ્યા પછી ત્યાં તો માનો શાશ્વત સુખને મુક્ત વિહાર શિવાય કંઈ જ ન હતું. આ પ્રભુની રચનાનો અનુભવ માનો અવર્ણનીય હતું. સૌથી વિશેષ મોટી જાત્રા પ્રથમ વખત જીવનનો લ્હાવો એ તો અનંત ભવોનો પુણ્યોદય હતો કે આવો મોકો મળ્યો. બસ આ પ્રકારે અનુકુલતા મળી રહે ને સાધનાના મારગે આવા લ્હાવા ને સાનિધ્ય મળતું રહે.

**વીણા વિનોદ વોરા**